પાના -૮, કિંમત રૂ.૨, તા. ૩૧-૦૩-૨૦૨૫- સોમવાર, સુરત
સાંધ્ય દૈનિક



# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૯૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫
www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ટ્રમ્પની બોંબમારાની ધમકી સામે ઈરાને મિસાઈલો સજ્જ કરી

## અમેરિકાના હુમલાની ચીમકી અંગે ઈરાને અપનાવેલું આક્રમક વલણ

**વોશિંગ્ટન,તા.૩૧**

વિશ્વમાં હાલ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે અન્ય બે દેશો વચ્ચે પણ યુદ્ધ છેડવાના સંકેત મળી રહ્યા છે. જેમા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને નવા પરમાણુ કરાર માટે આપવામાં આવેલી કડક ચેતવણી બાદ ઈરાન ભડક્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કહેવામાં આવ્યું છે કે જો પરમાણુ કરાર માટે સંમત નહીં થાય તો તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે.





જેમાં મોટા પાયે બોંબમારો અને આર્થિક દબાણનો સમાવેશ થાય છે.

જોકે, ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી બાદ ઈરાનને પણ આક્રમક વલણ અપનાવ્યું છે. જેમાં ઈરાન હવે મિસાઈલ છોડવા માટે તૈયાર હોવાના મીડિયા અહેવાલ પ્રકાશમાં આવ્યા છે. મીડિયા અહેવાલ મુજબ ઈરાને તેના ભૂગર્ભ મિસાઈલ શહેરમાં બધા લોન્ચર્સ લોડ કરી દીધા છે અને હુમલો કરવા માટે તૈયાર છે. કારણ કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે જો તે તેના પરમાણુ કાર્યક્રમમાં સમાધાન નહી કરે તો દેશ પર બોંબમારો કરશે. જોકે, મિસાઈલ હુમલા અંગે ઈરાન દ્વારા સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

આ પૂર્વે હાલમાં જ ઈરાને ટ્રમ્પ સાથે વાત કરવાનો ઈનકાર કર્યો છે. આ ઘટનાક્રમ એવા સમયે પ્રકાશમાં

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ
ઈદ મુબારક
આજરોજ ઈદ-ઉલ-ફિત્ર નિમિતે 'પ્રતાપ દર્પણ' દૈનિક સર્વે મુસ્લિમ બિરાદરોને હાર્દિક મુબારકબાદી પાઠવે છે.
-લિ.વ્યવસ્થાપક

## ઈરાન બાદ યુક્રેનને ખરાબ પરિણામો ભોગવવાની ટ્રમ્પે ચીમકી આપી

**વોશિંગ્ટન,તા.૩૧**

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલાં યુદ્ધમાં શાંતિ સ્થાપિત કરવા સક્રિય કામગીરી કરી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને રેર અર્થ ડીલમાંથી પીછેહટ ન કરવા સલાહ આપી છે. તેમજ જો પીછેહટ કરી તો તેના ખરાબ પરિણામો ભોગવવાની ચીમકી પણ આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે, યુક્રેન ક્યારેય પણ નાટોમાં સામલે થઈ શકે નહી.

યુક્રેનની નાટોમાં સામેલ થવાની મહત્ત્વાકાંક્ષાઓના કારણે રશિયા સાથે સર્જાયેલા યુદ્ધ પર પૂર્ણવિરામ મૂકવા ટ્રમ્પ, પુતિન, ઝેલેન્સ્કીએ કેટલીક શરતો મૂકી છે. જેમાં અમેરિકા ૩૫૦ અબજ ડોલરમાં યુક્રેનના દુર્લભ ખનિજ સ્રોતો પર કબજો મેળવવાની રેર અર્થ ડીલ કરવા માગે છે. ટ્રમ્પે આ ડીલ પર ભાર મૂકતાં ઝેલેન્સ્કીને ધમકી આપી છે કે, યુક્રેનના અધિકારી વર્તમાન ખનિજ સોદાની સમીક્ષા કરી રહ્યા છે. ઝેલેન્સ્કીએ અગાઉ આ ડીલ કરવા માટે સહમતિ દર્શાવી હતી. પરંતુ હવે તે પીછેહટ કરવા માગી રહ્યા છે. જો તેમણે આ કરાર પર હસ્તાક્ષર કરવાનો

અનુસંધાન પાના ૭ પર

શ્રદ્ધાંજલિ

સ્વ. બાલુભાઇ બાબરભાઇ પટેલ(સોંદલાખારા)
જન્મ તા. 02-01-1940 સ્વ. તા. 30-03-2018



તેઓ હંમેશા વિશ્વાસ, હિંમત, ધૈર્ય અને શકિતથી ભરેલા હતા
તેમને ક્યારેય ભૂલી ન શકાય.
ભાવભરી શ્રદ્ધાંજલિ

ગં. સ્વ. જયકોરબેન બાલુભાઇ પટેલ
રાજેશ બાલુભાઇ પટેલ
અનિલ બાલુભાઇ પટેલ
તથા પટેલ પરિવાર

ઈમેજ પબ્લીકેશન
પ્રતાપ દર્પણ

ઈમેજ પ્રિન્ટર્સ

## દેશભરમાં ઈદ-ઉલ-ફિત્રની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી

### ઈદની શુભેચ્છા પાઠવતા વડા પ્રધાન મોદી

**નવી દિલ્હી,તા.૩૧**

આજે દેશમાં ઈદ-ઉલ-ફિત્ર (મીઠી ઈદ)નો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. મસ્જિદો અને ઈદગાહમાં ઈદની નમાજ અદા કરવાનો સમય અલગ અલગ હોય છે. લખનૌના ઐશબાગ ઈદગાહમાં પણ મહિલાઓ નમાજ અદા કરી હતી. આ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ઈદની શુભેચ્છા પાઠવી છે. તેમણે લખ્યું- ઈદનો તહેવાર આપણા સમાજમાં આશા, સંવાદિતા અને દયાની ભાવનાને વધારશે. તમારા બધા પ્રયત્નોમાં આપને સુખ અને સફળતા મળે. ઈદ મુબારક!

વારાણસીની જામા મસ્જિદમાં એક સાથે મોટી સંખ્યામાં નમાજીઓ પહોંચ્યા. આ કારણે બધા લોકોને મસ્જિદમાં નમાઝ અદા કરવા માટે જગ્યા મળી નહી. આ પછી કેટલાક લોકોએ સીડીઓ પર ઈદની નમાજ અદા કરી.

વક્ફ બિલના વિરોધમાં કાળી પટ્ટી પહેરેલા લોકો મધ્યપ્રદેશની રાજધાની ભોપાલની ઈદગાહ મસ્જિદમાં નમાજ અદા કરવા પહોંચ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

## ટેરીફથી બચવા માગતા દેશો યુએસ સાથે કરાર કરે : ટ્રમ્પ

### તા.૨ એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લાગુ થતા પુર્વે અમેરિકી પ્રમુખનું સૂચક વિધાન

**વોશિંગ્ટન તા.૩૧**

જેવા સાથે તેવાની નીતિ અપનાવીને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશોમાં ૨ એપ્રિલથી રેસીપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી છે પરંતુ હવે થોડા ઢીલા પડયા હોય તેમ એમ કહ્યું છે કે ટેરિફથી બચવા માંગતા હોય તે દેશો અલગ કરાર કરી શકે છે.

૨ એપ્રિલથી રેસીપ્રોકલ ટેરિફ ઝીંકવાની ટ્રમ્પની જાહેરાતથી ભારત સહિતના દેશો મીટ માંડીને નવો વ્યુહ તૈયાર કરી રહ્યા છે તેવા સમયે ટ્રમ્પે એમ કહ્યુ હતું કે જે દેશો અમેરિકી ટેરિફથી બચવા માંગતા હોય તેઓ અલગ કરાર માટે વાટાઘાટો કરી શકે છે અને તે માટે તૈયારી છે.

તેઓએ ઉમેર્યુ કે ૨ એપ્રિલથી ટેરિફ લાગુ પડયા પછી પણ અલગ કરારની વાટાઘાટો કરવા માટે વ્હાઈટ હાઉસના દરવાજા ખુલ્લા જ રહેશે. મેડીકલ ક્ષેત્ર પર પણ આકરા ટેરિફનો ગર્ભીત ઈશારો

અનુસંધાન પાના ૭ પર

## સોનાના ભાવમાં માત્ર એક વર્ષમાં ૩૮ ટકાનો જંગી ઉછાળો આવ્યો

### ટ્રમ્પ ટેરીફના ભયને પગલે સોના-ચાંદીના ભાવો અભૂતપૂર્વ ઊંચાઈએ

**નવી દિલ્હી,તા.૩૧**

ટ્રમ્પનાં ટેરિફ ટેરર વચ્ચે બીજી એપ્રિલથી ભારત સહિત દુનિયાભરનાં દેશોમાં ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે તે પૂર્વે સોના-ચાંદીના ભાવોમાં જબરજસ્ત તેજી છે. વિશ્વ બજારમાં આજે ભાવ પ્રથમવાર ૩૧૦૦ ડોલરને વટાવી ગયો હતો.

ભારતમાં પણ હાજર ભાવ સર્વોચ્ચ ઉંચાઈએ પહોંચ્યો હતો.વિશ્વ સ્તરે ટ્રેડવોરથી માંડીને યુદ્ધ સહિતનાં ભૌગોલીક ટેન્શનની સ્થિતિ દુર ન થાય ત્યાં સુધી સોનામાં તેજી જ બની રહેવાનો નિષ્ણાંતોનો સુર રહ્યો છે.

સોનાનો આંતર રાષ્ટ્રીય ભાવ આજે ૩૧૦૭ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો. પ્રથમ વખત ૩૧૦૦ ડોલરને પાર થયો હતો.બીજી એપ્રિલથી શરૂ થનાર ટેરીફ વોરને કારણે દુનિયાભરનાં વ્યાપાર

અનુસંધાન પાના ૭ પર

## બાકી ફી સંદર્ભે પરીક્ષામાં નહીં બેસવા દેવાતા છાત્રાનો આપઘાત

### રૂા.૮૦૦ નહીં ભરી શકતા પરિવારની વિદ્યાર્થીનીએ જીવ આપી દીધો

**પ્રતાપગઢ,તા.૩૧**

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં ૯મા ધોરણના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. એવો આરોપ છે કે શાળા પ્રશાસને વિદ્યાર્થીનીને પરીક્ષામાં બેસવા દીધી ન હતી અને ફી ન ભરવા બદલ તેનું અપમાન પણ કર્યું હતું. આથી વિદ્યાર્થીને દુઃખ થયું અને તેણે આવું પગલું ભર્યું.

૧૭ વર્ષની વિદ્યાર્થીની કમલા શરણ યાદવ ઈન્ટર કોલેજમાં અભ્યાસ કરતી હતી. તેની માતાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ મુજબ, તેમની પુત્રીને ૮૦૦ રૂપિયા ફી બાકી હોવાથી પ્રવેશપત્ર આપવામાં આવ્યું ન હતું. આ પછી, જ્યારે તે પરીક્ષા કેન્દ્ર પર

અનુસંધાન પાના ૭ પર

## મોબાઈલ નંબર બંધ હશે તો યુપીઆઈ સેવાઓ મળશે નહીં

### આવતીકાલથી ઘણા નિયમોમાં ફેરફાર

**નવી દિલ્હી,તા.૩૧**

નવું નાણાકીય વર્ષ આવતીકાલે એટલે કે ૧લી એપ્રિલથી શરૂ થઈ રહ્યું છે. નાણાકીય વર્ષના પ્રથમ દિવસથી ઘણા મોટા ફેરફારો થઈ રહ્યા છે. જેની સીધી અસર લોકોના ખિસ્સા પર પડશે. આજકાલ લગભગ દરેક લોકો તેમના રોજિંદા કામમાં UPI નો ઉપયોગ કરે છે. આવતીકાલથી તેને લગતા નિયમોમાં પણ મોટા ફેરફારો થઈ રહ્યા છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ UPI વ્યવહારોની સુરક્ષા અને અસરકારકતા વધારવા માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો ૧ એપ્રિલથી લાગૂ થઈ રહ્યા છે. આ મુજબ જો તમે ૯૦ દિવસ સુધી

અનુસંધાન પાના ૭ પર

## ભારતમાં શક્તિશાળી ભૂકંપનો તોળાતો ખતરો

**નવી દિલ્હી,તા.૩૧**

મ્યાનમાર અને બેંગકોકમાં જબરજસ્ત નુકશાન પહોંચાડનાર ભુકંપની જડ સગાઈન ફોલ્ટ છે. આ ફોલ્ટને ઈન્ટરનેટ પર મેપથી સરળતાથી જોઈ શકાય છે. આઈઆઈટી કાનપુરનાં અર્થ સાયન્સ વિભાગનાં પ્રોફેસર જાવેદ મલિકે કહ્યું હતું કે સગાઈન ફોલ્ટ ખુબ જ ખતરનાક હોય છે.

સિલીગુડીમાં ગંગા-બંગાલ ફોલ્ટ છે. આ બન્ને ફોલ્ટની વચ્ચે અનેક અન્ય ફોલ્ટ લાઈન્સ છે. આ પરિસ્થિતિમાં એ આશંકાનો ઈન્કાર

અનુસંધાન પાના ૭ પર

## ભૂકંપગ્રસ્ત મ્યાંમારમાં યુદ્ધના ધોરણે રાહત-બચાવ કાર્ય ચાલુ

### ભૂકંપના કારણે ૧૭૦૦થી વધુ લોકોના મોત

**માંડલે,તા.૩૧**

મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાના ભૂકંપમાં ૧,૭૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. માંડલે અને આસપાસના વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીમાં અવરોધ ઉભો થયો છે. આ ઉપરાંત, સડેલા મૃતદેહોમાંથી દુર્ગંધ ફેલાઈ રહી છે.

મ્યાનમાર, થાઈલેન્ડ ભૂકંપ, ઉપગ્રહ છબીને નુકસાન, હવામાં સડી રહેલા મૃતદેહો, નવીનતમ અપડેટ્સ, મ્યાનમાર ભૂકંપઃ મ્યાનમારમાં ભૂકંપ પછી ચિત્ર બદલાઈ ગયું! સેટેલાઈટ છબીઓમાં દેશનો વિનાશ, હવામાં મૃતદેહોની ગંધ દેખાય છે, નવીનતમ પરિસ્થિતિ વાંચો

મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર મંડલેમાં રવિવારે (૩૦ માર્ચ) હવામાં સડેલા મૃતદેહોની ગંધ ફેલાઈ ગઈ. કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધવા માટે બચાવ ટીમો દિવસ-રાત કામ કરી રહી છે. બે દિવસ પહેલા આવેલા ૭.૭ ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપે સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. ભૂકંપમાં ૧,૭૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને અસંખ્ય લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા છે.

શુક્રવારે બપોરે પહેલો ભૂકંપ આવ્યો, જેનું કેન્દ્રબિંદુ માંડલે નજીક હતું. આ પછી, ૬.૭ ની તીવ્રતાનો બીજો ભૂકંપ અનુભવાયો. આ ભૂકંપથી માંડલે શહેરમાં ઘણી ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ. ઘણા પુલ તૂટી પડ્યા અને રસ્તાઓને નુકસાન

અનુસંધાન પાના ૭ પર

## હવે બાળકોના ચેટબોટ પર માતા-પિતા નજર રાખી શકશે

### ટીનેજ યુઝર્સની સુરક્ષા માટે એઆઈનું નવું ફીચર લોન્ચ

**નવી દિલ્હી,તા.૩૧**

Character.AI એ બાળકો ચેટબોટ સાથે વધુ સમય વિતાવતા અને અયોગ્ય કન્ટેન્ટ જોવા અંગે જે ચિંતાઓ વ્યક્ત કરી રહી હતી તેને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું છે. તાજેતરના મહિનાઓમાં કંપની સામે ઘણા કેસ દાખલ કરવામાં આવ્યા છે. જેમાં આરોપ છે કે, કેટલાક ચેટબોટ્સ અયોગ્ય અથવા નુકસાનકારક પ્રતિસાદ આપે છે.

ટીનેજ યુઝર્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને Character.AI એ પેરેંટલ ઈનસાઈટ્સ નામનું નવું ફીચર લોન્ચ કર્યું છે. આ સુવિધા દ્વારા, કિશોરવયના વપરાશકર્તાઓ તેમના માતાપિતાને સાપ્તાહિક અહેવાલ મોકલી શકશે, જેમાં તેમની ચેટબોટ એક્ટીવીટીની અવોરવ્યું હશે.

રિપોર્ટ બતાવશે કે, કેટલો સમય વિતાવ્યો હતો, ક્યાં પાત્રો સાથે સૌથી વધુ વાત કરવામાં આવી હતી અને દરેક પાત્ર સાથે કેટલા સમય સુધી ચેટ કરવામાં આવી

અનુસંધાન પાના ૭ પર



આભાર...
નરેન્દ્રભાઈ
ગુજરાતના સુપુત્ર શ્રી ત્રિભુવનદાસ પટેલે સહકારિતાથી
સૌના ભલા માટે જીવી લોક કલ્યાણનું કામ કર્યું છે.
અને
ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સ્થાપી ભારત સરકારે તેમને સાચી શ્રદ્ધાંજલિ પાઠવી છે.
ત્રિભુવન સહકારી યુનિવર્સિટી
સુમુલ
ચેરમેન શ્રી માનસિંહભાઈ પટેલ અને નિયામક મંડળના સભ્યો







# ગુજરાતના ચીખલીમાં વારી એનર્જીસ દ્વારા ભારતના સૌથી મોટા સોલર સેલ મેન્યુફેક્ચરિંગ ગિગા ફેક્ચટરનું ઉદ્દ્યાટન

સુરત, તા.૩૧

ચીખલી,— ભારતના પુનઃવપરાશી ઊર્જા ક્ષેત્ર માટે એક મહત્વની ક્ષણમાં દેશની અગ્રણી સ્વચ્છ ઊર્જા સંક્રમણ કંપની વારી એનર્જીસ લિમિટેડે ગુજરાતના ચીખલીમાં તેની આધુનિક ૫.૪ ગિગાવોટ સોલર સેલ ગિગાફેક્ટરી ફેસિલિટીના ભવ્ય ઉદ્ઘાટનની ઊજવણી કરી હતી.

આ સમારંભમાં ગુજરાતના માનનીય મુખ્યપ્રધાન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માનનીય કેન્દ્રીય નવી અને પુનઃવપરાશી ઊર્જાપ્રધાન શ્રી પ્રહલાદ જોશી, માનનીય જળશક્તિપ્રધાન શ્રી સી આર પાટિલ, ગુજરાતના વરિષ્ઠ પ્રધાનો જેમાં નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ પ્રધાન શ્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગો, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર પ્રધાન શ્રી બળવંતસિંહ રાજપૂત, ગૃહ, રમતો અને યુવા બાબતોના રાજ્યકક્ષાના પ્રધાન શ્રી હર્ષભાઈ સંઘવી, પર્યાવરણ, જળવાયુ પરિવર્તન અને જળ સંસાધનો બાબતોના રાજ્યકક્ષાના પ્રધાન શ્રી મુકેશભાઈ પટેલ અને સાંસદ તથા વન નેશન વન ઈલેક્શનના ચેરપર્સન શ્રી પી પી ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

૧૫૦ એકર વિસ્તારમાં અને ૧૦૧ એકરના બિલ્ટ-અપ વિસ્તારમાં ફેલાયેલી આ ફેસિલિટી દેશના ટકાઉ ઊર્જા ભવિષ્ય માટે અમારી પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે. માનનીય નવી અને પુનઃવપરાશી ઊર્જા પ્રધાન શ્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે "આ અભૂતપૂર્વ ફેસિલિટી આત્મનિર્ભર ભારતની ભાવનાને સમાવે છે અને વૈશ્વિક પુનઃવપરાશી ઊર્જાના ક્ષેત્રે ભારતના સામર્થ્યને નમન છે. સ્વદેશી ઉત્પાદન માટેની વારીની પ્રતિબદ્ધતા સ્વચ્છ ઊર્જા ટેક્નોલોજી માટે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ભારતને સ્થાપવાના આપણા રાષ્ટ્રીય વિઝન સાથે એકદમ યોગ્ય રીતે બંધ બેસે છે. આ પ્લાન્ટ ન કેવળ સ્થાનિક જરૂરિયાતો પૂરી કરશે પરંતુ આધુનિક સોલર ટેક્નોલોજીના મહત્વના નિકાસકાર તરીકે પણ ભારતની સ્થિતિ મજબૂત કરશે."વારી એનર્જીસ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હિતેશ દોશીએ જણાવ્યું હતું કે "આજે ચીખલીમાં અમારી ૫.૪ ગિગાવોટ સોલર સેલ ગિગાફેક્ટરીના લોન્ચ સાથે વારી ભારતની ઊર્જા સ્વતંત્રતા અને ટેક્નોલોજી પુનરુત્થાનનો પાયો નાંખી રહી છે. આ અમારું રાષ્ટ્રીય ઘોષણાપત્ર છે જે સોલર સેલમાં જડેલું છેઃ એક એવી બ્લુપ્રિન્ટ જે આપણા આર્થિક માર્ગને નવેસરથી લખશે, વૈશ્વિક ટેક્નોલોજીકલ પરિમાણોને વિક્ષેપિત કરશે અને ભારતને પરોક્ષ ગ્રાહકથી વૈશ્વિક સ્વચ્છ ઊર્જા ક્રાંતિના અગ્રણી તરીકે આગળ લઈ જશે. અમારી ગિગાફેક્ટરી એ કેવળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં સવિશેષ છે. તે એક પવિત્ર રાષ્ટ્રીય કરાર છે અને નવીનતા, સ્થિતિસ્થાપકતા અને અવિશ્વસનીય સંભાવનાની ભારતની અતૂટ ભાવનાની સાક્ષી છે. અહીં ઉત્પાદન થતો દરેક સોલર સેલ આપણા દેશની આકાંક્ષાના ડીએનએને સમાવે છે જે ટેક્નોલોજીકલ વર્ચસ્વ, આર્થિક આત્મનિર્ણય અને વૈશ્વિક નેતૃત્વનું સ્વપ્ન છે. અમે અહીં કેવળ ઊર્જાનું જ ઉત્પાદન નથી કરતા, અમે રાષ્ટ્રીય ગૌરવની નવી ગાથા ઊભી કરી રહ્યા છીએ જ્યાં સ્વદેશી નવીનતા આપણી સૌથી શક્તિશાળી નિકાસ બને છે. આ પોતાના સાચા સ્વરૂપમાં રહેલું આત્મનિર્ભર ભારત છે, કેવળ આત્મનિર્ભરતા જ નથી પરંતુ સમગ્ર વિશ્વને એક નિર્ભિક જાહેરાત છે કે ભારત વૈશ્વિક ઊર્જાના ક્ષેત્રે નેતૃત્વ કરશે, નવીનતા લાવશે અને પરિવર્તન લાવશે." વિશ્વકક્ષાની ઉચ્ચ કાર્યક્ષમતાવાળી સોલર સેલ ટેક્નોલોજીથી સજ્જ ચીખલી ફેસિલિટી સંશોધન આધારિત નવીનતા, પ્રિસિઝન એન્જિનિયરિંગ અને ટકાઉપણા પર વારીના અવિરત ધ્યાનની ઉપજ છે. ઉત્પાદન ક્ષમતાઓથી આગળ વધતા આ ફેસિલિટી વધુ સ્વચ્છ, વધુ હરિયાળું અને વધુ આત્મ-નિર્ભર ઊર્જા ભવિષ્ય સુનિશ્ચિત કરીને ભારતના વ્યાપક ડિકાર્બોનાઇઝેશન લક્ષ્યાંકો સાથે સંલગ્ન રહે છે. ટેક્નોલોજીકલ ઉત્કૃષ્ટતાથી આગળ વધતા આ ફેસિલિટી સામાજિક જવાબદારી પ્રત્યે વારીની પ્રતિબદ્ધતા દર્શાવે છે અને ૯,૫૦૦થી વધુ પ્રત્યક્ષ નોકરીઓ તથા ૩૦,૦૦૦ જેટલી પરોક્ષ રોજગારીની તકો ઊભી કરે છે જે સ્થાનિક આર્થિક વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. સ્વચ્છ ઊર્જા ક્ષેત્રે વૈવિધ્યસભર અને મજબૂત હાજરી સાથે વારી વૈશ્વિક પુનઃવપરાશી ઊર્જા બજારમાં ભારતની સ્થિતિ મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગિગાવોટ પુનઃવપરાશી ઊર્જાના દેશના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ, ભારતના કેન્દ્રીય પ્રધાન મંત્રી શ્રી પ્રહલાદ જોશી અને કેન્દ્રીય જળશક્તિ પ્રધાન શ્રી સીઆર પાટીલ સાહેબે વારી એનર્જીસના સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઔપચારિકપણે ઉદ્ઘાટન કર્યું

# આવતી કાલે ઈન્ડોર સ્ટેડિયમમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે



સુરત, તા.૩૧

પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે તા.૬ થી તા:૧૦મી એપ્રિલ દરમિયાન માધવપુરનો મેળો યોજાઈ રહ્યો છે. આ મેળામાં સાંસ્કૃતિક વિરાસતો અને સાંસ્કૃતિક ધરોહરોને તેની મૂળ ગરીમાને જાળવી રાખીને ઉજાગર કરવામાં આવી રહી છે ત્યારે આ વર્ષ રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરત, અમદાવાદ, દેવભુમિ દ્વારકા સહિતના લોકો પણ આ મેળાથી અવગત થાય તેવા આશયથી સાંસ્કૃતિક કૃત્તિઓ રજુ કરવાનો નિર્દેશ આપ્યો છે.

જેના ભાગરૂપે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, મ્યુ.કમિશનરશ્રી શાલિની અગ્રવાલ તથા પો.કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત, જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલના વડપણ હેઠળ જિલ્લા કલેકટર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી.

જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, માધવપુર ઘેડ ખાતે ભગવાન કૃષ્ણ અને રુકમણીજીના વિવાહ પ્રસંગે યોજાતો માધવપુરનો લોકમેળો એક ભારત શ્રેષ્ઠ ભારતનું પ્રતીક છે. રમતગમત અને યુવા સાંસ્કૃતિક, પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે શ્રીકૃષ્ણ અને દેવી રૂકમણીજીના વિવાહ પ્રસંગની યાદમાં પોરબંદર ખાતે માધવપુર ઘેડનો મેળો યોજાઈ છે. જેના ભાગરુપે એક ભારત શ્રેષ્ઠ ભારતની થીમ પર સૌપ્રથમવાર સુરતના આંગણે ઉત્તરપૂર્વીય રાજયોના ૨૦૦ કલાકારો અને ગુજરાતના ૨૦૦ કલાકારો એમ કુલ ૪૦૦ કલાકારો દ્વારા તા.૧લી એપ્રિલના રોજ સાંજે ૬.૦૦ વાગે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રંગારંગ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેને માણવા માટે સુરતીઓને બુક માય શો https://in.bookmyshow.com/events/madhavpur-fair-2025-surat/ET00439852 પર વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરવાનો અનુરોધ કર્યો હતો. ઈન્ડોર સ્ટેડિયમ ખાતે અંદાજીત ૭૫૦૦ થી વધુ સીટો પર વહેલાના પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવા જણાવ્યું હતું.

મ્યુ.કમિશનરશ્રીમતી શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, મેળામાં હાલ સુધીમાં ૧૮૦૦ વ્યકિતઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં વધુમાં વધુ સૂરતીઓને રજીસ્ટ્રેશન કરીને પૂર્વ અને પશ્ચિમ ભારતની કલા, સંસ્કૃતિ અને વારસાનો અનોખા સંગમરૂપી સાંસ્કૃતિક કાર્યક્રમને માણવાનો અનુરોધ કર્યો હતો.

## પ્રથમવાર પૂર્વોત્તર રાજ્યના ૨૦૦ તથા ગુજરાતના ૨૦૦ કલાકારો એક સાથે કાર્યક્રમ રજૂ કરશે





ભારત દેશના લોક લાડીલા મનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખુબજ લોકપ્રિય એવા "મન કી બાત" ના વાર્તાલાપ ના ૧૨૦ માં (એપિસોડ) કાર્યક્રમને વધુ ને વધુ દેશ ભરની મહીલાઓ રસપ્રદ રીતે નિહાળીયો હતો એના ભાગ રૂપે સુરત શહેરમાં પણ વોર્ડ નં ૨૦ ના બુથ નં ૧૮૦/૧૮૧ ની મહિલાઓ વોર્ડ પ્રમુખ અમિષા ફારોખભાઈ રૂવાલા ની રાહબરી નેતૃત્વ હેઠળ "મન કી બાત " નો કાર્યક્ર્મ નિહાળી રહી છે

# મહિનાઓ પૂર્વે સાકાર થયેલો ગભેણી ઓવરબ્રીજ ખુલ્લો મુકવા માંગણી

## સુરત શહેર કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદન પાઠવાયું

સુરત, તા.૩૧

સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા હાઈવે ઓથોરિટી ને એક આવેદનપત્ર આપ્યું હતું. આજ ગભેણી ચોકડી પર પરના ઓવર બ્રિજ નું કામ મહિનાઓ પહેલા પૂર્ણ થયા હોવા છતાં હજી સુધી એ એ બ્રિજ ની ને ચાલુ કરવામાં આવેલ નથી મહિનાઓ પહેલા એ બ્રિજ તૈયાર થઈ ગયેલ છે એ બ્રિજ ચાલુ કરવામાં આવ્યો નથી તેને ચાલુ કરવા માટે કોંગ્રેસ પાર્ટી તેમના આગેવાનો દ્વારા વારંવાર હાઈવે ઓથોરિટી ને બ્રિજ ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવેલ પરંતુ ઘોર નિંદ્રામાં સુઈ ગયેલ નેશનલ ઓથોરિટી ના કર્મચારીઓ તથા સરકાર ને ગરીબ શ્રમિક જનતા ને કિલોમીટર સુધી ચકરાવ કરીને સમય અને પોતાના ઘરેથી રોજગાર સ્થળે જવા આવવાની પારાવાર સમસ્યા

અનુસંધાન પાના ૭ પર

# વિદ્યાકુંજ સ્કૂલ અડાજણ સુરત ખાતે વાલી મિત્રોની પરીક્ષા યોજાઈ

## 'હું લખીશ મારા મનની વાત'નો નવતર પ્રયોગ

સુરત, તા.૩૧

વિદ્યાકુંજ ગુજરાતી અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં આજરોજ ૧૨૦૦ થી વધુ વાલી ભાઈ બહેનોએ શાળામાં પરીક્ષા આપી . શાળાના આ આયોજનને વધાવવા શિક્ષણવિદ ડૉ. વિજય પટેલ , ડૉ. રીટાબેન ફુલવાલા, રંજનબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

વર્તમાન પરિસ્થિતિમાં બાળકોનું શ્રેષ્ઠ ઘડતર કઈ રીતે કરી શકાય બાળકો જે સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે તે સમસ્યાઓમાં વાલી તરીકે પોતે કેટલા જવાબદાર છે ઘરનું વાતાવરણ કેટલું જવાબદાર છે શિક્ષકો અને શાળા કેટલા જવાબદાર છે અને વર્તમાન સમય કેટલો જવાબદાર છે ? વાલી મિત્રોના માધ્યમથી આ બાબતને જાણવા નો એક ખુબ સુંદર પ્રયાસ કરવામાં આવ્યો.

સંકુલ નિયામક મહેશભાઈ પટેલે ૮૦ જેટલા પ્રશ્નો આ પ્રશ્નવલીમાં આપ્યા હતા. વાલી મિત્રો પરીક્ષા આપવા આવ્યા તે પૂર્વે એક પ્રકારનો મનમાં ડર લઈને આવ્યા હતા કેવા પ્રકારના પ્રશ્નો પૂછાશે ? અમે જવાબ આપી શકીશું કે નહી ? જવાબ નહી આપીએ તો ૧૫ ,૨૦ ,૨૫ વર્ષ પછી વાલી મિત્રો આજે જ્યારે વર્ગખંડમાં એક વિદ્યાર્થી બનીને પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે તેમના ચહેરા પર એક જુદા જ પ્રકારનો અનુભવ દેખાતો હતો.વિદ્યાકુંજના આ અનોખા પ્રયાસનો તમામ વાલી મિત્રોએ અભિપ્રાય આપતા એક વાક્યમાં કહીએ તો આ પ્રયાસ ખુબ જ આવકાર્ય છે આવો અવસર પ્રતિ માસ આપો. અમે અમારા મનની વાત આજે ખુલીને લખી શક્યા છીએ ઘણા પ્રશ્નો એ અમને વિચારતા કરી દીધા છે. એક શાળા જ્યારે આટલા પારદર્શક વિચાર સાથે કામ કરે છે ત્યારે અમારા બાળકો નું ઘડતર ચોક્કસપણે ખૂબ સુંદર રીતે થશે એવો તમને વિશ્વાસ છે. સંકુલ નિયામક મહેશભાઈ પટેલે પરીક્ષા આપવા આવેલ તમામ વાલી ભાઈ બહેનો તથા તમામ વિભાગના આચાર્ય અને શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# અંકલેશ્વર પ્રાચિન અંબાજી માતા મંદિરમાં ભક્તો ઉમટ્યા

## ચૌટા બજારમાં શ્રી માર્કંડેશ્વર મહાદેવજી સાથે છે અંબા માતાનું મંદિર

અંકલેશ્વર, તા.૩૧

અંકલેશ્વર ઔદ્યોગિક નગરીના ઉપનામથી જાણીતા શહેરની ઓળખ તેના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક રીતે પણ છે.ચૌટા બજાર સ્થિત માર્કંડેશ્વર મહાદેવજીના પૌરાણિક મંદિર સાથે પ્રાચીન અંબાજી માતાનું મંદિર પણ ભક્તો માટે આસ્થા સ્થાનક છે,ચૈત્રી નવરાત્રી દરમિયાન મોટી સંખ્યામાં

અનુસંધાન પાના ૭ પર



શાહપોર પટની હોલ ખાતેના ઇફ્તારપાર્ટી સ્નેહ મિલન ના કાર્યકમમાં રમઝાન માસ દરમિયાન સુરતપોલીસ કરેલ સહકારભરેલી કામગીરી બદલ મુસ્લિમ સમાજવતી માજી કોર્પોરેટર શ્રી અસદ કલ્યાણીએ પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેલોટસાહેબ અને સુરત શહેર પોલીસ નો આભાર માન્યો.

# ચૈત્રિ નોરતાના આરંભે માતાજીને ભક્તોએ ૧૦૮ મીટરની ચૂંદડી ચઢાવી



## ચાંદીનું છત્ર અને છપ્પન ભોગ અર્પણ કરાયો

સુરત, તા.૩૧

પ્રાચીન પરંપરા અનુસાર, ચૈત્ર નવરાત્રી દરમિયાન, જીણ ધામમાં ભરાતા મેળામાં, જીણ માતા પોતે તેમના પ્રિય ભાઈ શ્રી હર્ષ ભૈરવના મંદિરે જાય છે. આ જ પરંપરાને અનુસરીને, આ વર્ષે પણ, જીન માતા તેમના પ્રિય ભાઈ હર્ષ ભૈરવને પહેલું આમંત્રણ આપવા માટે જીણ ધામ (બત્તીસી નુતને) ના તમામ પૂજારીઓ સાથે શ્રી હર્ષ ભૈરવના મંદિરે પહોંચ્યા હતા.જ્યારે જીણ માતાએ બતીસી નવીતી ઉજવી, ત્યારે ભાઈ હર્ષ ભૈરવે પણ પોતાનું કર્તવ્ય નિભાવ્યું અને હિન્દુ નવા વર્ષના શુભ પ્રસંગે તેમની પ્રિય બહેન જીણ માતા માટે ૧૦૮ મીટર લાંબી ચુનરી લઈને જીન ધામ પહોંચ્યા. સીકર શાખાના પ્રવીણા ખેતાન, પૂજા ખેતાન, દિવ્યા સિંઘાનિયા, કવિતા બિહાની અને સુનૈનાએ સાથે મળીને સુરત શાખા દ્વારા મોકલવામાં આવેલા આ ચુનારને લંપા, લંપી, ગોટા અને દોરીથી શણગાર્યો હતો. પહેલી નવરાત્રીની સવારે હર્ષનાથ મંદિરમાં પૂજા કર્યા પછી આ ખાસ ચુનાર તૈયાર કરવામાં આવ્યો હતો, અને શ્રી મનોજ પરાશર, શ્રી પ્રહલાદ પરાશર, શ્રી કમલ પરાશર, વિકાસ જી, રામસ્વરૂપ જી, પ્રદીપ જી પરાશર, સંજય જી, વિજય પરાશર, શંભુ જી પરાશર, અશોક જી, પ્રદીપ જી શિવ મંદિર વાલેના નેતૃત્વ હેઠળ હર્ષ ધામના મોટી સંખ્યામાં ભક્તોએ બેન્ડના સૂર પર નાચતા અને ગાતા જીન માતાને ૧૦૮ મીટર ચુનરી અને ચાંદીની છત્રી, છપ્પન ભોગ અને અન્ય વસ્તુઓ અર્પણ કરી હતી. હર્ષ ધામથી આવેલા તમામ પૂજારીઓ અને ભક્તોનું જીન સંઘ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમને નાસ્તો આપવામાં આવ્યો હતો. ચુનરી મહોત્સવ નિમિત્તે જીન ધામમાં બેન્ડ સંગીત વગાડ્યા બાદ, બેન્ડ ગ્રુપ હર્ષ ધામ પહોંચ્યું અને બધા ભક્તોએ બેન્ડના સૂર પર નાચ-ગાન કરીને હર્ષ ધામમાં નવા વર્ષનું સ્વાગત કર્યું. આ કાર્યક્રમ રિચા સુભાષ અગ્રવાલ અને મુકેશ ખેતાનના સૌજન્યથી યોજાયો હતો! આ કાર્યક્રમને સફળ બનાવવામાં અરુણ ખૈતાન, મુકેશ ખૈતાન, અંકિત ખૈતાન, બંટી ખૈતાન, ગોપાલ શર્મા, માંગીલાલ સૈની, આર્ચી ખૈતાન વગેરેએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# સરતના શિવાજી ભાગ પર્વત પાટીયા વિસ્તારમાં સંઘ શતાબ્દી શાખાકુંભ

## ૨૫૦૦થી વધુ સ્વયં સેવકોએ એક જ મેદાનમાં ૧૧૯ શાખાઓ લગાવી



સુરત, તા.૩૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સુરત વિભાગના શિવાજી ભાગ દ્વારા હિન્દુઓના નવા વર્ષ અને સંઘ શતાબ્દી વર્ષ નિમેતે સંઘ શતાબ્દી શાખા કુંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પર્વતપાટીયા વિસ્તારના ૨૫૨૪ સ્વયંસેવકોએ મરુંધર મેદાનમાં સવારે સાત વાગ્યે૧૧૯ શાખાઓ લગાવી. જેમાં વિવિધ શારીરિક તેમજ બૌદ્ધિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,ગુજરાત પ્રાંતના સહકાર્યવાહ ડો. અખિલેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે, ૧૯૨૫માં ડોક્ટર કેશવરાવ બલીરામ હેડગેવાર દ્વારા શરૂ કરાયેલી એક શાખા પદ્ધતિ વર્તમાનમાં સમગ્ર ભારતમાં વટ વૃક્ષ સમાન થઈ ગઈ છે. હિન્દુ નવા વર્ષ નિમિતે ડૉ. અખિલેશજી એ સ્વયંસેવક ને સ્વ આધારિત રહેવા આહવાન કર્યું હતું. જેમાં સ્વભાષા, ભૂષા, સંસ્કૃતિ, સ્વદેશી ઉપર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત તેમણે કહ્યું કે સંઘ ૧૦૦માં વર્ષમાં પ્રવેશના અવસરે સમાજને સાથે લઈ પંચ પરિવર્તન ઉપર કાર્ય કરવાનું છે. જેમાં સ્વદેશી (સ્વ કા બોધ),પર્યાવરણ,નાગરિક કર્તવ્ય, કુટુંબ પ્રબોધન,સામાજિક સમરસતાવિષય પર કરવાના કાર્યની જાણકારી આપી હતી.

આજથી શરૂ થતું હિંદુનવવર્ષ એટલેકે વર્ષપ્રતિપદાના દિવસે તેમણે સ્વયંસેવકોને સમાજની સજ્જન શક્તિને સાથે લઈને કાર્ય કરવા અંગે આહ્વાન કર્યું. આ ઉપરાંત દરેક ભારતીયએ પોતાના સ્વ એટલે કે ભવ્ય ભૂતકાળને ધ્યાનમાં રાખી તે અંગે સતત જાગૃત રહેવાની વાત

અનુસંધાન પાના ૭ પર

# પ્રાણીઓના પ્રત્યાયનની અચરજ ભરી શૈલીઓ

મને ઘણીવાર વિચાર આવે કે આપણા મનમાં ચાલતા વિચારોને વ્યક્ત કરવા માટે આપણી પાસે ભાષા છે, એ જો ન હોત કદાચ તો શું આપણે પણ પ્રાણી હોત? અરે બોસ વાત તો સાવ સાચી કે ભાષા આપણી મનોસ્થિતિ સામેવાળાને પહોંચાડવાનું શ્રેષ્ટ માધ્યમ છે. પણ જો માનવની પોતાની કોઈ ભાષા ન હોત તો શું થાત? શું થાત મતલબ શું? કશું ન થાત યાર. આપણે માનવ બન્ય ત્યાર પહેલા પ્રાઈમેટ અવસ્થામાં એટલે કે સાદી ભાષામાં વાનર અવસ્થામાં હતાં, ત્યારે પણ આપણા ગમા-અણગમા કોઈને કોઈ રીતે વ્યક્ત તો કરતાં જ હતા ને? મને તો ઘણી વાર એ કલ્પના પણ આવે કે આપણે 'અ' બોલીએ છીએ તેને 'અ' કહેવાય એવું કોણે શોધ્યું હશે? તેને 'અ' લખવું એવી ડિઝાઈન કેવી રીતે અને કોણે બનાવી હશે?મને લાગે છે કે આદિમ અવસ્થામાં પણ માણસ પોતાના ભાવો અવાજોની તીવ્રતામાં વિવિધતા લાવી, ચહેરાના હાવભાવ અને હાથના ઈશારાથી વ્યક્ત તો કરતો જ હશે. તો એનો મતલબ કે એ જમાનામાં પણ પોતાની જ જાતનાં પ્રાણીઓ સાથે વાતચીત એટલે કે કમ્યુનિકેશન એટલે કે પ્રત્યાયનની એક આખી પ્રણાલી અસ્તિત્વમાં હશે જ. એના પરથી મને એક વાત યાદ આવી. મેં વર્ષો પહેલા નેશનલ જિયોગ્રાફી પર એક ડોક્યુમેન્ટરી જોયેલી. એક વ્યક્તિ આફ્રિકન સિંહોની બોડી લેંગ્વેજ પર રિસર્ચ કરતો હતો. આફ્રિકન સવાનામાં એક બાવળ નીચે એક સિંહ બેઠેલો અને આ ભાઈ પોતાની જીપમાંથી ઊતરીને હળવે પગલે ચાલતા ચાલતા સિંહથી છેક પાંચસો ફૂટ જેટલું નજીક પહોંચી ગયેલા. પછી એક ડગલું આગળ ભર્યું એટલે સિંહ થોડો બેઠો થઈ ગયો, બીજું ડગલું ભર્યું કે સિંહે ગળામાંથી હળવો ઘુરકાટ કર્યો . . . અને ત્રીજા ડગલાં સાથે જ સિંહ ઊભો થઈને ગર્જ્યોપ એ જોઈને જ આપણી તો ફેં ફાટી ગઈ. તે વખતે મને વિચાર આવેલો કે સિંહની પણ પોતાની એક આગવી પ્રત્યાયન પ્રણાલી છે, તે પણ અલગ અલગ રીતે પોતાના ગમા-અણગમા વ્યક્ત કરે છે. તો ચાલો આજે આપણે સિંહોના પ્રત્યાનને સમજવા થોડી કોશિશ કરીએ? કહેવાય છે કે સિંહ, વાઘ, દીપડા અને ચિત્તા એ બધા બિલાડી કુળના પ્રાણીઓ જ છે. વિશ્ર્વભરમાં વસતી મોટા કદની બિલાડીઓમાં સિંહો સૌથી વધુ સામાજિક પ્રકારનું પ્રાણી છે. ગુજરાતી કહેવત છે કે સિંહોના ટોળાં ન હોય, પરંતુ હકીકત એવી છે કે સિંહ ટોળામાં જીવતું પ્રાણી છે. અને એકલદોકલ સિંહ હોય તો કાંતો યુવાનીમાં પોતાના જૂથમાંથી તગેડી મૂકેલા હોય તો એકલા હોય અથવા તો આલ્ફા મેલની લડાઈમાં હારેલો સિંહ એકલો ફરતો હોય છે. સિંહોના જૂથને અંગ્રેજીમાં 'પ્રાઈડ' કહે છે. આવા જૂથમાં વિસ્તારના વાતાવરણની સમૃદ્ધિ અથવા વિષમતાના લીધે ત્રણથી લઈને ત્રીસ સિંહો હોઈ શકે છે. પોતાના જૂથની એકતા જાળવવા અને અન્ય ટોળાં સાથે મુકાબલો ટાળવા માટે સિંહો વિવિધ પ્રકારના અવાજ, શારીરિક ભાષા, પોતાના શરીરની ગંધ અને સ્પર્શ દ્વારા અલગ અલગ રીતે પોતાના મનની વાત બીજાને પહોંચાડે છે.એમના વાત કરવાના આવા તરીકાઓમાંનો એક તો છે ગર્જના.



ગર્જનાને આપણે ત્રાડ તરીકે પણ ઓળખીએ છીએ. ગર્જના એ સિંહની વૈશ્ર્વિક ઓળખ છે. વિશ્ર્વભરમાં વસતા આફ્રિકન અને એશિયન એમ બંને પ્રકારના સિંહો ગર્જના કરી શકે છે. ગર્જના કરીને સિંહ આ વિસ્તાર પર પોતાનો અધિકાર છે એવું સિંહોનાં બીજાં જૂથોને જણાવે છે. ક્યારેક શંકા હોય કે બીજું જૂથ પોતાના વિસ્તારમાં ઘૂસી આવશે ત્યારે આખા ટોળાના બધા સિંહો એક સાથે ગર્જના કરે છે. અને બીજું ટોળું જો નાનું હશે તો એ વિસ્તાર છોડી દેશે. એક જૂથના નર સિંહો પોતાના પ્રદેશની જ અંદર અથવા આસપાસમાં વસતા અન્ય નરોને ચેતવણી આપવાના હેતુથી પણ ગર્જના દ્વારા જણાવશે કે ઈધર દેખા તો આંખે નિકાલ લુગા!. વૈજ્ઞાનિકો કહે છે કે નર સિંહની ગર્જના પાંચ માઈલ જેટલે દૂર સુધી એટલે કે છેએએએએક પંદર કિલોમીટર સુધી સંભળાય છે જેને આપણે ડણક તરીકે પણ ઓળખીએ છીએ.સિંહો પોતાના ટોળાના જ સભ્યો સાથે સ્નેહ વ્યક્ત કરવા અને પરસ્પર સબંધો સુદઢ કરવા માટે મૈત્રીપૂર્ણ અવાજોનો ઉપયોગ કરે છે. આવા પ્રત્યાયનો દરમિયાન નીકળતા સિંહના અવાજોને ખોંખારા, ગરગરાટ, છીંક અને એવા બીજા અવાજોનો પણ ઉપયોગ કરે છે. સિંહના બચ્ચા અસલ બિલાડી જેવું મ્યાઉં મ્યાઉં કરે છે, બચ્ચા ભુલા પડે ત્યારે માં બાપને શોધવા અને ભૂખ લાગે ત્યારે મ્યાઉંના અવાજોથી મા પાસે ખોરાકની માગણી કરે છે મા મને દૂદુપ' સિંહોમાં આક્રમક અથવા રક્ષણાત્મક અવાજો થકી પ્રત્યાયન થાય છે. આમાં ગર્જના, ઘરઘરાટ, સિસકારા, ઉગ્ર ગર્જના અને ખીજભર્યા અવાજોનો ભેદ પાડી શકાયો છે. અલગ અલગ સ્થિતિ મુજબ એક જ સિંહ અલગ અલગ પ્રકારના અવાજો કાઢે છે, જેમ કે માથાભારે સિંહ નબળા સિંહ પર આક્રમણ કરે ત્યારે તેની ત્રાડ અલગ હોય, પણ એ જ સિંહને બીજો માથા ભારે સિંહ ભટકાઈ જાય ત્યારે તેની ત્રાડની તીવ્રતા ઘટી જાય છે અને કાઉકારા જેવી બની જાય છે.અવાજ સિવાય સિંહો પોતાની વાત સામાને જણાવવા માટે બોડી લેંગ્વેજનો ઉપયોગ કરે છે. આવી બોડી લેંગ્વેજ બે પ્રકારની હોય છેપ અગેઈન એગ્રેસિવ અને ડિફેન્સિવ. મતલબ સીધો છે સિંહ ગુસ્સે ભરાયો હોય ત્યારે તેના હાવભાવ અને વર્તન ઉગ્રતા ભર્યા હોય છે અને જબ ઉનકી બી ફટતી હૈ તબ વો ભી મિયાં કી મીંદડી બન જાતા હૈ! સિંહોની બોડી લેન્ગ્વેજના અભ્યાસુઓ કહે છે કે સિંહ જ્યારે આક્રમણ કરવાના મૂડમાં હોય ત્યારે પોતાનું માથું થોડું નીચું કરી દે છે અને આગળના પગ થોડા પહોળા રાખે છે અને ખભા ખેંચીને ઊંચા કરી દે છે. તેની આંખો જોખમ તરફ જ નોંધી રાખે છે અને તેની પૂંછડી ઊંચી કરીને ફરકાવ્યા કરે છે. આવા સમયે તેના હોઠ ખેંચાઈ જાય છે અને દાંત બહાર દેખાય છે, આવો દેખાવ ઊભો કરીને તે પ્રતિસ્પર્ધીને કહે છે કે ભીડુ, આપુન લડને કો રેડી હૈ. સિંહને પોતાને જ્યારે જોખમ કે ખતરો અનુભવાય મતલબ કે ડિફેન્સિવ એટલે બચાવની મુદ્રામાં હોય ત્યારે તેના કાન બેસી જાય છે, આંખો ઝીણી કરી દે છે, અને શરીરને જમીન સરસું કરી દે છે.

# મોબાઈલ કરતા રૂબરૂ મળવાનું રાખો

એક કોલેજીયન યુવક કોલેજમાં રજા હોવાથી આજે ઘરે હતો. યુવકના દાદાએ યુવકને કહ્યુ, "બેટા, મારે નવા ચશ્મા લેવાના છે તું મારી સાથે ચાલને ?"

મોબાઈલ પર ચેટીંગ કરતા યુવકને દાદાની આ દરખાસ્ત ન ગમી. એમણે દાદાને કહ્યુ, " દાદાજી, જમાનાની સાથે હવે તમારી જાતને પણ બદલો અને આધુનિક ટેકનોલેજીનો ઉપયોગ કરતા થાવ. ચશ્મા ખરીદવા માટે હવે દુકાન સુધી લાંબા થવાની અને સમય બગાડવાની કોઇ જરૂર નથી." દાદાએ આશ્ચર્ય સાથે કહ્યુ, " શું વાત છે બેટા ? દુકાને ગયા વગર પણ ચશ્માની ખરીદી થઇ શકે ? " યુવાને જરા રુઆબ સાથે કહ્યુ, " દાદા, અહીંયા આવો, મારી બાજુમાં બેસો, હું તમને સમજાવુ. આ મોબાઇલ ઇન્ટરનેટનો ઉપયોગ કરીને તમે બધી જ વસ્તુઓ ઘરે બેઠા ખરીદી શકો છો. જુદી-જુદી ઓનલાઇન સેવા પુરી પાડતા ડીપાર્ટમેન્ટલ સ્ટોર પરથી તમે ખાલી ચશ્મા જ નહી. કરીયાણુ, કપડા, ઇલેક્ટ્રોનિક્સ આઇટમ બધુ જ ખરીદી શકો છો. હવે તમારી જુનવાણી પધ્ધતિને પડતી મુકો અને આ આધુનિક પધ્ધતિ અપનાવો એટલે તમે ઘરે બેઠા જરૂરીયાત મુજબની બધી જ વસ્તુઓ ખરીદી શકો." દાદાએ યુવાન પૌત્રની બધી વાત ધ્યાનથી સાંભળી પછી હળવેકથી કહ્યુ, " બેટા, તારી વાત તો સાચી છે કે આ ઓનલાઇન ખરીદી કરવાથી આપણો સમય બચે છે અને થોડું ડીસ્કાઉન્ટ પણ મળે એટલે પૈસા પણ બચે. પણ સમય અને પૈસા બચાવવા જતા જેના વગર જીવવું મુશ્કેલ છે એવો માનવીય સંબંધ છુટી જાય છે એનું શું ? " યુવકને કંઇ ન સમજાયુ એટલે એણે દાદાને કહ્યુ, " તમે શું કહેવા માંગો છો એની કંઇ ખબર નથી પડતી." દાદાએ યુવકના ખભે હાથ મુકતા કહ્યુ, " બેટા, હમણા થોડા દિવસ પહેલા હું બીમાર પડ્યો. રોજ શાકભાજી લેવા હું જતો પણ હું બીમાર પડ્યો એટલે તારા પપ્પા ગયેલા. શાકભાજીવાળાને મારી બીમારીની ખબર પડી તો એ સાંજે એમની દુકાન બંધ કરીને મારી ખબર કાઢવા માટે આપણી ઘરે આવેલો અને મારી પથારી પાસે બેસીને મને સાંત્વના આપેલી. થોડા વર્ષો પહેલા થોડો સમય આપણે નાણાકીય તંગીનો ભોગ બનેલા ત્યારે આપણા કરીયાણાવાળાએ આખા વર્ષનું કરીયાણું ઉધાર આપેલુ અને પૈસા આપવાની કોઇ ચિંતા ન કરતા એમ કહેલું.



જ્યારે તું નાનો હતો ત્યારે હું તને સાથે લઇને એ કરીયાણાવાળાને ત્યાં ખરીદી કરવા માટે જતો. એ ઓછુ ભણેલો કરીયાણાવાળો હંમેશા હસતા હસતા તને ચોકલેટ કે પેંડો પણ આપતો અને ક્યારેય બીલમાં ચોકલેટ-પેંડાની રકમ ઉમેરતો નહોતો. "ન યુવક એકધ્યાન થઇને દાદાની વાત સાંભળી રહ્યો હતો. દાદાએ વાત આગળ વધારી " બેટા, કાપડવાળાને ત્યાં ખરીદી કરવા જઇએ ત્યારે એકાદ બે ઓળખીતા માણસો મળી જ જતા અને એની સાથે વાત કરવાનો મોકો પણ મળી જતો. હૈયામાં ધરબાઇને ભરેલી કેટલીક વાતો ત્યાં સહજતાથી ઠલવાઇ જતી અને હૈયુ હળવું ફુલ થઇ જતું. જેને ત્યાંથી આપણે નીયમિત ખરીદીઓ કરતા એ બધા આપણા સુખના કે દુ:ખના પ્રસંગમાં ભાગીદાર થતા હતા. હવે મને જણાવ તારી ઓનલાઇન ખરીદીમાં આવી સુવિધા મળે ખરી ? " યુવાન કોઇ જવાબ ન આપી શક્યો. બાળપણની કેટલીક ઘટનાઓ યુવકના માનસપટ પર ઉભરી આવી અને દાદાજીને એણે એટલું જ કહ્યુ, " ચાલો દાદાજી હું આપની સાથે આવુ આપણે ચશ્માવાળા ભાઇની દુકાને જઇને એમની ચા પી આવીએ અને તમારા ચશ્મા લઇ આવીએ. રસ્તામાં તમારા એકાદ બે ભાઇબંધો મળી જશે તો એને મળી પણ આવીએ."જરા વિચાર કરવાની જરૂર છે કે સમય અને પૈસા બચાવવાની દોડમાં આપણે માણસ મટીને મશીન તો નથી બની ગયા ને ? કારણકે જો મશીન બની જઇશું તો ગમે એટલા પૈસા બચાવ્યા હોય કે ગમે એટલો સમય બચાવ્યો હોય તો પણ સંબંધ વગર પૈસા અને સમયનું કરીશું શું ?

ટેકનોલોજીનો ઉપયોગ જરૂર કરીએ પણ માનવ સંપર્કો સાવ તુટી ન જાય એ પણ જરૂરી છે.

# ડાયાબિટીસની તકલીફ ગંભીર કેમ ?

ભાગદોડ-સ્પર્ધાની લાઈફસ્ટાઈલના કારણે લોકો આ બીમારીનો શિકાર વધુ થઈ રહયા છે આધુનિક સમયમાં નવી નવી દવાઓની શોધ અને નવી નવી ટેકનોલોજીની એન્ટ્રી થઈ રહી હોવા છતાં ડાયાબીટીસના દર્દીઓની સંખયામાત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં વધી રહી છે. આવી સ્તિથીમાં નવા નવા પડકારો પણ આવી રહયા છે. ડાયાબીટીસના વધતા જતા નેટવર્ક અને ફેલાવા માટે દેખીતા કારણો રહેલા છે. જેમાં અસ્તવસ્ત લાઈફસ્ટાઈલ ભોજનની અનિયમીત ટેવ કે કસરત નહી કરવાની બાબત સામેલ છે. તબીબો કહે છે કે આવનાર સમયમાં આ બિમારી વધારે પડકારરૂપ બનનાર છે. વૈશ્વકી ડાયાબીટીસના આંકડા હાલમાં જારી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહયા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે. કે ભારતમાં ડાયાબીટીસનો બોજ ૧૦૦ મીલીયન ના આંકડાને પાર કરી જાય તેવી શકયતા છે. અગાઉ ૮૭ મીલીયનનો આંકડો મુકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબીટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂકયા છે. ઈન્ટરનેશનલ ડાયાબીટીસ ફેડરેશન આઈડીએફ દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી૭૯ વર્ષની વયમાં ડાયાબીટીસના દર્દીઓની આંકડો ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે. જેમાં આંકડો ખૂબ વધારેં . ભારતમાં આવનારા દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

ભારતમાં ટાઈપ-૧ ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે. કારણ કે ડાયાબીટીસની સમસ્યા હવે નીયમીત સારવાર થી લઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબીટીસથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મીલીયનની આસપાસ રહી છે. જેમાં ૪.૬ મીલયનના મોત થયા છે.

આરોગ્ય સંભાળ દ્વારા ડાયાબીટીસ ઉપર ખર્ચ ૪૬૫ અબજ ડોલર સુધી પહોચી ગયો છે. નવા આંકડા સંકેત કરે છે કે ડાયાબીટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા આ વર્ષે ૩૬૬ મીલીયનની વધીને વર્ષ ૨૦૩૦ સુધી ૫૫૨ મીલીયનસુધી પહોચી જશે. જો પુરતા પગલાં લેવામાં નહી આવે તો સ્થિતી વધુ ગંભીર બનશે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દર ૧૦ સેકન્ડમાં ત્રણ નવા કેસ નોધાઈ રહયા છે. અથવા તો દર વર્ષે ૧૦ મીલીયનનો ઉમેરો થઈ રહયો છે. આ વર્ષે દક્ષીણ એશીયામાં ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા ૭૧.૪ મીલીયનમાંથી આ સંખ્યા ૨૦૩૦ સુધી વધીને ૧૨૦.૯ મીલીયન હજુ ચકાસણી કરવામાં આવી નથી. દરેક પાંચ ડાયાબીટીસના રોગી પૈકી ચાર ૪૦થી ૫૯ સુધીનીવયના છે. આશરે ૭૮૦૦૦ બાળકોને દર વર્ષે ટાઈપ-૧ ડાયાબીટીસ રોગની અસર થઈ રહી છે.

# મૂત્રાશય શોથ (સિસ્ટાઈટીસ)

માનવ શરીર એક અજાયબ યંત્ર છે. તેમાં રહેલાં અલગ અલગ અંગો, અલગ અલગ કાર્યો સાથે સંકળાયેલાં છે. જેમ કે હૃદય આખા શરીરનાં નાનાંમાં નાનાં કોષ સુધી રક્ત અને તે દ્વારા ઓક્સિજન પહોંચાડવાનું કામ કરે છે. લીવર(યકૃત) ખોરાકમાં રહેલ ચરબીને પચાવવાનું કામ કરે છે. તે જ રીતે કિડનીનું કાર્ય લોહી શુદ્ધ કરી ઉત્સર્ગદ્રવ્ય પેદા કરવાનું છે. જેને આપણે મૂત્ર (યુરિન) કહીએ છીએ.આ કિડનીએ બનાવેલ મૂત્ર બે નાની પતલી નળીઓ દ્વારા બન્ને કિડનીમાંથી નીકળછે તેને મૂત્રવાહિનીઓ (યુરેટર્સ) તરીકેઓળખાય છે.આ બન્ને મૂત્રવાહિનીઓ એક ડાબી કિડનીમાંથી, એક જમણી કિડનીમાંથી આવી પેટનાં નીચેના પેડુના ભાગમાં વચ્ચે સિમ્ફાયસિસ પ્યુબીસની પાછળનાં ભાગમાં એક થેલી જેવી રચનામાં ખુલે છે. જેને મૂત્રાશય (યુરિનરી બ્લેડર) કહે છે. મૂત્રને ધારણ કરનાર અંગ એટલે મૂત્રાશય જેને જન સમાન્યની ભાષામાં પેશાબની કોથળી તરીકે ઓળખવામાં આવે છે. એમાં મૂત્રનું પ્રમાણ અમુક હદથી વધતાં વ્યક્તિને મૂત્રત્યાગની ઈચ્છા (અર્જ) થાય છે. આ બ્લેડરમાં કોઈપણ ચેપ લાગવાથી કે આંતરિક અવ્યવસ્થાને અનુસરીને જે સોજો આવે છે તેને તબીબી ભાષામાં સિસ્ટાઈટીસ તરીકે ઓળખવામાં આવે છે.મૂત્રાશયના સોજાનું પ્રમાણ સ્ત્રીઓમાં પુરુષો કરતાં વધુ જોવા મળે છે. મૂત્રાશયના સોજા માટે, ચેપ લાગવા સિવાય કેટલાંક બીજાં કારણો જવાબદાર બની શકે છે. જેમાં પ્રસૂતિ, કમરમાં કે કરોડરજ્જુમાં ઈજા, મૂત્રમાર્ગમાં પેદા થયેલ ખામી, મૂત્રવહ સંસ્થાનનાં બહારનાં અંગોમાં સ્વચ્છતાનાં અભાવથી પણ ક્યારેક ઉર્ધ્વગામી ચેપ લાગી શકે છે. પ્રોસ્ટેટ ગ્રંથિ વધવાથી પેદા થયેલ અડચણપ વગેરે કારણો મુખ્ય છેકિડની, યુરેટર કે મૂત્રાશયમાં રહેલ પથરી મૂત્રાશયમાં અને કિડનીમાં ચેપ લગાડી શકે છે.વિટામિન એની ઊણપ અને ઓછી રોગપ્રતિકારક શક્તિ પણ પેશાબની કોથળી એટલે કે મૂત્રાશયમાં ચેપ લાગવાની સંભાવના વધારે છે.મૂત્રાશયના ચેપ એટલે કે સોજાનાં લક્ષણો નીચે મુજબ પેદા થાય છે.દર્દીને દિવસે કે રાત્રે વારંવાર પેશાબ કરવાની ઈચ્છા થાય છે. તેને ઇન્ક્રીઝડ ફ્રિકવન્સી ઓફ યુરિન કહે છે. તે કલાકે કલાકે અથવા થોડી થોડી મિનિટો દરમિયાન પણ થઈ શકે છે.કેટલીકવાર તો એવું પણ બને છે કે જરા પણ પેશાબ ન થાય છતાં પેશાબ કરવાની ઈચ્છા થયા કરે. એને કારણે દર્દી અનિદ્રાનો ભોગ બને છે.આ તકલીફમાં દુખાવો થોડો કે વધુ તે સોજા કે ચેપના પ્રકાર, પ્રમાણ અને મૂત્રાશયનાં કયા ભાગ પર સોજો છે તેની ઉપર આધાર રાખે છે.આ રોગને કારણે પેટમાં કે પેડુમાં જુદા જુદા ભાગો પર, જુદી જુદી તીવ્રતાવાળો દુખાવો થઈશકે છે.

# બ્લેક ફોરેસ્ટમાં કેક અને ક્લોક વચ્ચેહજી મન ભરાયું ન હતું

પીયર પ્રેશર ખરેખર ખતરનાક ચીજ છે. ભલભલા લોકોને એવા ખર્ચાના રસ્તે દોરી જાય કે એ રસ્તે પાછું ન વળી શકાય ત્યાં સુધી પહોંચીને ખબર પડે કે આપણે તો કંઈક અલગ જ કરવું હતું. મિત્રો અહીં ગયા, પડોશીઓએ આ લીધું, કઝિન્સ આ કરી રહ્યાં છે, તો મારે પણ કરવું જ રહ્યું. તેમાંય હવે તો સોશિયલ મીડિયાનાં અજાણ્યાં લોકોથી પીયર પ્રેશર ફિલ થવા લાગે તેવા દિવસો આવી ગયા છે. એવામાં ક્યાં જવું છે, શું કરવું છે, શા માટે ફરવું છે, દરેક વાતનો મનને સ્પષ્ટ જવાબ ન મળે તો ઝંપલાવવું નહીં એ નક્કી હતું. તેમાં હવે પ્રેરણા લેવી, જાણકારી મેળવવી અને દેખાદેખીમાં કરવું એ વચ્ચેનો તફાવત સમજવો પણ જરૂરી છે. આજકાલ જરા પણ બનાવટી પ્રેશરની ચિંતા કર્યા વિના અનુભવો માટે, આરામ માટે, કોઈ ખાસ પ્રયોજન વિના ફરવાની મજા આવે છે. તેમાં હવે ફોટા પાડવાનું પણ ઓછું થઈ ગયું છે. છેલ્લા બે દશકમાં લાખો ડિજિટલ ફોટાઓનો સંગ્રહ તો થયો છે, પણ હવે તેનું પ્રયોજન સમજાતું નથી. તેમાંય ઘણાં સ્થળોએ ઘણી વાર ગયા પછી તો ત્યાં નવો નહીં પણ એનો એ મનપસંદ અનુભવ કરવાની વધુ મજા આવતી હોય છે. અને બ્લેક ફોરેસ્ટ તો એવી જગ્યા છે જ્યાં એની એ જગ્યાએ અનુભવ રિપીટ કરો તો પણ કંઈક તો નવું બની જ જાય.

બ્લેક ફોરેસ્ટની બે ચીજો અત્યંત ખ્યાતનામ છે. એક ત્યાંની ચેરી લિકરવાળી બ્લેક ફોરેસ્ટ કેક અને બીજી ત્યાંની કૂકુ ક્લોક. હવે બંનેની અમે વારંવાર મજા લઈ ચૂક્યાં છીએ. છતાંય તેનાથી મન નથી ભરાતું. એવામાં મમ્મી અને પપ્પા સાથે ડીપ બ્લેક ફોરેસ્ટમાં પહેલી વાર ગયેલાં. તો ઘણાં વર્ષો પછી ફરી એક વાર દુનિયાની સૌથી પહેલી કૂકુ ક્લોક જોવાનું મન થઈ આવ્યું. અહીં પહેલી વાર ૨૦૧૨માં રોહન અને શ્રદ્ધા જાની સાથે ગયેલાં. ત્યારે ફ્રેશ આંખે પહેલી વાર બ્લેક ફોરેસ્ટને વિગતે જોવાનો મોકો મળેલો. ત્યારે એક ઘરની સાઇઝની ક્લોક જરા વધુ પડતી ભવ્ય અને મજેદાર લાગી હતી. પછી ફરી ૨૦૧૯માં જીગર, આનલ અને આર્યા સાથે પણ ગયેલાં. તે સમયે કેક અને ક્લોક બંનેની શોધ જરા લાંબી ચાલી હતી. એ દશક હજી બદલાયો ન હતો, પણ ત્યાં સુધીમાં ટૂરિઝમ એવું મેઇનસ્ટ્રીમ બની ગયું હતું કે એ વિસ્તારમાં દુનિયાની સૌથી જૂની, સૌથી મોટી, સૌથી સાચી ત્રણ-ચાર કૂકુ ક્લોક નકશા પર દેખાવા લાગી હતી.

હવે ૨૦૨૩માં અમે દૂરબાખથી ફરી દુનિયાની સૌથી જૂની કૂકુ ક્લોક જોવા નીકળ્યાં. સ્વાભાવિક છે, સાથે કેક ખાવાનું પણ જાણે ફરજિયાત જ હતું. માત્ર ગૂગલ પર સૌથી મોટી કૂકુ ક્લોકનું એડ્રેસ અમને કોઈ કોમર્શિયલ સુવિનિયર સ્ટોર પર લઈ આવ્યું. અહીં તો ટૂરિસ્ટ બસ ઠલવાતી હોય તેવું લાગ્યું. પણ અમે જે જોયું હતું તે તો અત્યંત સ્થાનિક, ઓથેન્ટિક અને પારંપરિક હતું. તે ક્લોકને ટૂરિઝમની હવા લાગી ન હતી. કોવિડ પછી જાણે કૂકુ ક્લોકની સંખ્યા પણ વધી ગઈ હોય તેમ અમને આ વખતે નકશા પર અમારી હંમેશવાળી ક્લોક શોધવામાં વાર લાગી, પણ અંતે અમે ત્યાં પહોંચી ગયાં. એ જ લાકડાનું ઘર, આસપાસનાં ઘરો જરા બદલાઈ ગયેલાં. ત્યાં પણ નવું પાર્કિંગ બનાવાયેલું પણ ઘર એનું એ જ હતું. અંદર કાકા પણ એના એ જ હતા. જરા પણ ઈલેક્ટ્રિસિટીનો ઉપયોગ કર્યા વિના, માત્ર લાકડાના મેકેનિઝમથી બનાવેલી આ ઘડિયાળનું સંચાલન તે કાકાએ અમને ફરી એકવાર જર્મનમાં સારી રીતે સમજાવ્યું. અંદર થોડાં લાકડાનાં સુવિનિયર પણ હતાં. કશું બદલાયું ન હતું.

ઘરની પાછળની દીવાલ પર જ ઘડિયાળનું માળખું છે. ત્યાં ત્રણ માળના ઘરના ત્રીજા માળની વચ્ચેની બારીમાંથી દર અડધા કલાકે એક લાકડાની કોયલ બહાર આવીને કૂકુ કૂકુ કરે અને તે જોવા માટે વિઝિટિંગ અવર્સમાં અહીં મુલાકાતીઓ રાહ જોતાં બેઠાં જ હોય. નેક્સ્ટ કૂકુ બહાર આવવામાં હજી દરેક મિનિટની વાર હતી. બહાર બેન્ચ પર નાનાં બાળકોવાળો એક પરિવાર, એક વૃદ્ધ કપલ, વધુ એક પરિવાર ગોઠવાયેલાં હતાં. અમે પણ ત્યાં જઈને ઊભા રહી ગયાં. મમ્મી-પપ્પા માટે તો આ પહેલો અનુભવ હતો. હું પણ તેમને કંઈ અદ્ભુત બતાવવા લઈ આવી હોઉં એવા ઉત્સાહમાં હતી.

ત્યાં ક્લોક આસપાસનું નાનકડું ગાર્ડન, એક પાણીની મિલ, લાકડાનાં શિલ્પ બધું જોઈ લીધું, તે પછી પણ પાંચ મિનિટ બાકી હતી. તડકો જરા આકરો લાગી રહ્યો હતો. અમને તો હજી કંઈ ખાસ સમય નહોતો થયો. ઘણાં લોકો તો વીસ-પચ્ચીસ મિનિટથી બેઠાં હોય તેમ અધીરાં થઈ રહ્યાં હતાં. અંતે બરાબર ત્રણ વાગ્યે વિચિત્ર અવાજ સાથે કૂકુ બહાર આવ્યું. એ લાકડાનું ચકલું જરા તેના પર કોઈ હાથી બેસી ગયો હોય તેવું દબાયેલું લાગતું હતું. તેનો અવાજ પણ થોડો બોદો લાગતો હતો. તેણે થોડી વાર માટે પોતાનો ઘોંઘાટ ચાલુ રાખ્યો. સૌથી લાંબી રાહ જોઈ રહેલો પરિવાર ખડખડાટ હસવા લાગેલો. અમે પણ તેમાં જોડાઈ ગયેલાં. મેં અંદર જઈને પેલા કાકાને પૂછ્યું કે આ તેમના પરદાદાએ બનાવેલી ઘડિયાળ જ છે કે તેમાં કોઈ અપડેટ કે નુકસાન થયું છે. તેમણે મને ખાતરી આપી કે આ એ જ ઓરિજિનલ કૂકુ ક્લોક છે. મને વિશ્ર્વાસ નહોતો થતો કે ભૂતકાળમાં આ કૂકુથી હું એટલી પ્રભાવિત થઈ હતી. ક્યારેક એવું પણ લાગે કે નોસ્ટાલ્જિયાની મજાને આપણે મનમાં ને મનમાં હોય તેના કરતાં વધુ ભવ્ય માનવા લાગતાં હોઈએ છીએ.

કૂકુ ભલે છેતરામણું નીકળ્યું, ત્યાં નજીકમાં જ એક બેકરીમાંથી પાંચ વર્ષ પછી ફરી કેક ખાધી, એ છેતરામણી ન નીકળી. તેનો સ્વાદ યાદ હતો તેનાથી પણ વધુ મજેદાર બની રહ્યો. તે કેક સાથે વાતો ચાલી કે આ રિજનમાંથી લોકો સેલ વિનાની ઓથેન્ટિક ક્લોક લેવા જાય તો તેની કિંમત બસો યુરોથી માંડીને વીસ હજાર સુધીની પણ હોઈ શકે. પારંપરિક ક્લોકમાં ઘરોનો આકાર, આસપાસના ખેડૂત અને ખેતી સંબંધિત પ્રતીકો વચ્ચે આ ક્લોક ક્લિશે તો નથી બની. અહીં ક્લોક ઉપરાંત જોવાલાયક સ્થળોની જરાય કમી નથી. હજી ખૂંદે જવાનું હતું. રિજનનો માહોલ, ત્યાંનાં લાકડાંની ખાસિયતો અને ત્યાંની કેકમાં પણ સ્થાનિક ફલેવરથી હજી મન ભરાયું ન હતું.

**બ્લેક ફોરેસ્ટની બે ચીજો અત્યંત ખ્યાતનામ છે. એક ત્યાંની ચેરી લિકરવાળી બ્લેક ફોરેસ્ટ કેક અને બીજી ત્યાંની કૂકુ ક્લોક. હવે બંનેની અમે વારંવાર મજા લઈ ચૂક્યાં છીએ. છતાંય તેનાથી મન નથી ભરાતું.**



## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૩૧ માર્ચ ૨૦૨૫**

# સાંસદોનો વેતનવધારો

જનતાના સેવક ગણાતા દેશના સંસદસભ્યોનાં વેતનમાં ૨૪ ટકાનો માતબર વધારો થયો તેના સ્વાભાવિક રીતે પ્રત્યાઘાત તો પડયા છે. સામાન્ય નાગરિકોનો પ્રતિભાવ અને વિચાર અહીં સમજી શકાય, પરંતુ તેને સીધું અનુમોદન આપી શકાય નહીં. સાંસદોના પગાર, ભથ્થાં અને પેન્શનનો વધારો સ્વાભાવિક રીતે જ રાષ્ટ્રીય ચર્ચાનો મુદ્દો બને. પ્રતિક્રિયાઓ સોશિયલ મીડિયાથી લઈને પાનના ગલ્લા પર થતી ચર્ચામાં વ્યક્ત થઈ રહી છે. લોકપ્રતિનિધિઓના પગારમાં થયેલા વધારાથી સામાન્ય માણસોને કદાચ આંચકો લાગે કે નારાજગી થાય, પરંતુ અન્ય કેટલીક બાબતો પણ તેમાં સાથે વિચારવાની જરૂર છે. બે-ત્રણ બાબત અગત્યની છે. એક તો દેશમાં બેકારીનું પ્રમાણ હજી છે. યુવાનોને નોકરી મળતી નથી, વધતા ફુગાવા-મોંઘવારીનો ભોગ મધ્યમ વર્ગ બની રહ્યો છે, ત્યારે સાંસદોના પગાર કે પેન્શન વધે તો લોકોને સૂક્ષ્મ ઈર્ષ્યા થાય. મહિને રૂપિયા એક લાખમાંથી હવે સીધા રૂા. ૧.૨૪ લાખ મળશે. પ્રજા એ વાતની પણ નોંધ લે છે કે, કોઈ પણ વાતમાં વિરોધ કરતો વિપક્ષ ક્યારેય ભથ્થા કે પગારની બાબતમાં અસંમત નથી હોતો. જો કે, કેન્દ્ર અને વિવિધ રાજ્યોની સરકાર કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાંમાં વધારો કરે છે. સવાલ નિજી ક્ષેત્રો માટેનો છે. સાંસદોનો પગાર વધારો એ સરકાર તરફથી કે સંસદ તરફથી થતો કોઈ અપરાધ નથી, તેનો કોઈ વિરોધ કરવાની પણ જોગવાઈ નથી,

પરંતુ જ્યારે-જ્યારે આવો વધારો થાય છે, ત્યારે પ્રજાના મનમાં નારાજગી શા માટે થાય છે? આપણા દેશમાં દાયકાઓથી, એટલે આમ તો આઝાદી મળી તે પછીના થોડાં જ વર્ષોથી રાજકીય પક્ષના કાર્યકર્તાઓ, નેતાઓ, ઉચ્ચ પદ ધરાવતા લોકોની છાપ ભ્રષ્ટ તરીકે પડી અને ઉપસી. લોકોનાં મનમાં એક વાત ધીમે-ધીમે દૃઢ થતી ગઈ કે રાજનીતિમાં જે વ્યક્તિ હોય તે ક્યારેય પ્રમાણિક રહી શકે જ નહી. તેને લીધે એવું થયું કે, આ પગાર વધે ત્યારે એવા પ્રશ્ન થાય કે તેમને શું જરૂર? ધારાસભ્યો કે સાંસદો તો સંપત્તિવાન હોય છે. સ્વતંત્રતા મળી તે પછીના સમયમાં રાજનીતિ લોકસેવાનું માધ્યમ હતું અને પછી તેમાં પરિવર્તન થયું તે પણ સૌ જાણે છે, પરંતુ એક જ દૃષ્ટિએ બધાને જોવા તે પણ યોગ્ય નથી. સાંસદો-ધારાસભ્યોથી લઈને કોર્પોરેટર્સના ભથ્થાં-પગારના વધારાને અન્ય રીતે પણ જોવો આવશ્યક છે. કોઈ સાંસદ પોતાના વિસ્તારમાં કાર્યાલય ખોલે તેનો જ ખર્ચ જંગી હોય, ત્યાં કોઈ અરજદાર, કાર્યકર્તા જાય એટલે તેમની આગતા-સ્વાગતાનો ખર્ચ થાય. બહારગામથી કોઈ આવ્યું હોય તો ભોજન, કોઈ સંસ્થાને અપાતું દાન જેવા અનેક ખર્ચ હોય. દિલ્હી કે ગાંધીનગરના બંગલો કે ક્વાર્ટરમાં દરરોજ કાર્યકર્તાઓનો મોટો સમુદાય હોય, ત્યાંનો ભોજન ખર્ચ હોય તે બધું લોકપ્રતિનિધિએ નિભાવવાનું હોય. અનેક ધારાસભ્યો કે સાંસદોને એવું કહેતા આપણે સાંભળ્યા છે કે, આટલા રૂપિયા તો ક્યારે ક્યાં પૂર્ણ થઈ જાય તે ખબર પણ પડતી નથી, એટલે આ પગારભથ્થાંના વધારાનો સીધો જ વિરોધ કરવાને બદલે આ વિચાર પણ કરવા જેવો ખરો. કારણ કે, લોકપ્રતિનિધિઓના ખર્ચ ઓછા હોતા નથી. પગારભથ્થાનો વિરોધ લોકો ન કરે તે માટે સાંસદોએ શું કરવું જોઈએ? તેમણે ખરેખર લોકોનો એવો વિશ્વાસ સંપાદિત કરવો જોઈએ કે પોતે આટલાં ભથ્થા અને પગારમાં જ પોતાનો વ્યવહાર ચલાવે છે. રાજકીય પદ માટે આથી વિશેષ કોઈ આવક તેમના માટે નથી. પ્રજાએ આખી વાતને સમજવી જોઈએ કે, આ ભથ્થા તેમને તેમના પદની જવાબદારી નિભાવવા, જનપ્રતિનિધિ તરીકે મળે છે, તેમનો જીવન વ્યવહાર ચલાવવા માટે નહીં.

# શાંતિ અને સુરક્ષા માટે આવકાર્ય નીતિ

લોકસભામાં ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ, ૨૦૨૫ની ચર્ચાનો જવાબ આપતાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું છે કે, બિઝનેસ, શિક્ષણ અને રોકાણ માટે ભારતમાં આવતા વિદેશીઓનું સ્વાગત છે, પરંતુ જે લોકો દેશની સુરક્ષા માટે ખતરો ઊભો કરે તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે. આ દેશ કોઈ ધર્મશાળા નથી. આ બિલની એક મહત્ત્વની જોગવાઈ એ છે કે, ભારતમાં પ્રવેશવા, રહેવા કે બહાર જવા માટે બનાવટી પાસપોર્ટ કે વિઝાનો ઉપયોગ કરનારી વ્યક્તિને સાત વર્ષ સુધીની જેલની સજા અને દંડ બન્ને થશે. આ દંડની રકમ મહત્તમ ૧૦ લાખ રૂપિયા છે. આ ખરડામાં ભારતની મુલાકાત લેનારી દરેક વ્યક્તિ પર ચાંપતી નજર રાખવાની જોગવાઈ પણ છે. અમેરિકા સહિત દુનિયાભરમાં જ્યારે ગેરકાયદે પ્રવાસીઓ અને રહેવાસીઓને લઈ દેશનિકાલ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે, ત્યારે ભારતમાં પ્રવાસન નીતિના ખરડા પરની ચર્ચા ધ્યાન ખેંચે છે. સ્વતંત્રતા પછી ભારત આવનારા લોકોને લઈ ભારતે સખતાઈ રાખી નથી. આનું કારણ છે કે, ભારતથી અલગ થયેલાં પાકિસ્તાન, બાંગલાદેશ ઉપરાંત પડોશી નેપાળ, ભુતાન, મ્યાંમાર, શ્રીલંકા, અફઘાનિસ્તાનથી લોકો ભારત આવી રહેવા-વસવા લાગ્યા છે. ભારત અન્ય દેશોના લોકો માટે સુરક્ષિત દેશ રહ્યો છે, પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે. ખોટી મુરાદથી આવનારા પ્રવાસી, ગેરકાયદે નાગરિકો ભારત માટે સમસ્યા છે. ગૃહપ્રધાન અમિત શાહે સંસદમાં ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ, ૨૦૨૫ની ચર્ચા દરમિયાન જવાબમાં બે ટૂંકા સંદેશ આપ્યા છે કે, ભારત કોઈ ધર્મશાળા નથી કે, કોઈપણ જ્યારે ઈચ્છે ત્યારે અહીં આવીને રહે. અશાંતિ સર્જવા માટે આવનારાઓને સરકાર કઠોરતાથી પહોંચી વળશે. જોવામાં આવ્યું છે કે, દેશમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારા આતંકવાદ, હિંસા, ડ્રગ્સ, દાણચોરી વગેરેમાં લિપ્ત રહે છે, જે દેશની શાંતિમાં ખળભળાટનું કારણ બની રહ્યા છે. નવા ખરડામાં જોગવાઈ છે કે, ભારતમાં વ્યાપાર, શિક્ષણ અને રોકાણ માટે આવનારાઓનું સ્વાગત થશે, પરંતુ શંકાસ્પદ અને ખોટી મુરાદથી અને અશાંતિ ફેલાવનારા મનસૂબા સાથે ઘૂસનારાઓને કડકાઈથી પહોંચી વળવામાં આવશે. શાંતિ અને સુરક્ષા માટે આ નીતિ આવશ્યક છે. ભારતમાં કોણ આવે છે અને કેટલા સમય માટે રોકાય છે, દેશની સુરક્ષા માટે સરકારને આ જાણવાનો અધિકાર છે. ભારતે હજી સુધી શરણાર્થી સંબંધી આંતરરાષ્ટ્રીય સંધિ પર હસ્તાક્ષર નથી કર્યા. આની પાછળ દલીલ છે કે, પાંચ હજાર વર્ષથી પ્રવાસીઓ વિશે ભારતનો ટ્રેક રેકોર્ડ બિનકલંકિત રહ્યો છે અને કોઈ શરણાર્થી નીતિની આવશ્યકતા નથી. ભારતનો શરણાર્થી પ્રતિ એક ઈતિહાસ રહ્યો છે. અતિથિ દેવો ભવઃ પારસી ભારતમાં આવ્યા. ઈઝરાયલથી યહૂદી ભારતમાં આવી રહ્યા છે. કાળક્રમમાં અનેક લોકો ભારતમાં વસવાની દૃષ્ટિએ આવ્યા છે, પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે, અશાંતિ ફેલાવનારાઓને રોકવા આવશ્યક છે. આખી દુનિયાનાં અર્થતંત્રની સૂચિમાં ભારત એક 'બ્રાઈટ સ્પોટ' બનીને ઉદય પામ્યું છે. એક વિભિન્નપૂર્ણ કેન્દ્ર બન્યું છે, તેથી દેશમાં આવનારાઓની સંખ્યા વધશે. ભારતના વિકાસમાં યોગદાન આપવા માટે આવનારા દેશ માટે 'એસેટ' હશે, પરંતુ અસ્થિરતા અને અશાંતિ ફેલાવવા કોઈ આવશે તો ચલાવી શકાય નહીં. બાંગલાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો જે રીતે સરકાર માટે સંકટ બન્યા છે. ભારત છ પડોશી દેશના પ્રતાડિત લોકોને નાગરિકતા સંશોધન કાયદાનાં માધ્યમથી નાગરિકતા આપી રહ્યું છે. ભારતને એક સુરક્ષિત અને નાગરિક વિનિમય રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવું આવશ્યક છે. નાગરિકતાને લઈ ભારતની સોફ્ટ પાવરની છબીને બદલીને આકરી દેખરેખ સાથે નિયમ આધારિત બનાવવી જોઈએ. નાગરિકતાના પ્રશ્ને રાજનીતિ નહીં થવી જોઈએ. અતિથિ દેવને બદલે દાનવ આતંકી આવે તો તેનું 'સ્વાગત' યોગ્ય રીતે જ થવું જોઈએ અને થશે જ તેવી સ્પષ્ટ ચેતવણી ગૃહપ્રધાન અમિત શાહે આપી છે.

**રાજકીય પ્રભાવ - દબાણનો વિવાદ - સંસદ અને સુપ્રીમ કોર્ટની સત્તા બાબત પણ વર્ષોથી ચાલે છે.**

# સર્વોપરી કોણ ?: સંસદ કે સુપ્રીમ કોર્ટ ?

દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માના સરકારી બંગલામાં આગ બૂઝાવવા ગયેલા ફાયર બ્રિગેડને ૫૦૦ રૂપિયાની ચલણી નોટો અર્ધબળેલી હાલતમાં મળી અને કોથળાઓમાં પણ નોટોના ઢગલા મળ્યા, તે નાણાં ક્યાંથી આવ્યાં તેની તપાસ સુપ્રીમ કોર્ટે નીમેલી ત્રણ જજની સમિતિ કરી રહી છે અને જસ્ટિસ વર્માને એમની મૂળ - અલાહાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે ત્યારે ત્યાંના વકીલોએ વર્માનો બહિષ્કાર કરીને હડતાળ શરૂ કરી છે. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના પ્રશ્ન ઉપરાંત હવે સંસદ અને સુપ્રીમ કોર્ટ - બંનેમાં સુપ્રીમ - સર્વોપરી કોણની ચર્ચા - વિવાદ શરૂ થયો છે. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કમિટેડ - સરકારી કંઠી પહેરેલા ન્યાયમૂર્તિઓની શરૂઆત - કરી અને નિષ્ઠાવાન વરિષ્ઠ ન્યાયમૂર્તિઓને હાંસિયામાં ધકેલીને, ઉપરવટ જઈને જુનિયરને બઢતી આપી ત્યારથી ન્યાયતંત્ર - સુપ્રીમ કોર્ટની પ્રતિષ્ઠાને ગ્રહણ લાગ્યું હતું. ન્યાય માટે સુપ્રીમ કોર્ટ સુધી લડી લેશું - એવો આમઆદમીનો વિશ્વાસ ત્યારથી ઘવાયો છે ! રાજકીય પ્રભાવ - દબાણનો વિવાદ - સંસદ અને સુપ્રીમ કોર્ટની સત્તા બાબત પણ વર્ષોથી ચાલે છે. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક વિશેષ સમિતિ - કોલેજિયમ દ્વારા થાય છે, પણ ૨૦૧૪માં આ પ્રથા સુધારવા માટે સંસદમાં નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન એક્ટ - સર્વાનુમતે પસાર થયો. સુપ્રીમ કોર્ટે તેને રદ કર્યો. હવે જસ્ટિસ વર્માનો કેસ આવતાં રાજ્યસભામાં ઉપરાષ્ટ્રપતિ - રાજ્યસભાના અધ્યક્ષે સર્વપક્ષી બેઠક બોલાવીને કહ્યું છે કે જો ૨૦૧૪નો કાનૂન આજે હોત તો સ્થિતિ જુદી હોત. હવે સંસદમાં રાજકીય સહમતી - સર્વસંમતિ થાય છે કે નહીં તે જોવાનું છે. જસ્ટિસ વર્માએ સમજીને સમયસર રાજીનામું આપી દેવાની જરૂર હતી. અદાલતમાં એમને કામની ફાળવણી બંધ કરીને અલાહાબાદ ટ્રાન્સફર કરવાની જાહેરાત થઈ અને અન્ય ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશોની તપાસ સમિતિ નીમવામાં આવી તે સામે વિવાદ અને વિરોધ છે ! ન્યાયાધીશની નિમણૂક અને 'શિસ્તભંગ'નો નિર્ણય પણ ન્યાયાધીશો કરે ? એમના માટે ન્યાયનાં ધોરણ અલગ હોય ? જજીસ-પ્રોટેક્શન એક્ટ ૧૯૩૫ છે અને તે હેઠળ ન્યાયાધીશનાં પદ ઉપર હોય તે દરમિયાન એમની સામે અન્ય કોઈ કાર્યવાહી થઈ શકે નહીં. ન્યાયતંત્રની સ્વાયત્તતા જરૂરી છે, પણ 'ન્યાયના ભોગે' આવો અન્યાય થઈ શકે ? કહેવાય છે કે કાયદાના હાથ લાંબા છે - ગમે ત્યાં પહોંચી શકે, પણ ન્યાયતંત્રને 'લક્ષ્મણરેખા'નું રક્ષણ છે ? અલબત્ત, કોઈપણ ન્યાયમૂર્તિને સંસદમાં ઈમ્પિચમેન્ટ - મહાઅભિયોગ ચલાવીને સજા કરી શકાય, પણ આ પ્રક્રિયા આસાન નથી. આ માટેના પ્રસ્તાવ ઉપર ૫૦ સભ્યની સહી હોવી જોઈએ અથવા લોકસભાગૃહના ૧૦૦ સભ્યની સહી હોય તે પછી ત્રણ સભ્ય - સુપ્રીમ કોર્ટના જસ્ટિસ, હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને ત્રીજા પ્રખર કાનૂની નિષ્ણાત-ની સમિતિ તપાસ કરીને સંસદને અહેવાલ આપે. બહુમતીથી પસાર થાય તો સજા થાય. ન્યાયતંત્રની પ્રતિષ્ઠા ઘવાય તેવાં કૃત્ય માટે સજા થઈ શકે. ૨૦૧૪ના કાયદાને સોળ રાજ્યની વિધાનસભાઓએ સમર્થન આપ્યું હતું અને ૧૫ ડિસેમ્બરે રાષ્ટ્રપતિએ મંજૂરીની મહોર મારી હતી. દસ મહિના પછી ઓક્ટો. - ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટે કાનૂન રદ કર્યો હતો. હવે જસ્ટિસ વર્માના કેસ પછી સંસદમાં આ કાનૂન ફરીથી લાવવાની ચર્ચા થઈ રહી છે, તેથી સર્વોપરી કોણનો વિવાદ પણ થઈ રહ્યો છે. ન્યાયતંત્રની સ્વાયત્તતા ઉપર સરકારી - રાજકીય તરાપ પડવાની આશંકા રહે છે.

અલબત્ત, ઈન્દિરા ગાંધીએ કમિટેડ સરકાર - નેતાને વફાદાર ન્યાયતંત્રનો આગ્રહ રાખ્યો હતો અને પ્રયાસ પણ કર્યો હતો. મોરારજીભાઈ દેસાઈની જનતા સરકાર આવ્યા પછી સ્વાયત્ત - (સરકારના અંકુશ વિના - ) ન્યાયતંત્રની આશા જાગી હતી. હવે ન્યાયતંત્રની સ્વાયત્તતા જોખમમાં આવી શકે ? વાસ્તવમાં ન્યાયાધીશો અને ન્યાય વચ્ચે લક્ષ્મણરેખા નહીં, પણ ન્યાયતંત્ર અને સરકાર વચ્ચે લક્ષ્મણરેખા હોવી જોઈએ. ન્યાયતંત્રની 'એકાઉન્ટેબિલિટી' - હોવી જોઈએ. જો સવાલદારી અને જવાબદારી હોય નહીં, તો ન્યાયતંત્રનો અર્થ નથી. આ સાથે ન્યાયતંત્રની નિષ્ઠાને યોગ્ય રક્ષણ પણ અનિવાર્ય છે. ન્યાયતંત્રની નિષ્ઠા અને પ્રતિષ્ઠાનું પ્રમાણ માત્ર નેતાઓના હાથમાં નહીં - આમઆદમીની નજરમાં હોય છે. આજે આમઆદમી માટે સુપ્રીમ કોર્ટ કરતાં નીચલી અદાલતો વધુ મહત્ત્વની છે. હજ્જારો - લાખ્ખો કેસ તારીખ પે તારીખમાં અટવાયા છે. નીચલી અદાલતોની હાલત જેમણે જોઈ હોય અને ભોગવી હોય એમને પૂછો. હજી પણ જ્યાં કોમ્પ્યુટર સિસ્ટમ નથી અને બેસવાના બાંકડા (ખુરસી!) પણ નથી. આ હાલત સુધરશે ? ફરિયાદી - અરજદારો પણ જાણે છે કે નાણાં ન્યાય તોળે છે ! વકીલોની ફી ઉપરાંત 'સેટલમેન્ટ નહીં, સેટિંગ'નું મહત્ત્વ સમજાય છે. આ સંદર્ભમાં વર્માનો કેસ જાહેરમાં આવ્યા પછી સોશિયલ મીડિયામાં વાયરલ થયેલો મેસેજ છે : વકીલોને ફી શા માટે આપવી ? જજને જ સાધી લેવા ! વર્ષો પહેલાં પ્રાથમિક શાળાનાં પાઠ્યપુસ્તકમાં એક વાર્તા હતી - ઘણા વરિષ્ઠ વાચકોને યાદ હશે... એક નાની અદાલતમાં ગરીબ માણસે આજીજી કરી કે સાહેબ મારી પાસે વકીલ નથી, સાક્ષી નથી - મારું ખેતર - ઘર બચાવો... ત્યારે ન્યાયાધીશે કહ્યું - મારી પાસે તારા ૧૦૦ સાક્ષી છે - એમ કહીને એમણે ટેબલ ઉપર એકસો રૂપિયા ઠાલવ્યા... આ રકમ મને ગઈકાલે જ આપવામાં આવી છે, પણ હું આ રૂપિયાને તમારા સાક્ષી ગણું છું - એમ કહીને ચુકાદો આપ્યો. ન્યાયતંત્ર ઉપર નાણાંનો પ્રભાવ નવો નથી, પણ ન્યાયાધીશો 'નવા' છે ! - આપણાં ચૂંટણી વચનો અને રાજકારણમાં નાણાંશાહીની બોલબાલા છે. ભૂતકાળમાં લોકસભામાં કરન્સી નોટોની છોળ ઊડી હતી, તે યાદ છે ? તપાસ થઈ ! કોણ પકડાયું ? કોને સજા થઈ ? હર્ષદ મહેતાની સૂટકેસ અને નરસિંહ રાવની ઘટના યાદ છે ? લોકસભામાં અવિશ્વાસ ઠરાવની ચર્ચા ચાલતી હતી - (૨૨મી જુલાઈ - મંગળવાર - ૨૦૦૮) ભાજપના ત્રણ નાયબ નેતા વી. કે. (વિજયકુમાર) મલ્હોત્રા ઠરાવ ઉપર બોલી રહ્યા હતા, ત્યારે ત્રણ સભ્ય - અશોક આરગણ, ફાગનસિંહ કુલસ્તે અને મહાવીર ભાગોરાએ ઊભા થઈને ચલણી નોટોનાં બંડલ - ઊંચા હાથ કરીને ગૃહમાં બતાવ્યાં ત્યારે ઘડીભર સર્વે સ્તબ્ધ થઈ ગયા. શું ચાલે છે તેનો અંદાજ આવ્યો નહીં. ગૃહમાં સ્પીકર સોમનાથ ચેટરજીની ગેરહાજરીમાં નાયબ સ્પીકર ચરણજિતસિંઘ અટવાલ અધ્યક્ષસ્થાને હતા અને હો - હા મચી ગઈ. ભાજપના સભ્યો ગૃહમાં સ્પીકરનાં આસન સુધી ધસી આવ્યા - ત્રણે સભ્ય હાથમાં હજાર - હજારની નોટ બતાવીને કાંઈ બોલી રહ્યા હતા, પણ શબ્દો ઘોંઘાટમાં દબાઈ જતા હતા - કેટલાક ગૃહમાં ઉપર પ્રેસ ગેલરીમાં બેઠેલા પત્રકારો પણ વિચારતા હતા કે - આ સભ્યો શું કહેવા માગે છે? એક સભ્યના એક કરોડ? કે એક સભ્યના ત્રણ કરોડ? - કોંગ્રેસી સભ્યો પણ મેદાનમાં આવી ગયા - કોના પૈસા છે ? ભાજપના સભ્યો કહેતા હતા કે કોંગ્રેસે વોટ માટે નોટનાં બંડલ આપ્યાં છે - પ્રવીણ રાષ્ટ્રપાલ અને લાલસિંહ પણ 'મેદાન'માં હતા. લોકસભાનાં ટેબલ ઉપર ચલણી નોટોના થોકડા પડે - એવું આ પ્રથમ વખત બન્યું. કેટલાક સભ્યો 'નાણાં વ્યવહાર'થી અપાત્ર - ગેરલાયક ઠરીને બરતરફ થયા છે, પણ આજનો પ્રસંગ સંસદીય ઈતિહાસનું કલંક ગણાશે.

**ચરિત્ર ખૂબ ગંભીર બાબત છે, એમાં બનવું પડે છે, પસંદ કરવું પડે છે કે આ કરવું છે અને આ નથી કરવું.**

# બજાઓ ઢોલ સ્વાગત મેં, મેરે ઘર રામ આયે હૈં...

**જીવનમાં ડગલે ને પગલે શ્રેય અને પ્રેયની પસંદગી આવે છે.**

રામ મંદિરના ઉદ્ઘાટનનો સમય નજીક આવતો જાય છે તેમ લોકોનો ઉત્સાહ વધતો જાય છે. આજકાલ કોઈપણ ન્યૂઝ ચેનલ જુઓ, રામ લલ્લાની જ વાતો થઈ રહી છે. ઈતિહાસને ફરીથી યાદ કરાઈ રહ્યો છે. જોકે ઈતિહાસ એટલા માટે ભણીએ છીએ કે થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય. આશા રાખીએ કે ભૂતકાળમાં થયેલી ભૂલો ફરી ન થાય. ગામે ગામથી લોકો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા થનગની રહ્યા છે. કોઈ સૌથી મોટી ધજા તો કોઈ નગારા તો કોઈક દીવાઓ લઈ અયોધ્યા તરફ જઈ રહ્યું છે. આૅલ રોડ્સ લીડ ટુ અયોધ્યા જેવો ઘાટ સર્જાયો છે. પૂરા ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ રામલલ્લા પોતાના જન્મસ્થાને વિરાજશે. ભગવાન શ્રીરામ કરોડો હિંદુઓના આરાધ્ય છે. આસ્થાનું પ્રતીક છે. રામાયણની કથા જ્યાં સુધી સૃષ્ટિ રહેશે ત્યાં સુધી ગવાતી રહેશે. કહે છે કે જ્યાં સુધી આ પૃથ્વી પર પર્વતો સ્થિર રહેશે અને નદીઓ સમુદ્ર તરફ વહેતી રહેશે ત્યાં સુધી રામાયણ કથા સંસારમાં વ્યાપ્ત રહેશે.રામાયણ કથાનો પાયો ચિરંજીવી છે. રામાયણ અને મહાભારત એ બે દિવ્ય ગ્રંથો ભારતના અણમોલ સાંસ્કૃતિક વારસાની ધરોહર છે. બીજી એવી કોઈ પુરાતન કથા નથી જે રામાયણ અને મહાભારત જેટલો વ્યાપક પ્રસાર ધરાવતી હોય. ભારતીય માનસમાં તાણાવાણાની જેમ વણાયેલા રામાયણમાં રામનું અયન એટલે ભગવાન શ્રીરામની ગતિ આલેખાઈ છે. સમગ્ર રામાયણને તમે પૂજનીય ગ્રંથ માનીને પૂજા કરો તેને બદલે તેનું અધ્યયન કરો તો શક્યછે કે તમારા જીવન પ્રત્યેના દૃષ્ટિકોણમાં ધરમૂળથી પરિવર્તન આવે. રામાયણમાં રામ સતત અયને ટલે કે ગતિ કરતા રહ્યા છે. જે કોઈ પરિસ્થિતિ આવી પડી તેનો સહજ અને સહર્ષ સ્વીકાર શ્રીરામ પાસેથી શીખવા જેવો છે. બીજા દિવસે રાજ્યાભિષેક હોય અને આગલા દિવસે ૧૪ વર્ષના વનવાસને સહજતાથી રામ જ સ્વીકારી શકે.આજના સત્તા માટે ગમે તેની સાથે તડજોડ કરવા તૈયાર થઈ જતા રાજકારણીઓ કૂદી કૂદીને અમે રામજન્મભૂમિ પાછી મેળવી એવા નારા લગાવી હિંદુત્વના મોજા પર સવાર થઈ સત્તા નામની સુંદરીને કાયમ મેળવવા વલખાં મારતા જોવા મળે છે. એક જૂના પણ અઠંગ રાજકારણી મારા કારણે રામ જન્મભૂમિ અને અયોધ્યા તરફ લોકોનું ધ્યાન ખેંચાયું અને આજે સત્તા પર એ લોકો જેને મેં રસ્તો બતાવ્યો એ બેસી ગયા અને હું જ રહી ગયો એવા પીપૂડા વગાડી રહ્યા છે. આવા સત્તાભૂખ્યા રાજકારણીઓને શ્રીરામ અને ભરતનું ચરિત્ર વંચાવવું જોઈએ. રામે વનવાસ સ્વીકાર્યો પણ ભરતે તો રાજગાદી તાસકમાં મળી તેને ઠુકરાવી રામની પાદુકાઓ રાજ સિંહાસન પર મૂકી વનવાસી બની એક ઉત્તમ દાખલો બેસાડ્યો. રામાયણ જીવનનું શિક્ષણ છે. રામાયણ જીવન જીવતાં શીખવે છે. આદર્શ પતિ, આદર્શ પત્ની, આદર્શ ભાઈ, આદર્શ સેવક, અરે... આદર્શ શત્રુ કેવો હોવો જોઈએ એનાં ઉત્તમ ઉદાહરણો રામાયણ પૂરાં પાડે છે.ભગવાન શ્રીરામનું ચરિત્ર અનંત છે એટલે જ તુલસીદાસજીએ કહ્યું છે કે હરિ અનંત હરિકથા અનંતા. શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ છે એટલે તેમનું ચરિત્ર ચિત્રણ સમાજ માટે આદર્શ છે. જગતના અતિ ઉત્તમ અને સર્વોત્તમ ગુણોનો સમુચ્ચય એટલે રામચરિત્ર. સમગ્ર રામાયણમાં ભગવાન શ્રીરામનું ચરિત્ર ઉપસે છે. ચરિત્ર ખૂબ ગંભીર બાબત છે, એમાં બનવું પડે છે, પસંદ કરવું પડે છે કે આ કરવું છે અને આ નથી કરવું. જીવનમાં ડગલે ને પગલે શ્રેય અને પ્રેયની પસંદગી આવે છે. તમે કોને પસંદ કરો છો તેના આધારે તમારું ચરિત્ર ઘડાય છે. વાલ્મિકી ઋષિએ રામાયણ મહાકાવ્યના મહાનાયક તરીકે શ્રીરામને નરપુંગવ તરીકે માનવશ્રેષ્ઠ તરીકે આલેખ્યા છે, તેનું કારણ રામને ભગવાન બનાવવાનું નથી પરંતુ આપત્તિઓ સહન કરીને, ઠોકરો ખાઈને, સ્વજનોનો વિયોગ સહન કરીને દુ:ખો ભોગવતાં ભોગવતાં દેવત્વ તરફનું અયન બતાવવા માટે છે.રામાયણમાં દરેક પ્રસંગોમાં રામ આદર્શ માનવ તરીકે ઉપસ્યા છે. ક્યાંય તેમણે ભગવાન બની જવાનો પ્રયાસ નથી કર્યો. સીતાને મેળવવા વાનરોની સહાય લીધી, સમુદ્ર પર પુલ બાંધવા માટે પણ બીજાઓ પાસેથી મદદ મેળવી, લ-મણને બચાવવા સંજીવની જરૂરી હતી તો હનુમાનજીની મદદ માગી, રાવણને હરાવવા વિભિષણની મદદ મેળવી. ક્યાંય તેમણે ચમત્કારો કરી ભગવાન બની જવાનો પ્રયત્ન જ નથી કર્યો. બાકી રામ ઈચ્છતા હો તો એક જ બાણથી રાવણ વધ કરી શક્યા હોત, પણ તેમણે એવું ન કર્યું. બધાના સાથ-સહકારથી લંકા જીત્યા. ક્યાંય મેં કર્યું એવી બડાઈ નથી કરી. આ બાબત તેમને મનુષ્યત્વ તરફથી દેવત્વ તરફ લઈ જાય છે.મનુષ્ય ઉચ્ચ ધ્યેય અને આદર્શોનું આજીવન પાલન કરે, સત્તાલાલસાથી દૂર રહી સહજના કિનારે સતત ગતિ કરતો રહે તો દેવત્વને પામી શકે છે તેવી પ્રતીતિ ઋષિ વાલ્મિકીએ કરાવી છે. વિકારો, વિચારો અને વર્તનમાં કોઈ જગ્યાએ મર્યાદાનું ઉલ્લંઘન ન કરીએ તો જ મર્યાદા પુરુષોત્તમ બનાય તે શ્રીરામે ચરિતાર્થ કરી બતાવ્યું છે. રામ જેવા ગુણ મારામાં લાવીશ એટલે હું રામ જેવો બનીશ એવી મહત્ત્વાકાંક્ષા દરેક માનવ મનમાં નિર્માણ થાય તે માટે વાલ્મિકી ઋષિએ લેખની પકડી હતી. વાલ્મિકીને માનવના સદ્ગુણોની ટોચ દેખાડવીહતી. માનવ પણ કર્તૃત્વ શક્તિથી પ્રભુ થઈ શકે છે એ વાલ્મિકી ઋષિએ શ્રીરામના ચરિત્ર ચિત્રણ દ્વારા બખૂબી સમજાવ્યું છે. આજે હજારો વર્ષો પછી પણ રામાયણ પ્રતીતિજનક લાગે છે તેનું કારણ તેના પ્રાણવાન ચરિત્રો છે. ટાગોરે રામાયણને ગૃહસ્થ જીવનનું મહાકાવ્ય અમસ્તું નહીં કીધું હોય!શ્રીરામના જીવનમાં સતત ભાવના અને કર્તવ્ય વચ્ચેનો આંતરદ્વંદ્વ નિરુપાયો છે. જીવનના છેલ્લા પ્રવાહ સુધી શ્રીરામે ભાવનાઓને કર્તવ્ય પર હાવી થવા દીધી નથી. સરયૂનાં નીર કેટલા ભાગ્યશાળી હશે જ્યાં ભગવાન શ્રીરામે જળસમાધિ લીધી. અત્યારે ફરી એકવાર અયોધ્યામાં 'મેરે ઘર રામ આયે હૈં'ની લહેર છે. લંકાવિજય પછી રામ લ-મણ અને સીતા સહિત અયોધ્યા આવેલા ત્યારે અયોધ્યાવાસીઓએ દીવડા પ્રગટાવી રામના આગમનને વધાવ્યું હતું. કદાચ ત્યારથી જ દિવાળી મનાવવાની શરૂઆત થઈ હશે. આજે વર્ષો પછી પુનઃ અયોધ્યામાં દિવાળી ઉજવવાની શુભ ઘડીઓ નજીક આવી રહી છે. રામ લલ્લા પોતાના જન્મસ્થળે અધિકૃત રીતે બિરાજશે ત્યારે પ્રત્યેક ભારતવાસીને અનહદ આનંદ તો થશે જ, સાથે આધ્યાત્મિકતાના પથ પર ચાલીને રામરાજ્ય પુનઃ સ્થાપિત થવાનું સ્વાભિમાન પણ જાગશે.પ્રત્યેક મનુષ્યની ભીતર રામત્વ અને રાવણત્વ રહેલું હોય છે. સત અને અસતનો સંઘર્ષ સદીઓથી ચાલતો આવ્યો છે. જ્યારે જ્યારે અસત તત્ત્વ પર સત તત્ત્વનો વિજય થાય ત્યારે પ્રત્યેક મનુષ્ય રામજન્મનો ઉલ્લાસ મનાવવો જોઈએ. રામરાજ્ય સ્થપાય એવી દરેકની ઝંખના તો જ ફળીભૂત થાય, જો દરેક મનુષ્ય દેવત્વ તરફ ગતિ કરે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ની એ અભૂતપૂર્વ ક્ષણને પ્રત્યેક આસ્થાળુ જીવનભર યાદ રાખશે જ, કેમ કે 'મેરે ઘર રામ આયે હૈં...'

**તેમના મતે યુવાનોએ સેવાના કાર્યોમાં મોડુ ન કરતા લાગી જવું જોઈએ.**

# સ્વામી વિવેકાનંદ : યુવાનો, આદર્શ અને રાષ્ટ્ર ઉત્થાન

**સ્વામી વિવેકાનંદ સૈદ્ધાંતિક રીતે એ વાતનો સ્વીકાર કરતા કે સમગ્ર જીવન જેટલા પ્રમાણમાં પવિત્રતાના આદર્શને અભિવ્યક્ત કરે છે તેટલા પ્રમાણમાં તે મહાન છે.**

સ્વામી વિવેકાનંદ કહેતા કે, મારા નામ ને આગળ લાવવાની જરૂર નથી, મને તો મારા વિચારોને મૂર્તિમંત થતા જોવાની ઈચ્છા છે. સ્વામી વિવેકાનંદની ઈચ્છાને ફળીભુત કરવા આજે યુવાનોએ એ કાર્ય કરવાનું છે જે સ્વામી વિવેકાનંદે ચીંધ્યુ છે. રાષ્ટ્રનો ઉદ્ધાર: વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંથી વિવિધ પ્રકારનું શિક્ષણ લઈને વિશ્વ સાથે કદમ મિલાવવા થનગનતા યુવાનોમાં રાષ્ટ્રોદ્ધાર માટે અદમ્ય જુસ્સો અને ભરપુર આત્મવિશ્વાસ હોવો જોઈએ. શિક્ષણ દરમિયાન થયેલા મહાન વ્યક્તિત્વોના શાબ્દિક પરિચયથી ખીલવેલી પોતાની શક્તિને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં લગાડવી જોઈએ.એક શિક્ષણવિદ તરીકે ડૉ. એ.પી.જે અબ્દુલકલામ કહેતા કે અનેક પડકારજનક પરિસ્થિતિમાંથી સફળતાપુર્વક બહાર આવ્યા હોય તેવા મહાપુરુષોની જીવનકથાનું વાચન શિક્ષણના ભાગરૂપ હોવું જોઈએ. ડૉ. અબ્દુલ કલામ સ્વામી વિવેકાનંદને જીવનમાં પોતાના આદર્શ માનતા હતા જેથી તેમના વ્યાખ્યાનો, વાતો, પુસ્તકોમાં તેઓ સ્વામી વિવેકાનંદની વાત ઘણીવાર સમજાવતા રહેતા હતા.સ્વામી વિવેકાનંદ યુવાનોને કહેતા કે, તમારા મગજ અને હૃદયને ઉચ્ચ આદર્શોથી ભરી દો. જ્યાં વિચાર નથી ત્યાં કાર્ય નથી માટે તમારા મગજને શ્રેષ્ઠ વિચારોથી ભરી દો. રાતદિવસ એક જ વાત વિચારતા- વિચારતા જ મહાન કાર્ય શક્ય બનશે. પોતાની વાત સમજાવવા સ્વામી વિવેકાનંદ ઉદાહરણ આપતા કે, આ ધરતી પરનો નાનકડો કીડો પણ દૂર સુદુર રહેલુ આકાશ જોઈ શકે છે. આકાશ તો કેટલું દૂર છે, આપણા આદર્શોનું પણ એવું જ છે. ભલે દૂર હોય, પરંતુ એક વાર તેને હસ્તગત કરીને જ જંપીશું એવો સંકલ્પ લેવો પડે. આદર્શ ઘોર અંધારામાં દીપકની ગરજ સારે છે જેથી અંધારામાં અથડાઈ જવાતુ નથી. માણસનું ધ્યેય નિશ્ચિત હોય, એક આદર્શ એવો પ્રસ્થાપિત કરવો જોઈએ કે તે હૃદયમાં અંકિત થઈ જાય એટલુ જ નહી તે શરીરની નસેનસમાં વહેતો થઈ જવો જોઈએ. રક્તના બુંદ બુંદની જેમ શરીરમાં સર્વત્ર પ્રસરી ન જાય ત્યાં સુધી તે આદર્શ વિશે સતત ધ્યાન, ચિંતન, મનન કરતા રહેવું જોઈએ.સ્વામી વિવેકાનંદના મતે આજની સૌથી મહત્વપૂર્ણ અને તાતી આવશ્યકતા છે કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ, તત્વજ્ઞાાનને મહત્તમ પ્રાધાન્ય આપવાની છે.

તેઓ કહેતા, ભારતના શિક્ષણનું ભારતીયકરણ કરવુ પડશે, પ્રત્યેક ક્ષેત્રમાં ભારતીય અભિગમ અપનાવવો પડશે. તેઓ માનતા કે, ભૂતકાળ જ ભવિષ્યનું નિર્માણ કરે છે તેથી જેટલે દૂર સુધી થઈ શકે દૃષ્ટિપાત કરો અને ત્યાં જે ચિરંતન ઝરણુ વહી રહ્યું છે તેનું આકંઠ પાન કરો અને ત્યારબાદ તેજસભર દૃષ્ટિ કરીને આગળ વધો. આપણા ઉપનિષદોના દ્રષ્ટાંતરૂપ આદર્શો ઉપરથી પ્રેરણા મેળવીને સ્વામી વિવેકાનંદે ત્યાગ અને સેવા એમ બે આદર્શોને રાષ્ટ્રના આદર્શો તરીકે ઉદ્બોધ્યા છે. ઉપનિષદોના જીવનદાયક સત્યો સામાન્ય માણસના ઘરઆંગણા સુધી લાવવા માટે તે સત્યોના સારતત્વોને રોજિંદા જીવનના સરળ નિયમો તરીકે રૂપાંતરિત કરવા પર તેઓ ખૂબ ભાર મુકતા હતા.ત્યાગ અને સેવાના આદર્શોને અપનાવીને વ્યક્તિનિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણનો આદર્શ ચરિતાર્થ કરવાની સ્વામી વિવેકાનંદની યોજના હતી. આ બે સર્વોપરી આદર્શોના સ્વીકારની સાથે જ તેમની કાર્યયોજનાનો પ્રારંભ થાય છે.

સ્વામી વિવેકાનંદ સૈદ્ધાંતિક રીતે એ વાતનો સ્વીકાર કરતા કે સમગ્ર જીવન જેટલા પ્રમાણમાં પવિત્રતાના આદર્શને અભિવ્યક્ત કરે છે તેટલા પ્રમાણમાં તે મહાન છે. તેમના મતે યુવાનોએ સેવાના કાર્યોમાં મોડુ ન કરતા લાગી જવું જોઈએ. દેશની આર્થિક, સામાજીક સ્થિતિ ખરાબ હોય, અગણિત સમસ્યાઓ હોય ત્યારે વિલંબ ન કરતા મંડી પડવું જોઈએ.સ્વામી વિવેકાનંદ કહેતા, બળવાન બનો, સાહસી બનો, નિર્ભય બનો, તમે સ્વયં તમારા ભાગ્યના ઘડવૈયા છો. નસીબને દોષ દઈને રોદણા રડવાથી કોઇ લાભ નહીં થાય. પુરુષાર્થ કરવા લાગી જાવ. પોતાની ખામીઓ માટે બીજાને જવાબદાર ન સમજો. ભારતના યુવાને સ્વપ્ન જોવાના છે, સેવવાના છે અને તેને સાકાર કરવા પ્રયત્નશીલ બનવાનું છે એમ તેઓ હંમેશા પ્રેરતા રહેતા. દેશના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસામાંથી યુવાનોને અઢળક સહાય મળશે એવી સ્વામી વિવેકાનંદને દ્રઢ શ્રદ્ધા હતી.સ્વામી વિવેકાનંદની ચિંતનમાં હિંદુત્વના પુનર્જાગરણની, એની આધ્યાત્મિક ઊંચાઈની, એ દ્વારા દેશના કલ્યાણની બાબતો પ્રમુખ રહેતી હતી. તેઓ અદ્વૈતવાદના પુરસ્કર્તા હતા. એક સભામાં સ્વામી વિવેકાનંદને પ્રશ્ન પુછાયો કે સંન્યાસીએ તો વિશ્વ કલ્યાણની વાતો કરવાની હોય, તમે તો આપણા જ દેશની વાતો કરો છો, આવી સંકુચિતતા શા માટે ? ત્યારે સ્વામી વિવેકાનંદે સહજતાથી ઉત્તર આપ્યો, પોતાની માને ભોજન ન આપતો હોય તે અન્યની માતાનું પાલન કેવી રીતે કરી શકે? આપણે પણ આ વાતને સતત ધ્યાનમાં રાખીને આપણો વ્યવહાર નક્કી કરીએ. સ્વરાષ્ટ્રની ઉન્નતિ શેમાં છે તે સદૈવ વિચારીએ અને તે મુજબનું આચરણ લાવતા જઈએ.

# આમિર ખાને પોતાની યૂટ્યુબ ચેનલ શરૂ કરી 'આમિર ખાન ટોકીઝ'

## ફિલ્મ મેકિંગના રસપ્રદ કિસ્સા અને બીટીએસ સ્ટોરીની વાતો કરી

આમિર ખાને ફિલ્મ અને પ્રોડક્શન પછી ડિજીટલ દુનિયામાં ઝંપલાવ્યું છે, તેણે હવે પોતાની યૂટ્યુબ ચેનલ 'આમિર ખાન ટોકીઝ' શરૂ કરી છે. આ ચેનલ દ્વારા આમિર નવા ફિલ્મ મેકર્સ અને ફિલ્મના ચાહકોને ફિલ્મ બનાવવાની પ્રક્રિયાનો નજીકથી પરિચય કરાવવા માગે છે. આમિરની આ ચેનલમાંથી નવું શીખવા પણ મળશે અને સાથે મનોરંજન પણ મળશે જ. સાથે આમિર આમાં કેટલીક પડદાં પાછળની વાતો, કેટલાક નિષ્ણાતો સાથેની ચર્ચાઓ તેમજ ફિલ્મ બનાવવાની કેટલીક ટેક્નિક વિશે પણ વાતો કરશે.



આ ચેનલ લોંચ કરતા આમિર ખાન પ્રોડક્શન દ્વારા સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો. તેમાં લખ્યું, "સિનેમા. વાર્તાઓ. રસપ્રદ કિસ્સાઓ. અમે કેટલીક એવી વાર્તાઓ બનાવી છે, જેણે તમને હસાવ્યા છે, રડાવ્યા છે અને વર્ષો સુધી તેના પર વિચાર કર્યો છે. અમે હવે તમને આમિરા ખાન ટોકીઝ દ્વારા સિનેમાના ક્યારેય ન જોયા હોય એવા વિશ્વમાં આવકારીએ છીએ. જ્યાં વાર્તા વાસ્તવિકતાને મળશે. અહીં તમે પહેલી લાઇનમાં બેસીને ફિલ્મની પડદા પાછળની વાતોથી લઈને ફિલ્મને અને અમને ઘડનારી વાતો સાથે ફિલ્મ બનાવવાનો જાદુ જોઈ શકશો."

આ પહેલા વીડિયોમાં આમિર ખાને તે ફિલ્મ અને ફિલ્મ બનાવવાની કળાના લાંબા સમયના સપના અંગે વાત કરી છે. તેણે કહ્યું, "મને હંમેશા હું મારી સફર વિશે વાત કરી શકું એવો એક મંચ ઉભો કરવાની ઈચ્છા હતી, હું જે કંઇ શીખ્યો છું અને એક ફિલ્મ બનાવવાની જે એક અનોખી અને સર્જનાત્મક સફર હોય છે, તેના વિશે વાતો કરવી હતી." આ ચેનલ ફિલ્મ કે વસ્તુઓને પ્રમોટ કરવાનું માધ્યમ નથી પણ તેમાં ફિલ્મના સેટ પરથી અલભ્ય, ઈમાનદાર અને કિસ્સાઓ જાણવા મળશે. સાથે ફિલ્મની વર્તાઓ અંગે ઊંડી ચર્ચાઓ પણ થશે.

આમિરની આ ચેનલ પર આમિર ખાન પરોડક્શન્સની લાપતા લેડીઝનાં કેટલાંક પડદા પાછળનાં દૃષ્યોના વીડિયો રિલીઝ કરવામાં આવ્યા છે. જેમાં આમિરે રવિ કિશનના રોલ માટે ઓડિશન આપ્યું હતું. આ વીડિયોમાં આમિરનો સ્ક્રીન ટેસ્ટ જોવા મળે છે. આમિરનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.



# 'સિકંદર'નો રેકોર્ડઃ ૫૫૦૦ સ્ક્રિન્સમાં ૨૨,૦૦૦થી વધુ શો



સલમાન ખાનની 'સિકંદર' રિલીઝ સાથે જ છવાઈ ગઈ છે. લાંબા સમય પછી ભાઈજાનની ફિલ્મ આવી રહી હોવાથી ચાહકોએ પહેલા જ દિવસે બોક્સઓફિસ છલકાવી દીધી હતી. રિલીઝની સાથે જ સલમાનની ફિલ્મે નવો રેકોર્ડ બનાવી દીધો છે. 'સિકંદર'ને દેશભરના ૫૫૦૦ સ્ક્રિન્સમાં રિલીઝ કરાઈ છે અને તેના કુલ ૨ ૨૦૦૦થી વધુ શો ચાલી રહ્યા છે. આટલા બધાં સ્ક્રિન અને શો સાથે રિલીઝ થનારી પહેલી બોલિવૂડ ફિલ્મ તરીકે 'સિકંદર'એ રેકોર્ડ બનાવ્યો છે. સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની એક્શન ડ્રામા ૩૦ માર્ચે રવિવારના દિવસે થીયેટરમાં રિલીઝ થઈ છે. એ આર મુરગોદાસના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને ઈદની રજાઓ ફળી છે. 'ટાઈગર ૩' પછી સલમાન ખાનની પહેલી સોલો ફિલ્મ રિલીઝ થઈ છે. વચ્ચે 'બોબી જોન' અને 'સિંઘમ અગેઈન' જેવી ફિલ્મો આવી હતી, પરંતુ તેમાં સલમાનનો કેમિયો જ હતો. 'સિકંદર'ને આ રીતે સલમાનની કમબેક ફિલ્મ જ કહી શકાય. ભાઈજાને પોતાના કમબેકને પણ પોતાના સ્વેગ મુજબ દમદાર બનાવ્યું છે અને 'સિકંદર'ને રિલીઝના દિવસે જ અનોખો રેકોર્ડ મળ્યો છે. રિપોર્ટ્સ મુજબ, સાજિદ નડિયાદવાલા પ્રોડક્શન્સની આઈ ફિલ્મ દેશની સૌથી મોટી રિલીઝ બનવા જઈ રહી છે. સિકંદરને દેશભરમાં ૫૫૦૦થી વધુ સ્ક્રિન્સ અને ૨૨,૦૦૦થી વધુ શો સાથે રિલીઝ કરાઈ છે. બોલિવૂડ ટાઈટલ માટે આ આંકડો સૌથી વધુ છે. 'સિકંદર'ના ઓનલાઈન નોંધાયેલા શો ૧૯ હજારથી વધુ છે, જ્યારે ઓનલાઈન બુકિંગ ન હોય તેવા થીયેટરમાં આ ફિલ્મના ૩ હજારથી વધુ શો ચાલી રહ્યા છે. એડવાન્સ બુકિંગમાં 'સિકંદર'ને ઘણો સારો બિઝનેસ મળ્યો છે. ૨૯ માર્ચે રાત્રે ૮ સુધીમાં આ ફિલ્મ બ્લોક સીટ સિવાય ૩ ત્રણ લાખ ટિકિટ વેચી છે, જેનું મૂલ્ય ૯ કરોડ રૂપિયા જેટલું છે. 'સિકંદર'નું આ એડવાન્સ બુકિંગ છાવા કરતાં ઘણું ઓછું હોવાનું કહેવાય છે. 'છાવા'ને પછડાટ આપવામાં 'સિકંદર' નિષ્ફળ રહે તો પણ આ વર્ષની બીજી સૌથી મોટી હિટ બનવાનું નિશ્ચિત જણાય છે. સામાન્ય રીતે ફિલ્મોને શુક્રવારે રિલીઝ કરવામાં આવે છે, પરંતુ સલમાને 'સિકંદર' માટે રવિવારનો દિવસ પસંદ કર્યો છે. ઈદ અને તે પછીની રજાઓના કારણે ફિલ્મ માટે સમગ્ર પહેલું અઠવાડિયું સારું રહેવાની મેકર્સને આશા છે.

# 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩'માં શનાયા કપૂર ડબલ રોલમાં જોવા મળશે



સંજય કપૂર અને મહીપ કપૂરની દિકરી શનાયા કપૂરે પણ પોતાની બીજા ભાઈ-બહેનોનાં પગલે હવે બોલિવૂડમાં એન્ટ્રી કરી લીધી છે. થોડાં દિવસો પહેલાં જ શનાયાએ તેની ડેબ્યુ ફિલ્મ 'તું યા મેં'નું ટીઝર શેર કર્યું હતું. આનંદ એલ.રાયની આ ફિલ્મમાં તેની સાથે આદર્શ ગૌરવ લીડ રોલમાં છે. આ થ્રિલિંગ સ્ટોરીવાળું ટીઝર જોઈને સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ હતી. ઘણા લોકોએ એવું પણ કહ્યું હતું કે શનાયા તેની બહેનો જાન્હવી અને ખુશીને પણ પાછળ રાખી દેશે. હવે એવી પણ ચર્ચા છે કે શનાયાએ વધુ બે ફિલ્મો સાઈન કરી છે, તેમાંથી એક ફિલ્મમાં તે ડબલ રોલ કરતી જોવા મળશે.

એવા ઘણા ઓછા કલાકાર હોય છે, જે પોતાની કેરિઅરની શરૂઆતમાં જ ડબલ રોલ કરવાનું જોખમ લે. પરંતુ કેટલાક અહેવાલો અનુસાર શનાયા કપૂરે પોતાની ત્રીજી ફિલ્મમાં જ આ બીડું ઝડપી લીધું છે.

કરણ જોહરની જાણીતી ફિલ્મ સિરીઝ 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩'માં શનાયા ડબલ રોલમાં જોવા મળશે. સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "શનાયાએ આ બહુ નીડર પગલું લીધું કહેવાય, જેમાં તેને શરૂઆતમાં જ પોતાની અભિનય પ્રતિભા દર્શાવવાની તક મળશે. ભલે આ ફિલ્મ તેની અન્ય ફિલ્મો પછી રિલીઝ થવાની હોય, તેમ છતાં તેની કેરિઅરની મહત્વની ફિલ્મ બની શકે છે." 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩'ના તેનાં રોલ એકબીજાથી વિરુદ્ધ હશે, આ ફ્રેન્ચાઈઝી ઘણા સ્ટારકિડ્ ?ઝ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ છે. આલિયા ભટ્ટ, વરુણ ધવન, ટાઈગર શ્રોફ, અનન્યા પાંડે સહીતના કલાકારો આ સિરીઝથી જ લોંચ થયાં છે. આ સિવાય શનાયા એક ફિલ્મમાં 'મૂંજ્યા'થી લોકપ્રિય થયેલા અભય વર્મા સાથે પણ કામ કરી રહી છે.

**શનાયા કપૂર તેની બહેનો જાન્હવી અને ખુશીને પાછળ છોડી દેશે તેવી સોશિયલ મીડિયા પર ચર્ચા**

# આલિયાને નેશનલ એવોર્ડ મળતા સારા અલીને તેની ઈર્ષ્યા થઈ હતી

આલિયા ભટ્ટની ગણતરી ઈન્ડસ્ટ્રીની બહુ પ્રતિભાશાળી એક્ટ્રેસમાં થાય છે, સાથે જ તે સૌથી લોકપ્રિય એક્ટ્રેસમાંની એક પણ છે. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૩ના દિવસે તેને 'ગંગુબાઈ કાઠિયાવાડી' ફિલ્મ માટે નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. ત્યારે હવે સારા અલી ખાને તેજાતરના ઈન્ટરવ્યુમાં કબૂલ્યું છે કે તેને આલિયાની આ સિદ્ધીથી ઈર્ષ્યા થઈ ગઈ હતી.

તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સારા અલી ખાને આ અંગે વાત કરતા કહ્યું, "જ્યારે આલિયાને નેશનલ એવોર્ડ મળ્યો ત્યારે મને થયેલું, "ભગવાન, એને તો આ પણ મળી ગયો, એને તો બાળક પણ છે, એની લાઈફ તો સેટ છેપણ પછી સારાને સમજાયું કે તેણે આ સ્તરે પહોંચવા માટેની મહેનત અને સંઘર્ષ ધ્યાનમાં લીધાં નથી. સારાએ કહ્યું, "હું એક કલાકાર તરીકે તેને એક સામાન્ય માણસ તરીકે કલ્પવાનું ચૂકી જઉં છું." આ સફળતા પાછળનું ઊંડાણ ધ્યાનમાં લેતા, સારાએ ભારપૂર્વક કહ્યું કે દરેક સિદ્ધિ મુશ્કેલીનો સામનો કરીને અને હંમેશા દરેક બાબતની બે બાજુ હોય તે દરેકને એ યાદ અપાવીને જ મેળવી શકાય છે.

સારા અલી ખાને એક વાર્તાની બંને બાજુ સમજવાના મહત્વ વિશે પણ વાત કરતાં કહ્યું કે ઘણી વખત અધુરી માહિતી પણ દયાજનક સ્થિતિમાં લાવી દે છે. લોકો સફળતા પાછળના સંઘર્ષને અવગણીને માત્ર સફળતાના જ ગુણગાન ગાયા કરે છે. વ્યક્તિ માત્ર સિદ્ધિઓ જ જુએ તેથી તે ઈર્ષ્યાનો શિકાર બને છે, લોકોએ સફળતા પાછળના પડકારો પણ જોવા જોઈએ.

આલિયાનું ૨૦૨૨નું વર્ષ ઘણું નોંધપાત્ર અને યાદગાર રહ્યું હતું, કારણ કે ૨૦૨૨માં ફેબ્રુઆરીમાં તેની 'ગંગુબાઈ કાઠિયાવાડી' રિલીઝ થઈ હતી અને એપ્રિલમાં તેણે લગ્ન કર્યાં હતાં. તેમજ નવેમ્બરમાં તેણે દિકરી રાહાને જન્મ આપ્યો હતો. સારાની ફિલ્મની વાત કરવામાં આવે તો છેલ્લે તે અક્ષય કુમારની 'સ્કાયફોર્સ'માં જોવા મળી હતી અને હવે તે અનુરાગ બાસુની 'મેટ્રો ઈન દિનોં'માં કામ કરી રહી છે. જ્યારે આલિયાની સ્પાય થ્રિલર 'આલ્ફા' ડિસેમ્બર ૨૦૨૫માં આવશે. હાલ તે ભણસાલીની 'લવ એન્ડ વોર' માટે કામ કરી રહી છે. તેમાં તે રણબીર સાથે કામ કરી રહી છે. આ ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ થશે.

# ચિત્રાંગદાને ટાઈપકાસ્ટની સમસ્યાઃ એક જ પ્રકારના રોલની તકોના વરસાદથી કંટાળી



ચિત્રાંગદા ફિલ્મોમાં વૈવિધ્યસભર રોલ કરવા માટે જાણીતી છે. તેમ છતાં તેને જોઈએ એટલાં અને એવા રોલ કરવા મળતા નથી. તાજેતરમાં ચિત્રાંગદાએ તેને ઈન્ડસ્ટ્રીમાં જે રીતે ટાઈપકાસ્ટ કરવામાં આવી છે, તે અંગે વાત કરી હતી. તેણે કહ્યું કે ગબ્બરના 'આઓ રાજા' ગીત પછી તેના પર એક જ પ્રકારના રોલ અને તકનો વરસાદ થયો હતો. તેના કારણે તેની સામે સારા રોલની તકો મર્યાદિત થઈ ગઈ હતી.

ચિત્રાંગદાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં મોટા ભાગે કલાકારોને તેમના એક લોકપ્રિય કામના કારણે એક પ્રકારનાં ડબ્બામાં બંધ કરી દેવાતા હોય છે. તેને પણ આ ગીતમાં કામ કર્યા પછી સિડક્ટ્રેસ કે પછી આઈટમ નંબર માટેની ઓફર જ આવવા માંડી હતી. તેથી તેને કામની પસંદગીમાં કાળજીપૂર્વક નિર્ણય લેવાનું મહત્વ સમજાયું, જેથી તે એક કાલાકાર તરીકે પોતાની વિશ્વસનીયતા જાળવી શકે.પરંતુ આ નિર્ણય પછી તેની સામે ના પાડવાના પડકારો હતા. આ અંગે ચિત્રાંગદાએ કહ્યું કે તેની કલાકાર તરીકેની સમજ સાથે મેળ ન બેસતો હોય તેના રોલને ના કહેવાનું કામ સહેલું નહોતું. ચિત્રાંગદાએ એવું પણ કબૂલ્યું કે જે કલાકારો આ રીતે કામની ના પાડે છે, તેમને લોકો ચૂઝી માની લે છે અથવા તો એવું સમજવા માંડે છે કે, તેમની સાથે કામ કરવું મુશ્કેલ હોય છે. જોકે, તે એવું પણ માને છે કે ગુણવત્તા વિનાનું કામ કરવાથી એક અભિનેતાની કારકિર્દી ટૂંકી પણ થઈ જાય છે અને તેમનો પ્રભાવ પણ ઘટી જાય છે. વિચારપૂર્વક કોઈ રોલ માટે ના પાડી દેવાથી ચિત્રાંગદાએ એક ગંભીર કલાકાર તરીકેની પોતાની ઓળખ બનાવી છે. ચિત્રાંગદાએ કહ્યું હતું કે એક જ પ્રકારનું કામ કર્યા કરવાથી તમારી સારું કામ કરવાની ખરા ક્ષમતા ઢંકાઈ જાય છે અને સમયાંતરે તમારામાંથી દર્શકોનો રસ પણ ઉડી જાય છે. ઈન્ડસ્ટ્રીની કલાકારોને ચોકઠાંમાં બેસાડી દેવાની વિતારસરણી છતાં ચિત્રાંગદા પોતાની કળાને સમર્પિત છે. તે માને છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં માનનીય અને લાંબી કારકિર્દી જાળવી રાખવા માટે અર્થપૂર્ણ અને વૈવિધ્યપૂર્ણ રોલમાં કામ કરવું અગત્યનું છે. તેના મતે કલાકારે તેમની યોગ્ય પ્રતિભા દર્શાવી શકે એવા રોલની રાહ જોઈને ધીરજપૂર્વક અને શાંતિથી ફિલ્મની રાહ જોવી જોઈએ, નહી કે જે સામે આવે એ ફિલ્મ લઈ લે. તાજેતરમાં જ તેણે ખાકીઃ ધ બેંગાલ ચેપ્ટરમાં એક વિરોધપક્ષના મજબૂત નેતા નંદિની બસાકનો રોલ કર્યો છે. જેમાં તેણે ગ્લેમરના બીબાંમાંથી બહાર આવીને પોતાની પ્રતિભા પુરવાર કરી છે.

# રાજસ્થાન રોયલ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને ૬ રનથી હરાવ્યું, સીએસકેની સતત બીજી હાર



આઈપીએલ ૨૦૨૫નો ૧૧મો મુકાબલો રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ હતી. રાજસ્થાને ચેન્નઈને ૬ રનથી જીત મેળવી. રિયાન પરાગની કપ્તાનીમાં રાજસ્થાનની ટીમે આ ટૂર્નામેન્ટમાં જીતનું ખાતુ ખોલાવ્યું. ચેન્નઈની સતત બીજી હાર થઈ. આ મેચમાં ચેન્નઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. જેમાં રાજસ્થાને ૨૦ ઓવરમાં ૯ વિકેટના નુકસાન પર ૧૮૨ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટના નુકસાન પર ૧૭૬ રન જ બનાવી શકી.

ચેન્નાઈ સુપર કિંગ્સ: રચિન રવિન્દ્ર, રાહુલ ત્રિપાઠી, ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), વિજય શંકર, રવિન્દ્ર જાડેજા, મહેન્દ્ર સિંહ ધોની (વિકેટકીપર), જેમી ઓવરટન, રવિચંદ્રન અશ્વિન, નૂર અહેમદ, મથિશા પથિરાના, ખલીલ અહેમદ.

# ભારતનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ ઓક્ટોબર-નવેમ્બરમાં



ભારતીય મેન્સ ક્રિકેટ ટીમ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે. આ સમયગાળા દરમિયાન ભારત યજમાન ટીમ સામે ૩ મેચની ODI શ્રેણી અને ૫ મેચની T૨૦ શ્રેણી રમશે. અનોખી વાત એ છે કે ભારતની આ ૮ મેચ ઓસ્ટ્રેલિયાના ૮ અલગ-અલગ મેદાનો પર રમાશે.

હકીકતમાં, રવિવારે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૫-૨૬ સીઝનમાં ઓસ્ટ્રેલિયામાં રમાનારી તમામ આંતરરાષ્ટ્રીય મેચોનું શિડ્યૂલ જાહેર કર્યું. આ અંતર્ગત પ્રથમ વખત ઓસ્ટ્રેલિયન ટીમ તેના તમામ ૬ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંતરરાષ્ટ્રીય મેચ રમશે. ભારત ઉપરાંત, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ પણ આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અત્યાર સુધીમાં ૧૫૨ વનડે મેચ રમાઈ છે. આમાંથી ભારતે ૫૮ મેચ જીતી, જ્યારે ઓસ્ટ્રેલિયાએ ૮૪ વખત જીત મેળવી. જ્યારે ૧૦ મેચ કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ. તે જ સમયે, બંને વચ્ચે ૩૨ ટી-૨૦ મેચ રમાઈ છે, જેમાંથી ૧૧ ઓસ્ટ્રેલિયાએ અને ૨૧ ભારતે જીતી છે.

ભારતે ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ શ્રેણી પણ રમી હતી. ટીમ ઈન્ડિયા નવેમ્બરમાં શરૂ થયેલી ૫ ટેસ્ટ મેચની શ્રેણી ૩-૧થી હારી ગઈ. જસપ્રીત બુમરાહની કેપ્ટનશીપમાં ભારતે ૧ મેચ જીતી હતી, પરંતુ રોહિત શર્માની કેપ્ટનશીપમાં ટીમ ૨ મેચ હારી ગઈ હતી. બુમરાહની કેપ્ટનશીપ હેઠળ ટીમ છેલ્લી મેચ પણ હારી ગઈ હતી. ઓસ્ટ્રેલિયાની ટીમ દક્ષિણ આફ્રિકા સામે ૩ વનડે અને ૩ ટી૨૦ મેચ રમશે. બધી મેચ ૧૦ થી ૨૪ ઓગસ્ટ દરમિયાન રમાશે. આ મેચો ડાર્વિન, કેર્ન્સ અને મેકેમાં ૩ અલગ અલગ મેદાનો પર રમાશે. ઈંગ્લેન્ડની ટીમ આ વર્ષે ૨૧ નવેમ્બરથી ૮ જાન્યુઆરી દરમિયાન ઓસ્ટ્રેલિયા સામે પાંચ ટેસ્ટ મેચની એશિઝ શ્રેણી રમશે. આ બધી મેચો ૫ અલગ અલગ મેદાનો પર રમાશે.

# જેસિકા પેગુલાને હરાવી આર્યના સબાલેન્કાએ પહેલીવાર મિયામી ઓપન ખિતાબ જીત્યો

વિશ્વની નંબર એક મહિલા ટેનિસ ખેલાડી આર્યના સબાલેન્કાએ અમેરિકાની જેસિકા પેગુલાને ૭-૫, ૬-૨થી સીધા સેટમાં પરાજય આપીને પોતાની કેરિયરનું પહેલું મિયામી ઓપન ટાઇટલ કબજે કર્યુ છે.



હાર્ડ રોક સ્ટેડિયમ ખાતે શનિવારે રમાયેલી આ WTA ૧૦૦૦ ઈવેન્ટની ફાઈનલમાં જીતની સાથે જ સબાલેન્કાએ વર્ષ ૨૦૨૫નું પોતાનું બીજું ટાઇટલ જીત્યું છે. આ પહેલા તે જાન્યુઆરીમાં બ્રિસબેન ઓપનમાં વિજયી બની હતી. આ જીતની સાથે જ આર્યનાએ પોતાનું આઠમું WTA ૧૦૦૦ ટાઇટલ જીત્યુ હતું. હજુ તાજેતરમાં જ ઈન્ડિયન વેલ્સની ફાઈનલમાં રશિયાની સગીર ખેલાડી મિરા એન્ડ્રીવા સામે પરાજીત થનારી આર્યનાએ આ મેચમાં પોતાની મક્કમતાનો પરચો આપ્યો હતો અને ઈન્ડિયન વેલ્સની ફાઈનલ જેવી ભૂલોનું પુનરાવર્તન થવા દીધું નહોતું.

મેચ બાદ જેસિકા પેગુલાના પ્રદર્શનની પ્રશંસા કરતા સબાલેન્કાએ કહ્યું હતું કે, હું આ ટ્રોફી જીતવા બદલ ખુબ જ ખુશ છું અને હું ફાઈનલમાં મારી શ્રેષ્ઠ રમત બતાવી શકી હતી. મેચના પહેલા સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે સાત સર્વિસ બ્રેક જોવા મળી હતી. પેગુલાએ સબાલેન્કાને નેટની આસપાસ રમવા મજબૂર કરી હતી પરંતુ ૬-૫ના સ્કોર પર પેગુલાની સર્વિસ વખતે મેચનું પાસું પલટાયું હતું અને તેણે શાનદાર રમતના પ્રદર્શન વડે પહેલો સેટ ૭-૫થી જીતી લીધો હતો અને બીજા સેટમાં પણ તેણે ૬-૨થી જીત મેળવી મેચ અને ટ્રોફી બંને પોતાના નામે કર્યા હતા.

# રિયાન પરાગ આ નિયમ તોડનાર બીજો કેપ્ટન બન્યો, ફટકારાયો દંડ



રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રેયાન પરાગને ધીમી ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. IPL ૨૦૨૫માં સ્લો ઓવર રેટ માટે દોષિત ઠરનાર રિયાન પરાગ બીજો કેપ્ટન છે. તેના પહેલા મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને પણ આ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. રાજસ્થાને CSK સામે ૬ રને જીત મેળવી હતી, જે બાદ તેના કેપ્ટન રિયાન પરાગને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ તે રકમ છે જે IPL ટીમોના કેપ્ટનને ચુકવવી પડશે જો તેઓ ધીમા ઓવર રેટ માટે દોષિત ઠરે છે.

IPL દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે ધીમા ઓવર રેટને લઈને રિયાન પરાગની ટીમની આ પહેલી ભૂલ છે, તેથી IPL આચાર સંહિતાની કલમ ૨.૨૨ હેઠળ તેમના પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે.

રેયાન પરાગ પહેલા, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને પણ IPL ૨૦૨૫માં ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી મેચમાં ધીમી ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો હતો. તે મેચમાં તેણે એક મેચનો પ્રતિબંધ ભોગવીને પુનરાગમન કર્યું હતું. ધીમી ઓવર રેટના કારણે તેના પર તે પ્રતિબંધ પણ લગાવવામાં આવ્યો હતો. વાસ્તવમાં, જો કોઈ કેપ્ટન એક સિઝનમાં ત્રણ વખત ધીમી ઓવર રેટ માટે દોષી સાબિત થાય છે, તો તેના પર એક મેચ માટે પ્રતિબંધ મૂકવામાં આવે છે.

મેચમાં રાજસ્થાને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૮૨ રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ટાર્ગેટથી ૬ રન ઓછા રહી. તેણે ૨૦ ઓવરમાં ૬ વિકેટે માત્ર ૧૭૬ રન બનાવ્યા હતા. CSKને જીતવા માટે છેલ્લી ઓવરમાં ૧૯ રન બનાવવાના હતા. પરંતુ ઝડપી બોલર સંદીપ શર્માએ સફળતાપૂર્વક તેનો બચાવ કર્યો અને પોતાની ટીમ માટે મેચ જીતી લીધી.

રિયાન પરાગની વાત કરીએ તો ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચમાં તેની કેપ્ટન્સી અને બેટિંગ બંને કામ કર્યું હતું. તેણે ધોની માટે જે રીતે સ્પિનરોની ઓવર બચાવી, તેના કેપ્ટન તરીકેના નિર્ણયની ખૂબ પ્રશંસા થઈ. બેટિંગ દરમિયાન તેણે ૨૮ બોલમાં ૩૭ રનની અજોડ ઈનિંગ પણ રમી હતી.

# ધોની વિકેટ લેનારા બોલર કરતાં આ યુવતીની વધુ ચર્ચા





૩૦ માર્ચે ગુવાહાટીના બારસાપારા સ્ટેડિયમમાં CSK અને RR વચ્ચેની રોમાંચક મેચ દરમિયાન રવિન્દ્ર જાડેજાએ જબરદસ્ત સિક્સ ફટકારી હતી. પરંતુ જ્યારે બધાની નજર ધોની પર હતી ત્યારે એક એવી ક્ષણ આવી જેણે આખા સ્ટેડિયમને ચોંકાવી દીધું હતું. રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી IPL ૨૦૨૫ની મેચમાં ધોનીએ ૧૬ રન બનાવ્યા હતા. જેમાં ધોની આઉટ થતા એક મહિલા ફેનનું રિએક્શન ખૂબ જ વાઈરલ થઈ રહ્યું છે.

રાજસ્થાન રોયલ્સે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૮૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ દરમિયાન ઝજીદ્ધ મુશ્કેલીમાં હોવાથી ધોની બેટિંગ કરવા આવ્યો ત્યારે ટીમને જીતવા માટે ૨૫ બોલમાં ૫૪ રન બનાવવાના હતા. પરંતુ ધોની રાજસ્થાન સામેની મેચમાં તે ૧૧ બોલમાં ૧૬ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. સંદીપ શર્માના બોલ પર શિમરોન હેટમાયરે શાનદાર કેચ લીધો અને ધોનીને આઉટ કર્યો. આ મેચ ગુવાહાટીમાં રમાઈ રહી હતી, પરંતુ ધોનીના આઉટ થયા બાદ એક મહિલા ફેનની પ્રતિક્રિયા વાઈરલ થઈ રહી છે.

વાઈરલ થયેલી યુવતીએ જે પ્રકારનું રિએક્શન આપ્યું છે તેનાથી સ્પષ્ટ થાય છે કે તે ધોનીની મોટી ફેન છે. તે જાની ખૂબ જ ગુસ્સામાં હોય એવા તેના ચહેરા પર હાવભાવ છે. તેના હાવભાવ જોઈને કમેન્ટેટર પણ કહેતા સંભળાયા હતા કે તેમનું દિલ તૂટી ગયું.

ચેન્નાઈ સુપર કિંગ્સને IPL ૨૦૨૫માં સતત બે હારનો સામનો કરવો પડ્યો છે. CSKએ તેની પ્રથમ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૪ વિકેટથી હરાવ્યું હતું, પરંતુ તે પછી RCB અને રાજસ્થાન રોયલ્સ ચેન્નાઈને હરાવવામાં સફળ રહ્યા હતા. હાલ ચેન્નાઈની ટીમ પોઈન્ટ ટેબલમાં સાતમા નંબર પર છે.એમએસ ધોનીનો બેટિંગ ઓર્ડર પણ ચર્ચાનો વિષય બની રહ્યો છે. ઈઈ સામેની મેચમાં તે નવમા સ્થાને બેટિંગ કરવા આવ્યો હતો, પરંતુ ટીમને જીત તરફ લઈ જવામાં નિષ્ફળ રહ્યો હતો. હવે રાજસ્થાન સામેની મેચમાં તેણે ૭મા સ્થાને બેટિંગ કરી હતી પરંતુ ૧૬ રન બનાવ્યા બાદ તેની વિકેટ ગુમાવી દીધી હતી.

# ટ્રેપ અને ડબલ ટ્રેપ શૂટિંગ માં પુનિત લાલવાણી એ ૪ મેડલ જીત્યા



સુરત માં થયેલી બીજી સુરત જિલ્લા ઓપન શોટગન શૂટિંગ ચેમ્પિયનશિપ માં પુનિત લાલવાણી એ ૩ (૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ )મેડલ જીત્યા અને પછી પાંચમી અહમદાબાદ જિલ્લા ઓપન શોટગન શૂટિંગ ચેમ્પિયનશિપ માં ૧ બ્રોન્ઝ મેડલ જીતી સુરત અને પોતાના ના સિંધી સમાજ નું નામ રોશન કર્યું છે.

આ મેડલ મેળવ્યા બાદ સુરત સિટી પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલૌટ સાહેબ ને મળી અને આ બધી માહિતી આપી ને આશીર્વાદ મેળવ્યા હતા. પોલીસ કમિશનર સાહેબ એ ખૂબ અભિનન્દન પાઠવી , ઉત્સાહ વધાર્યો હતો અને ભવિષ્ય માં ખૂબ સારું કરો , પ્રગતિ કરો એવી ભાવના સાથે પુનિત લાલવાણી ને જન્મ દિવસ ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# BCCIએ હાર્દિક પંડ્યાને ફટકાર્યો લાખોનો દંડ, જેના કારણે બેન થયો હતો ફરી એ જ ભૂલ ફરી કરી



મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા એક મેચ પર પ્રતિબંધ હોવાથી આઈપીએલ ૨૦૨૫ની પ્રથમ મેચ રમી શક્યો નહીં. મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલ ૨૦૨૪માં ત્રણ વખત સ્લો ઓવર રેટથી બોલિંગ કરી હતી. જેના કારણે તેના પર એક મેચનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, તેણે ટીમની બીજી મેચમાં પણ આ જ ભૂલનું પુનરાવર્તન કરતાં ફરી એકવાર સજાનો સામનો કરવો પડ્યો છે. એમ્પાયરે તેને અધવચ્ચે જ અટકાવી સજા કરી હતી. બાદમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ કેપ્ટન હાર્દિક પંડ્યા પર લાખોનો દંડ ફટકાર્યો હતો.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે ૨૦મી ઓવર શરૂ કરવામાં વિલંબ કર્યો હતો. જેના માટે મુંબઈ ઈન્ડિયન્સને સજા આપવામાં આવી હતી કે, તેઓ છેલ્લી ઓવરમાં બોલિંગ કરતી વખતે માત્ર ચાર ખેલાડીઓને ૩૦-યાર્ડની ત્રિજ્યાની બહાર રાખી શકશે. જેના લીધે મુંબઈ ઈન્ડિયન્સને નુકસાન થયુ હતું. આઈપીએલના આયોજકોએ આ બાબતની નોંધ લેતાં કેપ્ટન હાર્દિક પંડ્યા પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે.

IPL દ્વારા જારી કરવામાં આવેલ સત્તાવાર મીડિયા રીલીઝમાં કહેવામાં આવ્યું છે કે, “અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી મુંબઈ ઈન્ડિયન્સની નવમી મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાએ સ્લો ઓવર રેટ પર બોલિંગ કરતાં તેને દંડ ફટકારવામાં આવ્યો છે. ટીમો આ સીઝનનો પ્રથમ ગુનો છે. જેથી આઈપીએલના આર્ટિકલ (૨) હેઠળ સ્લો ઓવર રેટના કારણે પંડ્યાને રૂ. ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે, આઈપીએલમાં આ વખતે સ્લો ઓવર રેટના ત્રણ વખત પુનવરાવર્તન પર કોઈપણ ખેલાડી પર બૅન નહીં મૂકાય. આ વખતે બીસીસીઆઈએ ડિમેરિટ પોઈન્ટ્સ સિસ્ટમ લાગુ કરી છે. ગત સીઝનમાં સ્લો ઓવર રેટના ગુનામાં દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન મહત્ત્વની મેચમાંથી બહાર થયો હતો. હાર્દિક પંડ્યાને પણ આ ગુના હેઠળ એક મેચ માટે બૅન કરી દેવાયો હતો.



# સીઆઈએસએફ પ્રિમિયર લીગનો આરંભ કરાવતા પોલીસ કમિશનર

## પોલીસ તથા સુરક્ષા એજન્સીઓ સહિત વિવિધ ૧૨ ક્રિકેટ ટીમો ભાગ લઈ રહી છે

સુરત, તા.૩૧

એરપોર્ટ એજન્સીઓ અને કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સહકાર અને સંકલનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે CISF યુનિટ ASG સુરત એરપોર્ટના નેજા હેઠળ CISF યુનિટ KGPP કવાસ અને CISF યુનિટ ONGC હજીરાના સહયોગથી તા:૩૦ માર્ચથી ૮ એપ્રિલ દરમિયાન CISF ક્રિકેટ પ્રીમિયર લીગ યોજાઈ રહી છે. પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે કરણી માતા મંદિર ગ્રાઉન્ડ ખાતે આયોજીત આ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો.

રમતની ભાવના દ્વારા મિત્રતા અને મૈત્રીપૂર્ણ સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની CISF ટીમ, સ્થાનિક પોલીસ, કસ્ટમ્સ વિભાગ, એરલાઈન્સ, ઈમિગ્રેશન વિભાગ, ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓ, કાર્ગો ઓપરેટરની ટીમો મળી ૧૨ ટીમો ભાગ લઈ રહી છે. આ પ્રસંગે કમાન્ડન્ટ/CASO ASG-સુરત શ્રી કુમાર અભિષેક, ડેપ્યુટી કમાન્ડન્ટ, KGPP કવાસ, સુરેન્દ્ર સોનકરીયા, ડેપ્યુટી કમાન્ડન્ટ, ONGC- હજીરા શ્રી મનીષ કુમાર, APD સુરત એરપોર્ટ , વિવિધ એજન્સીઓના અન્ય વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી અક્કલ કોટ સ્વામી સમર્થ ખાતે મહાઆરતીનું આયોજન

## સાંજે રક્તદાન શિબિર પણ યોજાશે

સુરત, તા.૩૧

બેગમપુરા વડવાળી શેરી ખાતે આવેલ ઐતિહાસિક શ્રી અક્કલકોટ સ્વામી સમર્થ મહારાજ મઠ ખાતે શ્રી સ્વામી સમર્થ મહારાજના પ્રાગટ્ય દિનની ઉજવણી કરવામાં આવનાર છે. સાક્ષાત દત અવતાર એવા, શ્રી સ્વામી સમર્થ મહારાજના પ્રાગટ્ય દિન ઉજવણી આજે ચૈત્ર સુદ બીજ ને સોમવારે તારીખ ૩૧,૩ ,૨૦૨૫ ના રોજ રાખવામાં આવી છે,

જે અંતર્ગત સાથે સાંજે ૭:૦૦ કલાકે મહા આરતી નું આયોજન કરવામાં આવ્યું છે સાથે સાથે શ્રી સ્વામી સમર્થ મંડળ અને ધર્મ સેવા મંડળ દ્વારા બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેનો સમય સાંજે ૬:૩૦ કલાકે રાત્રિના ૧૦:૩૦ કલાક સુધી દાતાઓ બ્લડ ડોનેટ કરી શકશે.શ્રી અક્કલકોટ સ્વામી સમર્થ મહારાજના પ્રાગટ્ય દિનની ઉજવણી નિમિત્તે સુરત શહેરની જનતાને લાભ લેવા માટે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રવિભાઈ રાણા શ્રી જયેશભાઈ દેસાઈ શ્રી રૂપમભાઈ સ્માર્ટ તેમજ ભદ્રેશભાઈ દ્વારા જાહેર જનતાનેઆમંત્રણ આપવામાં આવે છે.

# કામરેજ તાલુકાના ઘલા ગામે જુગાર રમતા ૭ ખેલી પકડાયા

## રૂા.૧૩.૭૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૩૧

કડોદરા તારીખ ૩૧ કામરેજ તાલુકાના ઘલા ગામમાં ચાલતા જુગાર ઉપર સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે દરોડા પાડી જુગાર રમતા સાત જણાની ધરપકડ કરી હતી પોલીસે સ્થળ ઉપરથી રૂ ૧૩૭૯૨૧૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો સુરત જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે આ દરોડા પાડવામાં આવ્યા હતા એલસીબી પોલીસે જુગાર રમતા ભુપત વલ્લભભાઈ ધડુક સરદ ભાઈ જીવનભાઈ ધડુક લશ્કર ભાઈ મનજીભાઈ સભાડીયા શું કે તું ભાઈ ધીરુભાઈ ડોબરીયા પરેશભાઈ દેવ સંગ ભાઈ સોતરી જા અરવિંદભાઈ ભૂરા ભાઈ ધડુક અશોકભાઈ ભોલાભાઈ વિરડીયાની ધરપકડ કરી હતી એલસીબી પોલીસે ઘટના સ્થળ પરથી દાવના રોકડા ૮૫૦ તથા અંગજરતી માંથી રોકડા રૂપિયા ૩૮૩૬૦ મલી ૩૯ ૨૧૦ ટાઢા મોબાઈલ નંગ ૭ કિંમત રૂપિયા ૪૦ હજાર તથા ફોરવીલ કાર નંગ ૨ કિંમત રૂપિયા ૧૩૦૦૦૦૦ સહિત તમામ મુદ્દા માલની કુલ લે કી રૂ૧૩૭૯૨૧૦ નો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી

# પૃથ્વી તત્વ પર નિર્ભર રહેલાં મલધાર ચક્રનાં બીજમંત્રનો જાપ કરી ધૈર્ય અને સ્થિરતા મેળવીએ

ચૈત્રી નવરાત્રીનાં બીજા દિવસે મા બ્રહ્મચારિણીને નમન કરીએ, અને આપણી આ કાલીઘેલી ભાષામાં આદરેલુ વ્રત સ્વીકારે એવી પ્રાર્થના કરીએ. ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે, અને હિન્દુ સનાતન ધર્મનું પણ નવું વર્ષ શરૂ થતું હોવાથી, સનાતન ધર્મનાં કેટલાયે સિદ્ધ પુરુષો, બુદ્ધ પુરુષો, અને ઋષિમુનિઓએ સમસ્ત વિશ્વમાં શાંતિનું વાતાવરણ બને, એ માટે પોતપોતાની રીતે અનુષ્ઠાનનો પ્રારંભ કરી દીધો હશે. આપણે પણ જીવ સહજ ભાવનાથી જરાક ઉપર ઉઠીએ તો સંસારી અને ભોગીની શ્રેણીમાંથી ઉપર ઉઠીને યોગી થવાં તરફ પ્રયાણ કરી શકાય, એ માટે આ કુંડલીની જાગરણની શાસ્ત્રીય રીતે સાત્વિક તાત્વિક જાણકારી અને એનો આપણે અમલમાં મૂકી શકાય એવો સરળ અર્થ કરી, અને આ ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાનનો આરંભ કર્યો છે. ભગવત ગીતામાં ભગવાન યોગ યોગેશ્વર કૃષ્ણએ પણ કહ્યું છે કે નિત્ય સંન્યાસી એ છે, જે પોતાને દરેક પરિસ્થિતિમાં સમ રાખી શકે! અને સમ રહી માનવ સહજ ઉદારતા, શૂરવીરતા, માનવતાવાદી, તેમજ સહિષ્ણુતાના ગુણોને ખીલવી જીવનને નિર્મળ અને પવિત્ર બનાવી શકે. આપણામાં આ ચારે ચાર ગુણ આજે પણ છે પરંતુ આપણી એને જોવાની દ્રષ્ટિ બદલાઈ ગઈ છે. ઉદાર આપણે અન્ય માટે બનવાનું હતું એની બદલે ખુદ માટે બની ગયાં. એટલે કે આપણી ભૂલોને ઉદારતાથી આપણે માફ કરી એ તરફ દુર્લક્ષ સેવ્યું! શૂરવીરતા એટલે કે દિન દરિદ્ર અથવા તો જેની સહાય કરવાની હતી, એ પરિવાર, સમાજ, કે દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના કેળવવાની હતી, પણ આપણે આપણી જરૂરિયાતનો જંગ ખેલતાં રહ્યાં! અને એટલે જ સતત હું અને મારું એમાં માનવતા પણ વિસરાઈ ગઈ! પોતાની જાત પર સંયમ રાખી સહિષ્ણુતા બતાવવાની હતી, પણ આપણે તો આપણા ધર્મ પર પ્રહારો થયાં છતાં સહિષ્ણુ બની તમાશો જોતા રહ્યાં! ખેર જે થવાનું હતું તે થઈ ગયું! પણ હજી પસ્તાવો થતો હોય અને યુગ નિર્માણ કે વૈશ્વિક શાંતિ કે પછી તૂટતી જતી પરિવાર વ્યવસ્થા બચાવવા માટે આપણાથી કંઈક થાય એવું જો ખરેખર ઈચ્છતા હોઈએ તો આ નવરાત્રિ એ ખુદ માટે કોઈ સિદ્ધીનો મનોરથ ત્યજીને મા જગદંબાને ચરણે જવું પડશે.

કુંડલીની જાગરણ એ યોગ અને તંત્ર વિદ્યાથી સિદ્ધ થતો ભારતીય અધ્યાત્મનો એક બહુ અભિભૂત કરનારો પ્રયોગ છે, પરંતુ એ જટિલ અધ્યાત્મ છે. એટલે કે સીધા સાદા દરેક સંસારી માનવીથી થાય એમ નથી. એની માટે અષ્ટાંગ યોગના દરેક અંગોનો અભ્યાસ જરૂરી છે. પરંતુ કુંડલિની જાગરણની વાત કરીએ તો પ્રાણાયામથી જ બતાવી છે, અને પ્રાણાયામમાં પણ અનલોમ વિલોમની જે સૌથી સરળ પ્રક્રિયા છે, એમાં પ્રેરક કુંભક અને રેચકનાં જે ત્રણ આયામ બતાવ્યા છે, એમાં કુંભક એટલે કે શ્વાસને અંદર ટકાવી રાખવાની જે ક્રિયા છે, એ જેટલી લાંબી ચાલે તેમ તેમ પ્રાણ ઊર્જાને સ્થિર કરી ઉપરની તરફ લઈ જઈ શકવામાં સફળ થાય ! આ એક સીધુ સાદુ અને દરેક જણ સમજી શકે એવું નિવેદન છે. આયામનો સીધોસાદો અર્થ કરીએ તો વિસ્તાર થાય, એટલે પ્રાણને આ ત્રણ મહત્વના મોડ પર લાવી એને ઉર્ધ્વ ગમન કરાવવાં ખેંચવાનો પછી રોકવાનો અને પછી ધીરેધીરે છોડવાનો! આ આખી પ્રક્રિયાને અનુલોમ વિલોમ કહેવામાં આવે છે, અને મૂલાધાર ચક્ર એટલે પહેલાં ચક્રથી આ પ્રાણ ઉર્જા કે પ્રાણ શક્તિને એક એક ચક્રમાંથી પસાર કરી છેક ઉપરના એટલે બ્રહ્મરંધ્ર સુધી લાવી સહસ્ત્રાર ચક્ર પર સ્થિર કરવી કે પછી અસ્તિત્વમાં રહેલ પરમ શક્તિ સાથે જોડી દેવી આ આખી જે સફર છે તેને અધ્યાત્મમાં કુંડલિની જાગરણ કહે છે. આપણે ગઈકાલે વાત કરી હતી તેમ કુંડલીની જાગરણની આખી યોગ પ્રક્રિયામાં સાત ચક્રો આવેલા છે, એમાંના પહેલા ચક્ર વિશેની પ્રાથમિકતા શું છે તે જોઈએ.

પરંતુ ચક્ર વિશે વાત કરીએ એ પહેલા ગઈકાલે જેમ આપણે વાત કરી હતી કે મનુષ્ય શરીરમાં ઓછામાં ઓછી ૭૨૦૦૦ નાડી હોય છે, અને એમાં ત્રણ નાડી એવી છે, કે જે આ કુંડલીની જાગરણ માટે મહત્વની છે, અને ઈડા પિંગળા અને સુષુમ્ણા એ આ ત્રણ નાડીના નામ છે. ઈડાને ચંદ્ર નાડી પિંગળાને સૂર્યનાડી અથવા બ્રહ્મનાડી કહેવામાં આવે છે. ચંદ્ર નાડી ઠંડી ઉર્જા એટલે કે નેગેટિવ ઉર્જા આપે છે, સૂર્યનાડી ઉષ્ણ એટલે કે પોઝિટિવ ઉર્જા આપે છે, અને જેમ ગંગા યમુના બે નદીના મિલન એટલે કે પ્રયાગે ત્રીજી નદી સરસ્વતી ઉદ્ભવે છે, એમ આ બંનેના અમુક અમુક ગુણ ભેગા થઈને ત્રીજી નાડી સુષુમ્ણા કે જે કરોડરજ્જુના ૩૩ મણકામાંથી પસાર થઈ અને મસ્તિષ્ક એટલે કે બ્રહ્મ રંધ્ર સુધી જાય છે. પરંતુ સુષુમ્ણા એ તેના નામ પ્રમાણે સુષુપ્ત હોય છે, અને મુલાધાર પાસે સર્પ જેમ કુંડલી મારીને બેઠો હોય એમ આ નાડીમાં આ શક્તિ કુંડલી મારીને બેઠી હોય છે, અને એને યોગ પ્રક્રિયાથી જગાડવાની હોય છે, અને એટલે અહી જાગરણ શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે.

મૂલાધાર ચક્ર : માનવ શરીરમાં ગુદા દ્વાર આસપાસ એટલે કે મૂલાધાર ચક્ર પેરીનિયમ પર સ્થિત છે, મલ દ્વાર અને જનન અંગો વચ્ચેની જગ્યા. આ શરીરનું સૌથી મૂળ ચક્ર છે. તેનો રંગ લાલ છે, અને ચાર પાંખડી વાળા કમળનું ચિન્હ બતાવાયું છે. આ ચક્રનો બીજ મંત્ર 'લં' છે અને પૃથ્વી તત્વથી બનેલું છે, તદ ઉપરાંત આ ચક્ર ના દેવતા ગણેશ છે. કુંડલિની જાગરણ કરવું હોય એ સાધક એ આ ચક્રનું ધ્યાન ધરીને આ આધ્યાત્મિક સફરની શરૂઆત કરવી જોઈએ. મૂલાધાર ચક્ર પૃથ્વી તત્વ અને વિવિધ ગંધ અંગેની ચેતના દ્વારા સૌથી વધારે શક્તિ પ્રાપ્ત કરે છે. તે કરોડરજ્જુ, મૂત્રાશય, કિડની, પગ અને પગના તળિયા ઉપરાંત સમગ્ર પ્રજનન તંત્રને નિયંત્રિત કરવાનું કામ કરે છે. મૂળ ચક્ર વ્યક્તિને સમજદાર બનાવે છે, અને તેના શારીરિક કદને જાળવી રાખે છે. પૃથ્વી તત્વનું બનેલું હોવાથી તે આપણને આધાર આપે છે અને આપણને ધારણ પણ કરે છે. શારીરિક અને માનસિક સંતુલન માટે આ ચક્રનું ધ્યાન બહુ ફાયદાકારક છે, પણ સાથોસાથ અસંતુલન પણ નુકસાનકારક છે. જમીન પર ખુલ્લા પગે ચાલવાથી આ ચક્રની શક્તિ કાર્યાન્વિત થાય છે, અને શારીરિક તેમજ માનસિક ઘણા ફાયદા થાય છે.

મુલાધાર ચક્રનો બીજ મંત્ર 'લં' છે અને આ મંત્રનો સતત આકાશ તરફ આંગળા રાખી સવાસનમાં સુતું કે સિદ્ધાસનમાં બેસવું. 'લં ' એ બીજમંત્રનો શાસ્ત્રીય અર્થ શું થાય છે, એમાં આપણે ન જઈએ, પણ 'લં ' શબ્દ બોલવામાં એ શબ્દ ધ્વનિ ને અંદર તરફ ગ્રહણ કરવામાં આવે છે. મૂલાધાર ચક્ર પૃથ્વી તત્વ પર નિર્ભર હોવાથી આ મંત્ર જાપ કરતી વખતે આપણે પૃથ્વી તત્વને એટલે કે એના સ્થિરતાને ગ્રહણ કરીને આધાર મજબૂત બનાવવાના હોય છે. આ ઉપરાંત આ ચક્રનાં દેવતા ગણેશ હોવાથી આ મંત્ર જાપથી વિવેક દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે અને! આપણાં જીવન માટે સાચું સારું, ખોટું ખરાબ તરફ નિર્દેશ કરી સંયમી બનાવે છે. તો આવો સરળ અર્થ કરી આપણે આ ચક્રનું ધ્યાન કરી શકીએ તો ઉત્તમ છે, પણ સાથે શું શું ગ્રહણ કરવું જોઈએ, અને શું શું ન કરવું, એનું ધ્યાન રાખીને જીવનને ઉત્તમ બનાવી શકાય, એ તરફ વિચારને પરિપક્વ બનાવી વિવેક દ્રષ્ટિની પુષ્ટિ કરી શકીએ તો પણ જાતને ધન્યવાદ દેવાં પડે, અથવા તો આપણી જાગરણની સાધના સફળ થઈ કહેવાય! અને એ વિવેક દ્રષ્ટિ જ આપણને અન્યમાં તેમજ સ્વયંમાં સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી કરાવીને સાચાં અર્થમાં માનવી બનાવશે. જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

### પહેલા પાનાનું ચાલુ
### ટ્રમ્પની બૉંબમારાની

આવ્યો છે જયારે અમેરિકા યમનમાં ઈરાન સમર્થિત હુતી બળવાખોરો પર હવાઈ હુમલા કરી રહ્યું છે.ત્યારે ઈરાનના પરમાણુ કાર્યક્રમને લક્ષ્ય બનાવીને લશ્કરી કાર્યવાહીનો ભય રહેલો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે જો ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અંગે તેમની સાથે સહમત નહી થાય તો ઈરાન પર બોંબમારો કરવામાં આવશે. આ સાથે તેમણે ઈરાન પર વધારાના ટેરિફ લાદવાની પણ વાત કરી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકેના તેમના પહેલા કાર્યકાળ દરમિયાન ઈરાન સાથેના પરમાણુ કરારમાંથી અમેરિકાને પાછું ખેંચી લીધું હતું. આ કરારમાં પ્રતિબંધોમાં રાહતના બદલામાં તેહરાનની વિવાદાસ્પદ પરમાણુ પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. આ કરાર સમાપ્ત થયા પછી ઈરાને યુરેનિયમનો વિશાળ જથ્થો સંગ્રહ કર્યો છે. ઈરાને બિન-પરમાણુ શક્તિઓ માટે નિર્ધારિત મર્યાદા કરતાં ઘણું વધારે યુરેનિયમ એકઠું કર્યું છે.

### ઈરાન બાદ યુક્રેનને

ઈનકાર કર્યોતો યુક્રેને તેના ખરાબ પરિણામો ભોગવવા પડશે.

ટ્રમ્પે આગળ કહ્યું કે, યુક્રેન નાટોનો સભ્ય બનવા માગે છે. પરંતુ તે ક્યારેય નાટોનો સભ્ય બની શકશે નહી. આ વાત તે પોતે પણ જાણે છે. ઝેલેન્સ્કીએ ૨૮ માર્ચે કહ્યું હતું કે, તે એવા ખનિજ કરાર પર હસ્તાક્ષર કરશે નહી, કારણકે તે યુક્રેનની યુરોપિયન સંઘમાં સામેલ થવાની યોજનામાં અડચણ ઉભી કરી શકે છે. યુક્રેન યુરોપિયન સંઘમાં પ્રવેશ માટે અડચણરૂપ યોજનાનો સ્વીકાર કરવા માગતુ નથી. પરંતુ અમે તેમને ખુલ્લી ચેતવણી આપીએ છીએ કે, તેઓ આ ડીલમાં પીછેહટ કરી શકશે નહી. ટ્રમ્પે વધુમાં રશિયાના પ્રમુખ પુતિનને પણ ચેતવણી આપી છે કે, કાં તો રશિયા યુક્રેન સાથેના યુદ્ધનો અંત લાવવા સહકાર આપે અથવા તો રશિયન ઓઈલ પર વધારાના ટેરિફનો સામનો કરવા તૈયાર રહે. પુતિન યુદ્ધના સીઝફાયરમાં સતત રોડાં નાખી રહ્યા છે. પુતિનના આ વલણથી અમેરિકા રશિયાના ક્રૂડ પર ૨૫થી ૫૦ ટકા વધારાનો ટેરિફ લાદી શકે છે.

### દેશભરમાં ઈદ

તમિલનાડુના ત્રિચીમાં મોટી સંખ્યામાં લોકોએ રસ્તાઓ પર નમાજ અદા કરી. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ઈદના કાર્યક્રમમાં ભાગ લેવા માટે પટનાના ગાંધી મેદાન પહોંચ્યા. દિલ્હીના પાર્લામેન્ટ સ્ટ્રીટ પર આવેલી મસ્જિદમાં ભાજપના નેતા શાહનવાઝ હુસૈને નમાજ અદા કરી હતી. ઉત્તર પ્રદેશમાં રસ્તા પર નમાજ પઢવા પર પ્રતિબંધ બાદ પોલીસ-પ્રશાસન એલર્ટ પર છે. આ અંગે ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલ ના પ્રમુખ મૌલાના તૌકીર રઝાએ રવિવારે કહ્યું હતું કે હું જ્યાં ઈચ્છું ત્યાં નમાજ અદા કરીશ, જોવ છું મને કોણ રોકે છે. આ મારો પણ દેશ છે. ઈસ્લામિક સેન્ટર ઓફ ઈન્ડિયાના પ્રમુખ મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહાલીએ રસ્તા પર નમાજ ન પઢવાની અપીલ કરી છે.

ઉત્તર પ્રદેશમાં સવારથી જ શહેરોથી લઈને ગામડાઓ અને ઘરોમાં મસ્જિદોમાં નમાઝ અદા કરવામાં આવી રહી છે. રાજ્યભરમાં લગભગ ૩૦ હજાર મસ્જિદો અને ૪૦ હજાર ઈદગાહોમાં ઈદ-ઉલ-ફિત્રની નમાજ માટે કડક સુરક્ષા વ્યવસ્થા છે. પ્રયાગરાજમાં ડ્રોન દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. વારાણસીમાં, જામા મસ્જિદ ભરેલી હોવાથી સીડીઓ પર નમાઝ અદા કરવામાં આવી હતી. મુરાદાબાદમાં રસ્તા પર એક પણ નમાઝી નથી.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ઈદ પર કોલકાતાની ઈદગાહ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું- અમે ધર્મનિરપેક્ષ છીએ. નવરાત્રી ચાલી રહી છે, આ માટે પણ હું તમને શુભેચ્છા પાઠવું છું, પરંતુ અમે નથી ઈચ્છતા કે રમખાણો થાય. સામાન્ય લોકો આવી બાબતોમાં સામેલ થતા નથી, ફક્ત રાજકીય પક્ષો જ કરે છે. તે શરમજનક છે. પહેલા 'લાલ' પાર્ટી બિનસાંપ્રદાયિકતા વિશે નિવેદનો આપતી હતી. અમે એકલા લડીશું. અમે બધા ધર્મો માટે અમારા જીવનનું બલિદાન આપવા તૈયાર છે. બહુમતીનું કર્તવ્ય લઘુમતીનું રક્ષણ કરવાનું છે અને લઘુમતીનું કર્તવ્ય બહુમતી સાથે રહેવાનું છે.

### ટેરિફથી બચવા

કરવા છતાં વિગતવાર ફોડ પાડયો ન હતો.અમેરિકી પ્રમુખે કહ્યું કે ઘણા દેશો સાથે વાતચીત કરી જ છે. બ્રિટન સહિત ઘણા દેશોએ ટેરિફ ટાળવા સંપર્ક કર્યો છે. આ બધા દેશો કરાર કરવા માંગે છે. જો કે, અમેરિકાને ફાયદો થવાનો હોય તો જ કરાર થશે અને તે માટે મારી તૈયારી છે. રેસીપ્રોકલ ટેરિફ લાગુ થવાની તારીખ ૨ એપ્રિલને આડે માંડ ત્રણ દિવસ બાકી રહ્યા છે અને દુનિયાભરના દેશોના જીવ ઉચ્ચક છે તેવા સમયે ટ્રમ્પના વિધાનો સૂચક છે.

### સોનાના ભાવમાં

ક્ષેત્રમાં તીવ્ર પ્રત્યાઘાતો પડવાની આશંકા વ્યકત થતી હતી.આ સિવાય રશીયા-યુક્રેન યુદ્ધનો અંત આવતો નથી ત્યારે અમેરિકાએ ઈરાન સામે મોરચો ખોલતા બન્ને દેશો વચ્ચે હાકલા પડકારા શરૂ થયા છે. તેની પણ અસર હતી. કોમોડીટી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સોનાના ભાવમાં ચાલુ કેલેન્ડર વર્ષનાં પ્રથમ ત્રણ મહિનામાં ૧૮ ટકાનો ભાવ વધારો થઈ ગયો છે. વૈશ્વિક ઘટનાક્રમો વચ્ચે ઈન્વેસ્ટરો સોનાનો હેજ તરીકે ઉપયોગ કરવા લાગ્યા છે.

આ પુર્વે ચાલુ માસના પ્રારંભે જ સોનાના ભાવોએ ૩૦૦૦ ડોલરની સપાટી વટાવી હતી. તેના આધારે ભૌગોલીક ટેન્શન, આર્થિક અનિશ્ર્ચિતતા તથા ફૂગાવાના ખતરા જેવા કારણોનો ગભરાટ હોવાનું માલુમ પડયુ હતું.

સોનામાં એકધારી તેજીને પગલે બેંકો તથા એજન્સીઓ સોનાનાં ભાવનો ટારગેટ વધારવા લાગી છે. ચાલુ માટે અગાઉ ૩૧૦૦ ડોલરનો ટારગેટ મુકાયો હતો. તે હવે ૩૩૨૦ ડોલરનો કરી દેવાયો છે. વૈશ્વિક કટોકટી થાય તે સોનાને સેફ હેવન જ ગણવામાં આવે છે. અને હેજ તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. બેંક ઓફ અમેરિકા, યુબીએસ, તથા ગોલ્ડમેન સારશ દ્વારા ભાવનો ટારગેટ વધારી દેવાયો છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ૨૦૨૩ ના અંતથી સોનાના ભાવમાં તેજીનો દોર થયો છે અને હજુ તે ચાલુ છે. સોનામાં રોકાણ પ્રત્યે કયારેય નહિં આકર્ષાયેલા દુનિયાના નંબર વન ઈન્વેસ્ટર વોરેન બફેટ જેવા લોકોની પણ આંખો પહોળી થઈ ગઈ છે. એક વર્ષમાં સોનામાં ૩૮ ટકાનું વળતર મળ્યુ છે. દર ત્રીજા દિવસે ભાવ નવી ઉંચાઈએ પહોંચે તેવુ ભાગ્યે જ બનતુ હોય છે. દુનિયાભરમાં સર્જાયેલા અનિશ્ચિત માહોલ તથા ઉચાટનું ચિત્ર સ્પષ્ટ નહિં થાય ત્યાં સુધી સોનામાં તેજીનો માહોલ યથાવત જ રહી શકે તેમ છે. સોનાનો આંતર રાષ્ટ્રીય ભાવ ૩૧૦૦ ડોલરને વટાવી ગયો હતો.ઘર આંગણે પણ નવી ઊંચાઈએ પહોંચ્યો હતો. રાજકોટમાં હાજર સોનું ૯૩૦૦૦ ને પાર થયુ હતું. પ્રતિ ૧૦ ગ્રામ રૂા.૬૦૦ ના ઉછાળાથી ૯૩૧૦૦ થયુ હતું.

### બાકી ફી

પહોંચી, ત્યારે તેને પરીક્ષામાં બેસવા દેવામાં આવી નહી અને ઘરે પાછા ફરવાનું કહેવામાં આવ્યું. પીટીઆઈના સમાચાર અનુસાર, ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આ સમય દરમિયાન શાળા પ્રશાસને વિદ્યાર્થીનું અપમાન કર્યું. વિદ્યાર્થીની માતાએ કોલેજ મેનેજર સંતોષ કુમાર યાદવ, પ્રિન્સિપાલ રાજકુમાર યાદવ, સ્ટાફ સભ્ય દીપક સરોજ, પટાવાળા ધનીરામ અને અન્ય એક શિક્ષક પર તેનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે. ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે કોલેજના સ્ટાફે તેમની પુત્રીનું ભવિષ્ય બરબાદ કરવાની ધમકી આપી હતી. આનાથી દુઃખી થઈને, તેની પુત્રી ઘરે પાછી આવી અને તેના રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી. સ્થાનિક મીડિયા અનુસાર, માતાએ કહ્યું કે જ્યારે તેની પુત્રી પરીક્ષા આપવા ગઈ હતી, ત્યારે તે ખેતરોમાં કામ કરવા ગઈ હતી. પરંતુ જ્યારે તે ઘરે પાછી આવી ત્યારે તેણે જોયું કે તેની પુત્રીએ આત્મહત્યા કરી લીધી છે.

### મોબાઈલ નંબર

તમારો મોબાઈલ નંબર નથી વાપરતા તો ટેલિકોમ કંપની તે નંબર કોઈ બીજાને આપી શકે છે. આનો અર્થ એ છે કે જો તમે જૂના મોબાઈલ નંબર સાથે UPI લિંક કર્યું છે અને તે નંબર સ્વિચ ઑફ છે, તો તમારું UPI ID પણ કામ કરશે નહી. એટલે કે તમે UPI સેવાઓનો ઉપયોગ કરી શકશો નહી. ૧ એપ્રિલથી, બેંકો અને UPI એપ્સ અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત ગ્રાહકોના મોબાઈલ નંબર રેકોર્ડની તપાસ કરશે અને અપડેટ કરશે, જેથી બદલાયેલા મોબાઈલ નંબરને કારણે ખોટા વ્યવહારો ન થાય. બેંકમાં તમારો મોબાઈલ નંબર અપડેટ કરવો જેથી UPI સેવાઓ કાર્યરત રહે. જો નંબર તાજેતરમાં બદલાયો છે, તો ટૂંક સમયમાં બેંકમાં નવા નંબરની નોંધણી કરાવી. બેંક રજિસ્ટર્ડ નંબરનો ઉપયોગ કરવાનું ચાલુ રાખવો જેથી કરીને તે બંધ ન થઈ જાય અને UPI સેવાઓને અસર ન થાય. NPCIએ તાજેતરમાં છેતરપિંડી ઘટાડવા માટે કલેક્ટ પેમેન્ટ સુવિધાને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. હવે આ સુવિધા માત્ર મોટા અને વેરિફાઈડ વેપારીઓ સુધી જ સીમિત રહેશે. વ્યક્તિગત વ્યવહારોમાં તેની મર્યાદા ઘટાડીને રૂ. ૨,૦૦૦ કરવામાં આવશે.

### ભારતમાં શક્તિ

ન કરી શકાય કે એક ફોલ્ટની સક્રિયતા કોઈ બીજા ફોલ્ટને ટ્રિગર કરી દે. લાંબા સમયથી ભૂકંપો પર સંશોધન કરી રહેલા પ્રો.જાવિદ મલીકે કહ્યું હતું કે સગાઈન ખૂબ જ જુનો ફોલ્ટ છે. નોર્થ ઈસ્ટનો 'શિયર ઝોન' અરાકાનથી લઈને આંદામાન અને સુમાત્રા સબડકશન ઝોનનો ભાગ છે. સગાઈન ફોલ્ટ જમીનની ઉપર દેખાય છે. સાગાઈન પર જાપાની અને યુરોપીયન વિશેષજ્ઞોએ કામ કર્યું છે. અધ્યયનમાં જાણવા મળ્યુ છે કે અહી ભૂકંપોની આવૃતિ ૧૫૦-૨૦૦ વર્ષ છે.ચીનમાં ભૂકંપની તીવ્રતા ૭.૯ બતાવાઈ છે. અમેરિકાની તુલનામાં ચીની આંકડો વધુ વિશ્વસનીય લાગે છે.

### ભૂકંપગ્રસ્ત

થયું. ભૂકંપની અસર ફક્ત મ્યાનમાર સુધી મર્યાદિત ન હતી, પરંતુ તે પડોશી દેશ થાઈલેન્ડ સુધી પહોંચી હતી, જ્યાં બેંગકોકમાં ૧૭ લોકો માર્યા ગયા હતા. ભૂકંપ પછી ઘરની અંદર રહેવું અસુરક્ષિત બની ગયું હોવાથી મંડલેના મોટાભાગના રહેવાસીઓએ શુક્રવારની રાત શેરીઓમાં વિતાવી. લોકો સતત આફ્ટરશોક્સથી ડરતા હતા, જેના કારણે અસ્થિર ઈમારતો ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે. રવિવારે ૫.૧ ની તીવ્રતાનો બીજો ભૂકંપ અનુભવાયો હતો, જેનાથી રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા લોકો પણ ગભરાઈ ગયા હતા. મ્યાનમારમાંથી મળેલી સેટેલાઈટ છબીઓ દર્શાવે છે કે ભૂકંપથી એરપોર્ટ, હાઈવે અને પુલ સહિત અનેક મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન થયુંછે, જેના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અવરોધ ઉભો થયો છે. ભૂકંપથી નેપીડો આંતરરાષ્ટ્રીય વિમાનમથકને ખાસ કરીને ભારે નુકસાન થયું હતું, જેના કારણે ભારત અને ચીનની બચાવ ટીમો સીધા માંડલે અને અન્ય અસરગ્રસ્ત શહેરોમાં લઈ જઈ શકી ન હતી. ઈનવા પુલ પણ તૂટી પડ્યો, જેના કારણે ઈરાવદી નદી પાર કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ.

ખરાબ રસ્તાઓ, તૂટેલા પુલો અને ખોરવાયેલા સંદેશાવ્યવહારને કારણે રાહત કાર્યમાં અવરોધ આવી રહ્યો છે. વધુમાં, દેશમાં ચાલી રહેલા ગૃહયુદ્ધને કારણે રાહત કાર્ય પર પણ અસર પડી છે. સ્થાનિક રહેવાસીઓ કોઈપણ ભારેસાધનો વિના ૪૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં કાટમાળ દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મ્યાનમારના શાસક જુન્ટાએ રવિવારે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧,૭૦૦ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૩,૪૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે અને ૩૦૦ લોકો ગુમ છે. જોકે, આ દુર્ઘટનાનું સાચું પ્રમાણ હજુ સ્પષ્ટ નથી. એવો અંદાજ છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. જુન્ટાના વડા મીન આંગ હ્લેઈંગે આંતરરાષ્ટ્રીય સહાયની અપીલ કરી છે, જે સામાન્ય રીતે મ્યાનમારમાં દુર્લભ છે. અગાઉની લશ્કરી સરકારોએ મોટી કુદરતી આફતો પછી પણ વિદેશી સહાયનો ઈનકાર કર્યો હતો.

ભૂકંપની અસર થાઈલેન્ડ સુધી પહોંચી, જ્યાં શુક્રવારે બેંગકોકમાં નિર્માણાધીન ૩૦ માળની ઈમારત ધરાશાયી થઈ. રવિવાર સુધીમાં, બચાવ ટીમોએ કાટમાળમાંથી ૧૭ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા, જ્યારે ૮૩ લોકો હજુ પણ ગુમ છે. ૩૨ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઘણાની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

### હવે બાળકોના

હતી. જો કે, તેમાં ચેટની સંપૂર્ણ સામગ્રી હશે નહી, જેથી યુઝર્સની ગોપનીયતા જળવાઈ રહે.

આ ટેક પ્લેટફોર્મે બાળકોની ચિંતાઓને ધ્યાનમાં રાખીને આ પગલું ભરવામાં આવ્યું છે. તેમાં ચેટબોટ્સ સાથે વધુ સમય પસાર કરવા અને ખરાબ સામગ્રી જોવા વિશે જોવામાં આવશે. તાજેતરના મહિનાઓમાં, કંપની સામે ઘણા કેસ દાખલ કરવામાં આવ્યા છે,

જેમાં આરોપ છે કે કેટલાક ચેટબોટ્સ અયોગ્ય ઉપયોગ કરે છે અથવા નુકસાનકારક જવાબો આપ્યા. અહેવાલો અનુસાર, Apple અને ગૂગલએ પ્લેટફોર્મને તેની નીતિ પર કડક બનવાની ચેતવણી પણ આપી હતી.

કંપનીએ ગયા વર્ષથી ટીનેજ યુઝર્સ માટે ઘણા સેફ્ટી અપગ્રેડ કર્યા છે. હવે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના યુઝર્સ અલગ AI મોડલ પર ખસેડવામાં આવ્યા છે, જે સંવેદનશીલ કન્ટેન્ટથી બચે છે. વધુમાં, પ્લેટફોર્મ પર એક સૂચના પણ આપવામાં આવે છે કે, આ ચેટબોટ્સ વાસ્તવિક માનવો નહી. પેરેંટલ ઈનસાઈટ્સ સુવિધા સંપૂર્ણપણે વૈકલ્પિક છે અને તેને Character.AI ના સેટિંગ્સમાં સક્રિય કરી શકાય છે. તેને ઍક્સેસ કરવા માટે માતાપિતાએ એકાઉન્ટ બનાવવાની જરૂર રહેશે નહી. aI ચેટબોટ્સને લઈને સતત પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે અને વિવિધ દેશોમાં નવા નિયમો પણ લાગુ કરવામાં આવી રહ્યા છે.

આવી સ્થિતિમાં, Character.AI ના આ નવા ફીચરને એક પગલું આગળ ગણી શકાય, પરંતુ તે છેલ્લો ફેરફાર નહી હોય. આવનારા સમયમાં છૈં કંપનીઓને યુઝર સેફ્ટીને લઈને વધુ કડક નિયમોનો સામનો કરવો પડી શકે છે.

### મહિનાઓ પૂર્વે
### પેજ-૨ પાનાનું ચાલુ

થી મુક્તિ આપવામાં સરકાર અને ઓથોરિટી ને રસ નથી આ માટે શ્રમિક કામદારો પોતાના ઘરથી રોજગાર સ્થળે જવા માટે બ્રિજ બન્યો છે તેની નીચે પસાર થવાના પ્રયત્ન કરેલ છે અને જેના કારણે અકસ્માત થી ગરીબ શ્રમિક કામદારનું અકસ્માતથી મૃત્યુ થયેલ છે જેમાં તેમના પરિવારજનોને ખૂબ મોટી ખોટ પડી છે કોંગ્રેસ પાર્ટી આ ઘટના માટે જો કોઈ જવાબદાર હોય તો તે નેશનલ હાઈવે ઓથોરિટી છે એવું અમારું આક્ષેપ છે એવું અમારું આક્ષેપ છે અને એને જવાબદાર કેમ ન ઠરાવો જોઈએ એવું અમારું પ્રશ્ન છે આ બાબતે અમારી લડાઈ હવે આ બાબતે જો નેશનલ હાઈવે એથોરિટી ઝડપથી નિર્ણય ના લે તો અમે જલદ થી આંદોલન કરીશું.

### અંકલેશ્વર પ્રાચીન
### પેજ-૨ પાનાનું ચાલુ

ભક્તો માતાજીની આરાધના કરે છે. આસો અને ચૈત્રી નવરાત્રીનું વિશેષ મહત્વ રહ્યું છે.જેમાં માતાજીની આરાધના અનુષ્ઠાન માટે ચૈત્રી નવરાત્રીનું ભક્તોમાં ધાર્મિક મહાત્મ્ય વધી જાય છે.ત્યારે અંકલેશ્વર શહેરના ચૌટા બજાર ખાતેના પૌરાણિક શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં પ્રાચીન અંબા માતાનું મંદિર પણ છે,જે મંદિરનો જીર્ણોદ્ધાર ૫૮ વર્ષ પહેલા કરવામાં આવ્યો હતો,નવરાત્રી દરમિયાન આ મંદિરમાં ભક્તો મોટી સંખ્યામાં અંબાજી માતાના દર્શનનો લ્હાવો લઈને ધન્યતા અનુભવે છે.અને માતાજી સૌ ભક્તોની મનોકામના પૂર્ણ કરતા હોવાની પણ માન્યતા છે.

### સુરતના શિવાજી
### પેજ-૨ પાનાનું ચાલુ

કરી હતી. દરેક સમાજની સાથે લઈને જાતી, જ્ઞાતિ કે રંગ ભેદભાવથી ઉપર ઉઠી સમાજમાં સમરસતા લાવવા અને તેની શરૂઆત પોતાના કુટુંબના પ્રબોધનથી કરવા અંગે પણ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણીઓ સહિત કુલ ૩૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત
### ઓનલાઈન

જતા માત્ર એક મહિનામાં પ્રોફિટના બદલે લાખો રૂપિયા ગુમાવતા આખરે આ ખેડૂતને દવા પીવાનો વારો આવ્યો હતો જેનું સારવાર દરમિયાન મુત્યુ થયું હતું.

માંડવી પોલીસના જણાવ્યા મુજબ માંડવી તાલુકાના ગોદાવાડી ગામ નવી ચાલી ફળિયામાં રહેતા ખેડૂત અજયભાઈ બાબરભાઈ પટેલ (ઉંમર વર્ષ ૩૮) છેલ્લા એક મહિનાથી મોબાઈલમાં એવિએટર નામની ઓનલાઈન ગેમમાં વધુ રૂપિયા કમાવવાની લાલચમાં આખરે ત્રણેક લાખ રૂપિયા નાખ્યા હતા. જેમાં કોઈ નફો નહી થતાં ત્રણ લાખ રૂપિયા હારી જતા ટેન્શનમાં આવી જઈ ગત તા. ૨૭મીએ ગોડસંબા ગ્રાઉન્ડ ખાતે ઘાસમાં નાખવાની નામની દવા પી જતા સારવાર માટે આત્મીય મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ માંડવી ખાતે સારવાર આપવામાં આવી હતી. જ્યાંથી સુરત પીપલોદ ખાતે આવેલ બેન્કસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન અજયભાઈ બાબરભાઈ પટેલ નું મૃત્યુ થયું હતું. માંડવી પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે

### પોલીસે હાઈવે પર

અમદાવાદ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ સાબર હોટલ ની સામે પટેલ સ્ટીલ પાસે રોડ ઉપર નાકાબંધી કરી હતી ત્યારે વર્ણન વાલો ટ્રક આવતા તેને રોકી ચેક કરતા ટ્રક માંથી વિદેશી દારૂ નો જથ્થો મળી આવ્યો હતો પોલીસે ટ્રક ચાલક રામ જીવન સદ રામ બિશ્નોઈ રહે તાલુકો ગુડા માલાણી જિલ્લો બાડમેર રાજસ્થાન ની ધરપકડ કરી હતી તેમજ પોલીસે મુદ્દા માલ ભણાવનાર મનોજ બિસ્નોઈ તથા અશોક બિશ્નોઈ તેમજ અન્ય એક ઈસમ ને વોન્ટેડ જાહેર કર્યો હતો પોલીસે ૭૭ ૭૬ બોટલ વિદેશી દારૂ કિંમત રૂપિયા ૧૬૪૯૩૫૨ તથા ટ્રક કિંમત રૂપિયા ૧૦૦૦૦૦૦ તથા એક નંગ મોબાઈલ તથા રોકડા ૧૬૦૦ મળી કુલ્લે રૂપિયા ૨૬૫૫૯૫૨ નો મુદ્દા માલ કબજે કર્યો હતો

### બે-ત્રણ દિવસમાં

છે. હવામાન વિભાગ દ્વારા મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન દરિયાની પવનો તેજ ગતિએ ફુંકાવા સાથે હળવો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ૩૦ થી ૪૦ કિ.મીની ઝડપે પવન ફુંકાવા સાથે વાતાવરણમાં પલ્ટો આવશે અને સુરત સહિત દ.ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારોમાં માવઠું આવી શકે છે. સામાન્ય રીતે ઉનાળાની ઋતુમાં માવઠુ આવતું હોય છે ત્યારે આ સિઝનમાં પણ હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી છે. દરમિયાન આજે સુરત શહેરનું સવારનું લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતા એક ડિગ્રી વધીને ૨૩.૭ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગઈકાલે તાપમાનનો પારો ૩૮ ડિગ્રી સેલ્સિયસ ઉપર પહોંચી જતા શહેરીજનોએ કાળઝાળ ગરમીનો સામનો કર્યો હતો. જોકે મોડી સાંજે પવનની ગતિ પ્રતિ કલાક ૮ કિ.મીની ઝડપે નોંધાતા સાંજે થોડી રાહત રહી હતી.

### મહેશ્વરી ભવનના

દરમિયાન એક્ઝીબીશનમાં અન્ય મહિલાઓ પણ હાજર હોય આ તકનો લાભ લઈ એક અજાણી અંદાજે ૫૦ વર્ષિય મહિલા એક્ઝીબીશનમાં પ્રવેશી ગઈ હતી. અલ્કા ગુપ્તા એક્ઝીબીશનમાં ફરી રહી હતી તે સમયે તેની નજર ચુકવીને અજાણી મહિલા અલ્કા ગુપ્તાના પર્સમાંથી રોકડા રૂ.૧૦ હજાર તફડાવી લીધા હતા. પર્સમાંથી રોકડ ચોરી થઈ હોવાની જાણ થતા આ મામલે અલ્કા ગુપ્તાએ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી કેમેરાને આધારે ચોરી કરનાર મહિલાને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી.

### રાંદેર રોડ પર

ગાડીઓ તથા ફાયર જવાનોને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને પાન સિગરેટની દુકાનમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગને કારણે પાન ,,સિગરેટ અને વાયરીગ બળીને રાખ થઈ ગયું હતું.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૩૧ માર્ચ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## ઓનલાઇન એવીએટર નામની ગેમમાં લાખો રૂપિયા ગુમાવતા માંડવીના ખેડૂતનો આપઘાત

### ઓનલાઇન એવીએટર નામની ગેમમાં લાખો રૂપિયાની કમાણી હોવાના વ્યાપક પ્રચારની લાલચમાં અનેક લોકો બરબાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૩૧**

અત્યારે મોબાઈલથી બે દૂષણો સમાજમાં ઘૂસી ગયાં છે તેમાંનું એક છે પોર્નોગ્રાફી અને બીજું છે ઓનલાઇન ગેમિંગ. ભારતમાં ઓનલાઇન ગેમિંગ માર્કેટ અઢી અબજ ડોલરનું છે. ઓનલાઈન ગેમમાં પૈસા ઊછળવા લાગ્યા છે ત્યારે તેના પર ઓનલાઈન જુગારનું લેબલ પણ વાગી ગયું છે. ઓનલાઈન ગેમ્બલિંગ પ્લેટફોર્મ પર ગેમ્સના રવાડે ચઢેલા લોકો તો બરબાદ થાય છે સાથે સાથે પરિવારને પણ બરબાદીનો ભોગ બનવું પડે છે હવે ઓનલાઈન ગેમના રવાડે ચડેલા લોકો આત્મહત્યા કરતા પણ થઈ ગયા હોવાની ગંભીર ઘટનાઓ બની રહી છે તાજેતરમાં સોશિયલ મીડિયામાં વ્યાપક બનેલી એવિએટર ગેમે એક વ્યક્તિનો ભોગ લીધો હોવાની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે સોશિયલ મીડિયામાં ઓનલાઈન એવીએટર નામની ગેમમાં લાખો રૂપિયાની કમાણી હોવાના વ્યાપક પ્રચારથી લાલચમાં આવી માંડવીના એક ખેડૂતને મોબાઈલ એવીએટરના ગેમની આદત પડી

અનુસંધાન પાના ૭ પર



રમઝાન માસ દરમિયાન ગઈકાલે રવિવારે મોડી સાંજે સવ્વાલ મુકરરમનો ચાંદ દેખાતા મુસ્લિમ બિરાદરો દ્વારા આજે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી હર્ષોલ્લાસભેર કરવામાં આવી હતી. પવિત્ર રમઝાન માસની પૂર્ણહૂતિ સાથે આજે વહેલી સવારે સુરતના અનેક વિસ્તારોમાં આવેલી ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા સામુહિક નમાઝ બાદ એક બીજાને રમઝાન ઈદની મુબારક બાદી પાઠવી હતી. રાંદેર-મોરાભાગળ ખાતે થયેલી નમાઝની આ તસ્વીર છે. (તસ્વીર : હનીફ મલેક)

## પોલીસે હાઈવે પર નાકાબંધી કરી દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો

### પલસાણામાંથી રૂા.૧૬.૪૯ લાખનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

**(પ્રતાપ પ્રતિનિધિ), કડોદરા, તા.૩૧**

પલસાના ના માખીગા ગામની સીમના નેશનલ હાઈવે નંબર ૪૮ પર કન્ટેનરમાંથી આંતર રાજ્ય વિદેશી દારૂનું નેટવર્ક નો સુરત ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો હતો પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી હતી જ્યારે ત્રણ ને વોન્ટેડ જાહેર કર્યા હતા એલસીબી પોલીસે એક ગાડી કબજે કરી રૂપિયા ૧૬૪૯૩૫૨ ની કિંમત ના દારૂ ના જથ્થા સાથે કુલ રૂપિયા ૨૬૫૫૯૫૨ નો મુદ્દા માલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી પ્રાપ્ત વિગત અનુસાર સુરત જિલ્લા એલસીબી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેઓને ખાનગી રહે બાતમી મળી હતી કે એક ટાટા કંપનીના ૧૨ ૧૨ એલ પી ટી કન્ટેનર નંબર કે એ ૨૫ એ બી ૫૫ ૩૬ નો ચાલક તેના કબજા ના કન્ટેનરમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ભરી મુંબઈ તરફથી આવી રહેલ છે અને વડોદરા તરફ જનાર છે જે બાતમી ના આધારે પોલીસે મોજે માખીગા ગામની સીમમાં મુંબઈ થી

અનુસંધાન પાના ૭ પર

## બે-ત્રણ દિવસમાં માવઠાની વકી સાથે સુરતના તાપમાનમાં વધારો

### સુરતમાં આજે વહેલી સવારે ૨૩.૭ ડિગ્રી ઊંચુ તાપમાન નોંધાયું

**(પ્રતાપ પ્રતિનિધિ)સુરત, તા. ૩૧**

પવનની ગતિ વધવા સાથે તેના પ્રવાહમાં ફેરફાર થવાને કારણે આગામી બે ત્રણ દિવસમાં હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દ.ગુજરાતમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. વાદળ છવાયા વાતાવરણ વચ્ચે દ.ગુજરાતમાં માવઠુ પડી શકે છે. માવઠાની આગાહી છે ત્યારે કેરીનો પાક તૈયાર થઈ ગયો હોય ખેડૂતોમાં પણ ચિંતા જોવા મળી

અનુસંધાન પાના ૭ પર

## મહેશ્વરી ભવનના પ્રદર્શનમાંથી મહિલાના રોકડા ૧૦ હજાર ચોરાયા

### અજાણી મહિલા પર્સમાંથી રોકડ રકમ તફડાવી ફરાર

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૩૧**

સિટી લાઈટ મહેશ્વરી ભવન ખાતે યોજાયેલા કિચન યુટેન્સીલ્સ નામના પ્રદર્શનમાં ગયેલી ૩૫ વર્ષિય મહિલાની નજર ચુકવી એક અજાણી મહિલા પાકીટમાંથી રોકડા રૂ.૧૦ હજારની ચોરી કરી ગઈ હોવાની ફરીયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઉમરા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર ન્યુ સીટીલાઈટ રોડ ચાઈનાગેટ બસ સ્ટેની સામે રત્નવિરાટ એપાર્ટમેન્ટમાં રહેતી અલ્કા વિકાસ ગુપ્તા ગઈકાલે સાંજે ૭ વાગ્યાની આસપાસ સિટીલાઈટ મહેશ્વરી ભવન ખાતે એ ગ્લાસ મ્યુઝીયમ કીચન યુટેન્સીલ્સ નામનું પ્રદર્શન નિહાળવા માટે ગઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

## રાંદેર રોડ પર પાનની દુકાનમાં આગ લાગી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૩૧**

રાંદેર રોડ નવયુગ કોલેજ પાસે આવેલ એક પાનની દુકાનમાં આજે સવારે શોર્ટસર્કિટ થતા આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, રાંદેર રોડ નવયુગ કોલેજ bank of baroda , શંખેશ્વર પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ પાસે વરાછાના રહેવાસી એવા રાજનભાઈ ની પાનની દુકાન આવેલી છે. આજે સવારે ૬:૦૦ વાગ્યાના અરસામાં પાન સિગરેટ ની દુકાન મા આગ લાગી હતી. શોર્ટસર્કિટના કારણે લાગેલી આગની જાણ ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમને કરવામાં આવતા મોરાભાગલ ની ફાયર ની

અનુસંધાન પાના ૭ પર

## યુએમ રોડ ગાંધી કુટીર પાસે પ્લાયના ગોડાઉનમાં આગ

### આગમા મશીનરી, લાકડા તથા પ્લાયવુડનો જથ્થો ભસ્મીભૂત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૩૧**

ઉધના મગદલ્લા રોડ ગાંધી કુટીર પાસે આવેલ એક પ્લાય ના ગોડાઉનમાં આજે સવારે કોઈક કારણોસર આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉધના મગદલ્લા રોડ, ગાંધી કુટીર અંબિકા નગર વિભાગ એક પ્લોટ નંબર ૭૯, માં ઈશ્વરભાઈ ગોપીભાઈ સુથાર નું પ્લાય નુ ગોડાઉન આવેલું છે. આજે સવારે સાડા છ વાગ્યાના અરસામાં પ્લાય ના ગોડાઉનમાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમ ને કરવામાં આવતા મજુરા ,માનદરવાજા અને ઉધના ફાયર સ્ટેશન ની મળી કુલ ત્રણ ગાડીઓ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. જ્યાં તેઓએ પાણીનો છંટકાવ કરીને પ્લાય ના ગોડાઉનમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગળને કારણે મશીનરી, લાકડાનો જથ્થો, ફર્નિચર અને વાયરીગ બળીને ખાક થઈ ગયું હતું.. સદભાગ્યે આ બનાવમાં કોઈને જાનહાની થઈ ન હતી.

